


સાગરને ખૂણે · કૃષ્ણલાલ ભટ્ટ

કુમાર

૧૭૭મો અંક

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માસિક

તંત્રી · રવિશંકર રાવળ · સંપાદક · બચુભાઈ રાવત · વર્ષ ૧૫ · અંક ૯ · ભાદરવો ૧૯૯૪

કુમાર

ભાદરવો — ૧૯૯૪ — અંક ૧૭૭

મુદ્રક · બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક · રવિશંકર રાવળ કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક લવાજમ રૂ. ૬, પરદેશના ૧૨ શિ.; છ માસિક લવાજમ રૂા. ૩; છુટક નકલના ૧૦ આના. મુંબાઇના એજન્ટો · આર.આર. શેઠની કંપની, અને સી. જમનાદાસની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ. જાહેરખબરના સોલએજન્ટ રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ

કુમારમાંનાં સર્વ લખાણો ચિત્રો અને ફોટો કૉપીરાઈટથી રક્ષિત છે



અજવાળી રાત

માનવહૈયામાં રસ, કલ્પના ને સૌન્દર્યનું જે સામ્રાજ્ય સરજે છે તેના કાવ્યમય આહ્લાદમાં ઉમેરો કરતી આપણી લોકવાર્તાઓ આપણાં પુરાણા સાહિત્યનો અમર વૈભવ છે.

●

અજવાળી રાત

એ નામથી હમણાં જ બહાર પડેલા પુસ્તકમાં એવી પંદર તિથિઓ સમી પંદર રસભરી ચુનંદી વાર્તાઓ સંઘરી છે.

●

બાળકો, વૃદ્ધો, કુટુંબનાં સ્ત્રીજનો કે ગ્રામજનો—હરકોઇ વાચકને પોતાના વાચનરસમાં ખેંચી રાખે એવી, વિચાર ને વિનોદ આપનારી વાતો. કુમારના કદનાં ૧૫૦ પાના.

•

ગુજરાતના અગ્રગણ્ય તરુણ ચિત્રકારોનાં વિવિધરંગી ચિત્રો

•

ઊંચા ફેધરવેઈટ કાગળ, સુંદર બેરંગી પાકું પૂઠું · ઉત્તમ રૂપરંગ કીં. બે રૂપિયા · પોસ્ટેજ જુદું

કુમાર કાર્યાલય

ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ







ઉપર: 'સન્ધ્યા સોડે'—રણછોડભાઇ મિસ્ત્રી (નડીઆદ) પહેલું ઈનામ;
નીચે: 'રખેવાળીઆ'—જે. પી. વારા (જામનગર) બીજું ઈનામ;
જમણી બાજુ: 'સૂર્યમુખી'—હાસમ સુતાર (નડીઆદ) ત્રીજું ઈનામ.



તુલસીને પાણી
ચિત્રકાર • ત્રિગુણાતીત પચોળી
(ગૂજરાત કલાસંઘ ચિત્રશાળા)

પાથેય

• વસંતતિલકા •


નાના ઉરે શિશુ તણા અનભિજ્ઞ મુગ્ધ
તારો અવાજ શ્રવણે કદી તો પડ્યો'તો,
ના આટલો ઉરતલે તવ તો અડ્યો'તો,
ના પારખેલી તવ વાણ હતો અબૂધ.

આજે પરંતુ ચઢી આયુ તણી અટારી
પેખી રહ્યો યદિ હું જીવનની ક્ષિતિજ
ત્યારે ય એ જ ગરવી વરદા સિતારી
આમંત્રણે મધુરવા ઝણકયે જતી જ.

સીમા વિલોપી સ્થળકાળની પારનાં એ
સત્યો તણાં ક્ષિતિજ–દર્શન–ઈપ્સુ પ્રાણે,
ના જાણું રેલી રહી કોણ દિશાદિશાએ
છેડે સિતાર પ્રબલા અનિરુદ્ધ ગાણે.
પાથેય કિન્તુ લઈ એટલું હું પ્રયાણે
પૂરાં કરીશ મુજ પંથ, વિરાટ યાત્રા.

પિનાકિન્ ઠાકોર





અમેરિકન કુમારોનો પત્રવ્યવહાર (આગળ)

● આ બધો પત્રવ્યવહાર હજુ તો જુદાજુદા પ્રવાસમાં ફરતો જ રહ્યો છે પછીથી જેમણે તે વાંચવાની ઉમેદવારી જણાવી છે તેમનાં નામની નોંધ મેં રાખી છે અને અનુકૂળતા પ્રમાણે તેમને પણ વાંચવાની તક આપીશ. પણ જેમણે એ પત્રવ્યવહાર 'કુમાર'માંથી કે આ રીતે વાંચી લીધો છે તેમના તરફથી નવી સૂચનાઓ પણ આવતી રહી છે. તેમાંના બે પત્રો તો 'કુમાર' વાંચનારા ઘણાને નવી દિશા સૂઝાડશે એમ ધારી અહીં પ્રકટ કરું છું.

(૧)

આપના અમેરિકન પત્રો મળ્યા બાદ એમાં મને વધુ ને વધુ રસ લાગતો જાય છે, એટલે એ બાબતમાં હું જરા આગળ વધ્યો છું. આપના પત્રો અમેરિકાના જ છે. પણ જો બીજા દેશો સાથે પત્રવ્યવહાર કરવો હોય તો શું કરવું એવો વિચાર મને આવ્યો, અને મેં એ બાબતમાં તપાસ કરી તો 'ઇલસ્ટ્રેટેડ વીકલી' અને 'સન્ડે સ્ટાન્ડર્ડ' જોતાં એમાં મેં એવી લીગ જોઈ (જે તમે પણ જાણતા હશો જ). યંગ ફ્રેન્ડ લીગ અને યંગ પાલ. મેં તરત જ મારા બે ભાણેજને તેના મેમ્બર બનાવી દીધા છે.

પણ આ બધું કરતાં મને એક જુદો જ વિચાર આવ્યો: 'કુમાર' જો આવું એક મંડળ સ્થાપે તો? 'કુમાર'ના ઘણા ગ્રાહકો છે. એ બધા સુશિક્ષિત પણ છે એ ગ્રાહકો વચ્ચે પત્રવ્યવહાર શક્ય બને તેવું એક ખાતું 'કુમાર' ન ખોલી શકે? વળી 'કુમાર'ના ઘણા ગ્રાહકો પરદેશમાં પણ હશે, અને તેથી પરદેશમાં અને હિંદમાં વસતા પોતાના ગુજરાતી ભાઇઓ સાથે જો પત્રવ્યવહાર થઇ શકે તો કોઇને પણ આનંદ થાય જ.

કદાચ આવો વિચાર તમને પણ આવ્યો હોય અને જો આવ્યો જ હોય તો તમે એ વિચારને અમલમાં મૂકવા માગો છો? અને તે ક્યારે? અને કુમાર જો કોઇ આવું મંડળ સ્થાપે તો મારૂં નામ પહેલું જાહેર કરજો. (જો આ પહેલાં કોઇએ તમને આમ ન લખ્યું હોય તો) હું એનો પહેલો સભ્ય થવાને ઘણી જ ખુશીથી તૈયાર છું.

(મુંબાઇ) કમલકાન્ત રતિલાલ પારેખ

(૨)

છેલ્લા ત્રણચાર માસથી 'કુમાર'માં 'મારી નજરે' વિભાગ હેઠળ તમે અમેરિકન મિત્રોનો પરિચય ગુજરાતી કુમારોને આપો છો. આ કાર્ય ખરેખર વિશ્વબંધુત્વમાં મદદ રૂપ થઇ પડે એવું છે.

હું પણ દેશ-પરદેશના મિત્રો સાથે પત્ર-સાંકળીથી સંધાયો છું અને મારા અનેક મિત્રોને મેં એવા સંબંધો સાધી આપ્યા છે. મારો નવરાશના વખતનો આ શોખ (Hobby) છે. હજુ મારી પાસે દરિયાપારના અનેક મિત્રોના પત્રો થોકડાબંધ ચાલ્યા આવે છે. એઓ પણ આપણા 'કુમાર'વાળા મિત્રો માફક હિન્દી મિત્રો માગે છે. હું મારી શક્તિ અનુસાર તેમને મદદ કરૂં છું.

મારી ઈચ્છા છે કે 'કુમાર'ના પેલા અમેરિકન મિત્રોના પત્રો મંગાવનાર મિત્રોને હું મદદ કરૂં. ઉપરાંત એ અમેરિકન મિત્રોને પણ મારી સેવાનો કંઇક લાભ પહોંચાડું. તો આ બાબતમાં મારે તમારી પાસેથી થોડી માગણી કરવી છે.

'કુમાર'ના વાચકો યા તો પ્રશંસકોમાંથી જેમને પરદેશી મિત્રોથી પત્રસંબંધ બાંધવો હશે તેમને હું મદદ કરવા તૈયાર છું. તેઓ જો નીચેને સરનામે જવાબ માટે યોગ્ય ટપાલખર્ચ બીડી મને પત્ર લખશે તો હું તેમને જોઈતા મિત્રો મેળવી આપીશ. પરદેશી ઉપરાંત બીજા ઘણા (ગુજરાતી, બંગાળી, હિન્દી, મરાઠી, મદ્રાસી) મિત્રો પણ મારા ખ્યાલમાં છે. તેમની ઇચ્છા મુજબ તેઓ મિત્રો માગીને ચૂંટી શકશે.

ઑસ્ટ્રેલિયા તથા ન્યૂઝીલૅન્ડમાંથી મારી કિશોરી મિત્રો (Girl friends) પણ મને હિંદમાંથી મિત્રો મેળવી આપવા દબાણ કરે છે. જો કોઇને ત્યાં પત્રવ્યવહાર બાંધવો હશે તો ત્યાં પણ સરસ મિત્રો મળી રહેશે. મારો આ શોખ છે, અને તેથી મને ઘણો માનસિક લાભ થયો છે. દુનિયાના ચારે છેડા મને આ પત્રવ્યવહાર દ્વારા નજીક થઇ પડયા છે.

પ્રસન્નવદન દેસાઈ

૧૨૧ ચિત્તરંજન ઍવન્યુ, બડાબજાર, કલકત્તા.

આ બંને પત્રો પરસ્પર ખુલાસારૂપ જણાશે એટલે મારે વધારે સૂચવવાપણું રહેતું નથી. અનુભવીઓ બીજાને દોરે અને આગળ વધવામાં સહકાર અને સલાહ આપે. પણ એક વાતની ચેતવણી આપવા હું ખાસ ઇચ્છા રાખું છું. ગુજરાતના કુમારો માત્ર પત્રવ્યવહાર ચલાવનારા કે લેખ યા કાવ્યો જ કરનારા બને એ ઇચ્છવા જેવી સ્થિતિ નથી. અમેરિકાનો બાસવાલ કે ટુલનર કલમ ચલાવે છે તો જ્ઞાનસંચય કરવાને, પણ જીવનસિદ્ધિ માટે તો પ્રકૃતિનાં રૂપો અને પૃથ્વીનાં તત્ત્વોના ભેદ હાથ કરી રહ્યો દેખાય છે. કોઇ રેડિયો ઊભો કરે છે તો કોઇ ભૂસ્તર કે પ્રાણિશાસ્ત્રમાં ચંચુપાત કરે છે; વિદ્વાનો માત્ર વિલાસ કરતા નથી. તેમની વિદ્યા તેમના જીવનમાં શ્રદ્ધા અને શક્તિ ભરી રહી છે. એ દરેકને ખાતરી છે કે તેનાં અભ્યાસ અને જ્ઞાન તેને જગતભરમાં માર્ગ

કરાવી આપવા સમર્થ છે. તેને ખાતરી છે કે તેની ઉપાસના અને વિદ્યાનો નાદ તેને તેના દેશનો ઉપયોગી નાગરિક બનાવી રહ્યાં છે. આ ભાવના અને શ્રદ્ધા આપણા પ્રત્યેક તરુણમાં-વિદ્યાર્થીમાં પ્રકટેલી જોવા હું ઇંતેજાર છું.

ગુજરાતમાં સૌન્દર્યપ્રેમનું પ્રથમ ઉદ્દીપન અને શ્રી જિનરાજદાસજી

● આજથી પચીસેક વર્ષ પહેલાંના હિન્દુસ્તાનમાં ભાવના, સૌન્દર્ય કે આદર્શનાં સ્વપ્નાં સેવનાર મનુષ્યો ભાગ્યે જ મળતાં, તો પછી કલામય જીવન સરજવાનો પ્રયાસ તો કોણ કરે? કૉલેજોથી માંડીને ગામડાંની શાળા સુધી શિક્ષણનો આદર્શ માત્ર પરીક્ષાઓ પસાર કરી દેવાનો હતો. ત્યારે શાળામાં, સમાજમાં કે કોઇ ગૃહસ્થના આવાસમાં સુંદર ચિત્રો, મૂર્તિઓ અથવા સુરમ્ય ફૂલઝાડ કે બગીચાની રચનાઓ ભાગ્યે જ નજરે પડતાં. એવું કરનારા નવરા કે વધારાના પૈસાવાળા જ હોય, એવી સાધારણ માન્યતા હતી. એ વખતે થીઑસૉફીના ભક્તો જીવનનાં રહસ્યો આપનારાં પુસ્તકો વાંચી, ચર્ચાઓ કરી, આધ્યાત્મિક તત્ત્વનો સાક્ષાત્કાર વ્યવહારમાં પ્રત્યક્ષ કરવાને માટે સહવાસ અને નિવાસમાં સુરુચિ અને સૌન્દર્ય સ્થાપવાના જાતજાતના ઉદ્યમો કરતા જણાતા હતા. જેમને થીઑસૉફીના આદ્ય સંસ્થાપકોનો સીધો પરિચય અને સત્સંગ પ્રાપ્ત થયો હતો, એમનાં જીવન સાધારણ નાગરિકો કરતાં જુદી જ ભાત પાડતાં. તેમનો બાહ્ય દેખાવ શાંત પ્રસન્ન ભ્રાતૃભાવ દર્શાવતો, અને નિત્ય વ્યવહારમાં વિશેષ વ્યવસ્થા-સ્વચ્છતાનો આગ્રહ તથા બની શકે ત્યાં ચિત્ર, મૂર્તિ કે પુષ્પાદિના સમાદરથી સૌન્દર્ય પ્રતિ પૂજ્યભાવ જણાતાં. એકાન્ત જીવનમાં તેઓ પુસ્તકપ્રેમી તંગજ સેવાભાવી અને વિનમ્ર જણાતા. તેમની જાહેર પ્રવૃત્તિઓમાં શિક્ષણ, પ્રવાસ, પ્રવચનો અને પ્રદર્શનો પ્રજામાં નવીનતાનો રસ પ્રકટાવતાં. પણ આ સર્વમાં એક વાત અચૂકપણે આગળ દેખાતી,–તેમની સદૈવ જાગૃત સૌન્દર્યઝંખના. જે વાત આપણી કેળવણીમાં તો સમૂળગી ઉચ્છેદવામાં આવી હતી, તેનું પ્રથમ ઉદ્દીપન થીઑસૉફિસ્ટ મંડળમાં જ થયું, એમ કહેવામાં વાંધો નથી. ગુજરાત–કાઠિયાવાડમાં થીઑસૉફિસ્ટ આચાર્યો જ્યારેજ્યારે પધારતા ત્યારેત્યારે તેમના સાધક મંડળ તરફથી એમના આગમનને એક સાર્વજનિક પ્રસંગનું રૂપ આપવામાં આવતું અને તે વેળા વ્યવસ્થા અને સુરુચિનું પ્રદર્શન પ્રજામંડળને મળતું. એ પ્રવૃત્તિઓમાં કલા અને સૌન્દર્યનાં હિન્દી સ્વરૂપોનો વિશિષ્ટ પ્રકાર આજના જેટલો આગળ પડતો નહોતો, છતાં પણ એમાં શ્રી જિનરાજદાસજી (એમને બધા 'રાજાજી'ના ટૂંકા પણ માનવાચક સંબોધનથી ઓળખે છે)નાં પરિધાનની છટા અને પસંદગી ન ભૂલાય એવાં હતાં. શાંત, સ્વસ્થ શ્રોતામંડળની સામે શુભ્ર કફની પહેરી અને મદ્રાસી દુપટ્ટો



શ્રી સી. જિનરાજદાસજી

સ્કન્ધ પરથી લટકતો રાખી એઓ બેઠા હોય, અને કંઠમાં રૂપાનો 'સ્ટાર' ચમકારા મારતો હોય, એ દૃશ્ય આજે પણ નયન આગળ તરે છે.

એમના વ્યાખ્યાનનો વિષય ઘણે ભાગે કલા અથવા સૌંદર્ય ઉપર જ હોય અથવા પરીકથા કે બાળકો વિષે હોય. શ્રોતાઓને મુંઝાતી આત્માની અટપટી સમસ્યાઓમાં એઓ ભાગ્યે જ તણાતા. એમના વ્યાખ્યાન વખતે આપણને એમ જ લાગે કે એમને એમનો વિષય ગોઠવવો પડતો નથી, પણ એઓ માત્ર અમુક અનુભવની ભૂમિકા ઉપરથી પોતાની જાતપ્રતીતિ જ દર્શાવી રહ્યા છે. આ કારણથી એમનાં પ્રવચનોમાં કદી આશંકાઓ કે અર્ધ સત્યો જેવું નથી આવતું. એમના વિશાળ અભ્યાસ અને મનનથી એમણે જગતના મહાન્ સિદ્ધાંતો અને સાહિત્ય પૂર્ણ રીતે પચાવ્યાં છે. વળી કલાધામોમાં પ્રવાસો કરીને, કલાકૃતિઓનો સાક્ષાત પરિચય અને કલાકારોનો નિકટ સમાગમ મેળવીને અને પોતાના આંતર–બાહ્ય જીવનની સમૃદ્ધિ અનેકગણી વધારીને એમણે વાણી અને વિચાર ઉપર સર્જકનું સ્વામિત્વ મેળવ્યું છે. સૌન્દર્ય-તત્ત્વમાં એમની શ્રદ્ધા અતૂટ છે. કોઇ પણ દેશ કે જ્ઞાતિની કલાસંપત્તિની પરીક્ષા એઓ આજીવન નિષ્ણાતની જેમ કરી શકે છે. એ પરીક્ષા ચમકતી શબ્દમાળા નથી બનતી, પરંતુ આત્માને પ્રેરણા પાની કવિસર્જના લાગે છે.

(શ્રી ઇન્દુમતિ મહેતા અને ભૂપતરાય મહેતાએ અનુવાદિત કરેલા શ્રી સી જિનરાજદાસના કલાવિષયક લેખોના સંગ્રહ 'કલાસૃષ્ટિ'ના ઉપોદ્‌ઘાતમાંથી) ર. મ. રા.

યુદ્ધમાં સૈનિકોના લોહી જેટલા જ અગત્યના અને સોના

'માણસ કોઈ દિવસ સોનાના લોભમાંથી છૂટશે. સોનાથી ભરચક મહારાજ્યો હોવા છતાં તે પોતાના આર્થિક ને સામાજિક પ્રશ્નોના ઉકેલમાં નિષ્ફળ નીવડશે ત્યારે જ આ પીળી ધાતુનો મોહ તેનાથી છૂટશે.'

આ શબ્દો કોઇ કલ્પકના યે નથી કે કોઈ ભવિષ્યવેત્તાનાયે નથી. જિંદગીની અનેક લીલીસૂકી જોઇ ઠરી ઠામ થએલી સ્થિતપ્રજ્ઞ વ્યક્તિનું એ વાસ્તવ દર્શન છે. એનો ચરિતકાર તો એને 'જગતના સૌથી સત્તાશીલ પુરુષ' તરીકે વર્ણવે છે. કદાચ એમાં અતિગૌરવ પણ હોય, કારણ આપણા વચ્ચે જ હજુ હિટલર, રૂઝવેલ્ટ, સ્ટાલિન, ફોર્ડ ને મૉર્ગન જેવી વ્યક્તિઓ અકલ્પ્ય શેહ પથરાવતી ઊભી છે. પરંતુ એમાં કોઇ જાતનો શક નથી કે જોન ડી. રોકફેલરના અવસાન બાદ સર હેન્રી ડીટરડિંગ તેલનો બીનહરીફ સમ્રાટ છે.

બરાબર અરધી સદીથી તેલની તવારીખમાં એક રંગદર્શી વ્યક્તિ બની રહેલો આ ખડતલ ને યુયુત્સુ ડચમૅન હોલૅંડની રાણીનો પ્રજાજન હોવા છતાં આજે અંગ્રેજી નાઇટહૂડ ભોગવે છે. પચાસ કરોડ જેટલી સંયુક્ત મૂડીની કંપનીઓ ચલાવતો, અરધી સદી પરનો આ મામૂલી બૅંકકલાર્ક આજે દુનિયાનું સૌથી જબરૂં તેલસામ્રાજ્ય જમાવી બેઠો છે. અને એ કારણે યોગ્ય રીતે જ એણે 'તેલના નેપોલિયન'નું બિરુદ મેળવ્યું છે.

ગઇ સદીથી એની જીવનકથાની શરૂઆત થાય છે. ડચ કપ્તાનને ઘેર જન્મી, છ વર્ષની વયે તો એણે પિતા ગુમાવ્યો. પરંતુ માતાની હૂંફે એ ખોટ બિલકુલ સાલવા ન દીધી. એ ગર્વીલી સ્ત્રીએ નક્કી કર્યું કે પોતાના ચારે સંતાનોને એમના પિતા જીવતા હોય એ રીતે જ આત્મવિકાસ સાધવાની તક મળવી જોઇએ.

સાત સાત વરસ સુધી કપરા દહાડા વેઠી માતાએ મોટાં છોકરાંને રસ્તે ચડાવવા હતી એટલી મૂડી ખરચી નાખી. હેન્રીને તેના પિતા જેમજ વહાણનો કપ્તાન બનાવવાની તેની ઉમેદ હતી. પણ કમનસીબે કુટુંબમાં એટલા પૈસા જ બચવા નહોતા પામ્યા.

તેર વર્ષના હેન્રીને એક દિવસ પાસે બોલાવી માતાએ કુટુંબની એ વિકટ પરિસ્થિતિ તેની પાસે વર્ણવી. હેન્રીએ કપ્તાન થવાનું માંડી વાળ્યું અને માતાનું બાકીનું જીવન ચિંતામુક્ત બનાવવાનો નિર્ણય કરી તે એક બૅંકમાં ખેપીઆ તરીકે જોડાયો. ત્યાં રહ્યે રહ્યે હિસાબ કિતાબ ઉપર પ્રભુત્વ મેળવતા જઇ છેવટે એ બૅંકના હેડકલાર્કની જગ્યા સુધી પહોંચ્યો.

આમ જીવન એક રીતે આસાન બન્યું, પણ બાવીસની વયે દુનિયાનાં પ્રગતિકારક બળોને પિછાનતા થએલા હેન્રીને લાગ્યું કે હજુ તો પોતે કયાંય નથી. તેણે બૅંક પાસે પોતાને પૂર્વ દેશમાં મોકલવાની માગણી કરી અને હોલૅંડના નામીચા ઉદ્યોગપતિઓની શિક્ષણસંસ્થા જેવી 'નેધરલૅંડ્સ ટ્રેડિંગ સોસાયટી'માં જુનિયર કલાર્ક તરીકે જોડાઇ એ ઈસ્ટ ઇંડીઝ આવ્યો.

સોસાયટીએ તેને ખૂબ ગૂંચવણભર્યો એક વેપારી પેઢીના હિસાબ કિતાબ ઉકેલવાનું કામ સોંપ્યું. એમાં પરોવાતાં પહેલાં ચાર દિવસ સુધી તો હેન્રી જાણે કોઇ અખાડામા ઉતરવાનો હોય તેમ શારીરિક કસરતો જ કરતો રહ્યો. પછી તેમાં ઝંપલાવ્યું, અને મહિનાઓ સુધીના યુદ્ધ બાદ વિજયી નીવડી તે બહાર પડયો.

તેના પગારમાં ૭૫ ટકાનો વધારો કરી આપવામાં આવ્યો. પ્રબળ વ્યક્તિત્વને પોતાની જાતને આગળ ધકકેલવાની આવડતથી થોડા વખતમાં તો આસિસ્ટંટ મેનેજરની પદવીએ એ પહોંચી ગયો. હજુ યે એની અવિરામ શક્તિને સંતોષ નહોતો વળ્યો, પણ ત્યાં તો ઑગસ્ટ કેસલરે એને પોતાને પડખે ખેંચી લીધો.

કેસલર એ મહાન ડચ–જર્મન વેપારી હતો. તેલમાં પડી એણે ૧,૦૪,૦૦૦ પૌંડની મૂડીથી રૉયલ ડચ કંપની ઊભી કરેલી. ડચ ઈસ્ટ ઇંડીઝમાંના તેલક્ષેત્રો તેને હાથ કરવાં હતાં. એ માટે એને એક મદદનીશ જોઇતો હતો. 'પીનાંગમાં હેન્રી ડીટરડિંગ નામનો એક તેજસ્વી તરુણ વસે છે.' એક મિત્રે દરખાસ્ત મૂકી ને તરત જ કેસલરે તેને બોલાવી ઇન્સપેકટર તરીકે રોકી લીધો. ૧૮૯૨માં આ પદ સંભાળતા હેન્રીની વય ત્યારે ૨૬ વર્ષની હતી.

આ ઊગતા તરુણે પોતાની બધી શક્તિઓ એ

કરતાં પણ કીમતી એવા ખનીજ પ્રવાહી તેલનો એકહથ્થુ નિયંત્રક

તેલસમ્રાટ સર હેન્રી ડીટરડિંગ

છ વર્ષની વયે પિતા ને તેરની વયે મૂડી ગુમાવી બેઠેલો અરધી સદી પરનો એ મામૂલી બૅંકકલાર્ક આજે 'તેલનો નેપોલિયન' ગણાય છે. એણે જ મહાયુદ્ધમાં મિત્રરાજ્યોનું ડૂબતું નાવ તાર્યું. એનું જીવન એટલે પુરુષાર્થની વિજયગાથા. રૉકફેલર જેવાને યે હરાવી એણે જગતના ૭૦ ટકા તેલભંડારોનું સામ્રાજ્ય જમાવ્યું. આટલાંટિકના આ પારથી પેલે પાર દોડી દોડી એણે એ સામ્રાજ્ય કાયમ કર્યું. અને આજે દુનિયાના ખંડેખંડ પથરાએલું એ સામ્રાજ્ય જમાવી, તે નિ-વૃત્ત થયો છે; પણ હજુ તેને સંતોષ નથી—કદાચ થશે પણ નહિ, જ્યાં સુધી તેલનો સમગ્ર જથ્થો રાજકારણ અને લડાઈઓથી પર એવા જગતભરના બૉર્ડના હાથ નીચે નહિ મૂકાય ત્યાં સુધી.

ધંધામાં પરોવી દીધી. અનેકવિધ રીતે એનો અભ્યાસ કર્યો. તેને ખાતરી થઈ ચૂકી કે પૂર્વનો એ ઉત્તમમાં ઉત્તમ ઉદ્યોગ છે. કૂવા ખોદવા માટેનાં ઉત્તમમાં ઉત્તમ સ્થાનો તે સૂંઘી સૂંઘીને ખોળી કાઢતો. તેની વેચાણની છટા એવી અપૂર્વ હતી કે આઠ વર્ષ પછી ઇ. ૧૯૦૦માં કેસલર અવસાન પામ્યો ત્યારે તો તે એ કંપનીની એક આગેવાન વ્યક્તિરૂપ બની ગયો હતો, એટલે લાગલોજ તેને જનરલ મેનેજરને પદે આરૂઢ કરી દેવામાં આવ્યો.

એક પ્રથમ હરોળની કંપનીના સંચાલક બનેલા ડીટર-ડિંગના હાથમાં પાંચ કરોડની ડચ બજારો આવી, પણ તેની આંખ તો ચાળીસ કરોડથી ઉભરાતા ચીન પર મંડાઈ હતી. પરંતુ એ કામ આસાન નહોતું. રૉકફેલરે પોતાની સ્ટૅન્ડર્ડ ઑઇલ કંપનીના રાક્ષસી પાયા ત્યાં ક્યારના યે બેસાડી દીધા હતા. પ્રચાર, પૈસા ને કુશળ વ્યવસ્થાપકોને બળે ઠેઠ પેનસિલવાનિયાથી તે પાસિ-ફિકના આ કિનારે રૅાકફેલર માલ પૂરો પાડતો. ડીટર-ડિંગ તો ઘણોજ નજદીક હતો, છતાં તેનાથી કંઇ થઈ શક્યું નહિ, કારણ તેને માલના નિકાસની સગવડ નહોતી.

પણ તે હારી ન બેઠો. એ ડચ વણિકે એક બ્રિટિશ યહૂદી વણિકને શોધી કાઢ્યો. એ હતો માર્કસ સૅમ્યુએલ, જે પાછળથી પહેલો લૉર્ડ બેરસ્ટેડ બન્યો. તેણે જાવા, સુમાત્રા, ચીન ને પૂર્વના બીજા કોઇ પણ સ્થાને તેલ લઈ જવા પોતાની ટૅંકરો ડીટરડિંગને આપવાનું વચન આપ્યું. થોડો વખત તો કામ ચાલ્યું પણ પછી બંને વચ્ચે ઝગડો જામ્યો, કારણ ડીટર-ડિંગનું તેલ વેચવા છતાં સૅમ્યુએલ પોતાનું તેલ પણ એ જ બજારોમાં મૂકતો હતો.

ડીટરડિંગે ચેતવણી આપી: 'જો આમ ને આમ હરીફાઈ કરતા રહીશું તો આપણે લડી પડીશું;' ને લડાઇ કદી ઇચ્છવા જોગ નથી. આખરે તો બંને પક્ષોને ગુમાવવાનું જ રહે છે. ચાલો, આપણે ભાગીદારીથી જ બધું ચલાવીએ'

શાણા યહૂદીએ ડીટરડિંગની દરખાસ્ત કબૂલ કરી. ડીટરડિંગ એ સંયુક્ત કંપનીનો મેનેજિંગ ડીરેક્ટર બન્યો ને એક વર્ષમાં તો આફ્રિકા, ન્યુ ઝીલૅંડ, ઑસ્ટ્રેલિયા, જાપાન, ફૉર્મોસા, ફીલીપાઇન અને છેલ્લે રૅાકફેલરની કિલ્લેબંદી જેવા ચીનની બજારો પણ સર કરી લીધી.

ચીનની બજાર હાથ કરવા માટે તો એને ખરા દ્વંદ્વમાં ઊતરવું પડેલું. રૅાકફેલર તેલના ભાવો પછાડતો જ ગયો. બંને બાજુની ખોટના પલ્લાં લાખો પર નમવા લાગ્યાં. ડીટરડિંગ ત્યારે તૂટી પડત. પરંતુ સૅમ્યુએલે તેને એક બીજો જબરો મિત્ર મેળવી આપેલો—રૅાથ્સ-ચાઇલ્ડ બૅંકિંગ હાઉસ. રૅાથ્સચાઇલ્ડ તીજોરી રૅાકફેલર તીજોરી જેટલી જ તર હતી. આખરે રૅાકફેલરને એની

સાથે તડજોડ કરવી પડી.

પૂર્વની બજારોમાં હવે ડીટરડિંગને જોઇતો હિસ્સો મળી ગયો. બ્રિટનની અને યુરોપની યહૂદી બૅંકો અને 'જોન બુલ'નાં નાણાં તથા બ્રિટન ને હોલૅંડના નેજાએ તેના તૈલસામ્રાજયની સીમા અનેકગણી વિકસાવી મૂકી.

એ વિકાસની કથા એટલે ઍંગ્લો ડચ કંપનીનો ઇતિહાસ, જેણે એક કરોડ ને ચાર હજારની મૂડી પર પ્રસ્થાપિત થઇ, ગયે વરસે એક કરોડનો તો નફો જ કર્યો. એ કથા એટલે શેલ ટ્રાન્સપોર્ટ એન્ડ ટ્રેડિંગ કંપની, ધી ઍંગ્લો ઇરાનિયન ઑઇલ કંપની, ધી શેલ યુનિયન કોર્પોરેશનનો ઇતિહાસ અને મેક્સિકન તેલ-સામ્રાજયનો ગજગ્રાહ. ટૂંકામાં, એ કથા એટલે 'જોન બુલ'ને જગતના ૭૦ ટકા તૈલભંડારોનું પ્રભુત્વ અપાવતી આક્રમણ કથા. અને એ આક્રમણોનો 'ફીલ્ડમાર્શલ' સર હેન્રી ડીટરડિંગ.

ફ્રાન્સના 'વાઘ' લેખાતા નરવીર ક્લેમેન્શૉએ કહેલું કે 'આવતી કાલના યુદ્ધોમાં તેલ એ લોહી જેટલોજ અગત્યનો ભાગ ભજવશે.' ગયા મહાયુદ્ધમાં ટૅન્કો, ટ્રૅક્ટરો, આર્મર્ડ કારો, યુદ્ધયાનો ને એરોપ્લેનોએ એની અણુપૂર જરૂરિયાતો બતાવી આપી. સર હેન્રી ડીટરડિંગ એ કાળે જ બ્રિટનનો હામી બનેલો, ને લૉર્ડ કર્ઝનના શબ્દોમાં કહીએ, તો 'he helped to float the Allies to victory on a sea of oil.'

પણ દુનિયાના પડમાંથી હવે તેલ ખૂટવા આવ્યું છે. એનો બધો જથ્થો, રૂમાનિયન વિજ્ઞાની પાલસીનુના કથન મુજબ, ભાગ્યે ૮૦ વર્ષ ચાલે એમ છે. એ જથ્થામાં જોન બુલના આ ફીલ્ડ માર્શલે ૭૫ ટકા તેના હાથમાં મૂકયા છે, જયારે અમેરિકા પાસે માત્ર ૭ ટકા છે. અમેરિકાને આમ તેલ શુષ્ક (oil dry) બનવાની બીક નાનીસૂની નથી. રૉકફેલરે એ માટે રૉયલ ડચ શેરો ખરીદવાની જબરી રમત માંડેલી. ડીટરડિંગને એ ખબર પડતાં કંપનીની તાબડતોબ સભા બોલાવી એનું આખું બંધારણ ફેરવાવી નખાવ્યું કે બોર્ડમાં માત્ર ડચ નાગરિકોને જ મતાધિકારનો હક્ક રહેશે. ભવિષ્યમાં તૈલાધિપત્યનો ઇતિહાસ લખાશે ત્યારે આવા તો કેટલા યે પ્રચ્છન્ન વિગ્રહો ને છદ્મ કાવાદાવા-ખોરી પ્રકાશમાં આવશે.

ઠીંગણો બાંધો, ગઠેલું શરીર, લાલચોળ વાન ને કાળી ચકચકિત આંખોવાળો આ સમર્થ ઉદ્યોગપતિ આજે લંડનની ઑફિસોના અર્ધચંદ્રાકાર મેજો પર બેસતો કે તેલના રાજાઓ સાથેના ટંટા પતાવવા આટલાંટિકને પેલે પાર દોડતો નથી કે નથી તૈલ-ક્ષેત્રોની સહેલસફરો કરતો. ૪૪ વરસ પર પોતે જોડા-એલો એ કંપનીના ઉપગ્રહો જેવી ૧૩૦ નવી કંપનીઓ જન્માવી હાલ તો તે નિવૃત થયો છે ને પોતાનો બધો સમય એણે ખાનગી જીવનને જ સુપ્રત કર્યો છે, છતાં કયારેક પોતાની ઑફિસનો દુનિયાનો નકશો કાઢી તે બેસે છે ને તેના પર ચોગરદમ પથરાએલાં લાલ બિન્દુઓ પર સંતોષની એક નજર ફેરવે છે. એ લાલ બિન્દુઓ તે એનાં તૈલક્ષેત્રો.

'સંહતિઃ કાર્યસાધિકા (Unite and flourish)' એ ડીટરડિંગનો મુદ્રા લેખ છે. તે તેલ કરતાં યે શ્રમને માનવ જાતની મોંઘામાં મોંઘી સમૃદ્ધિ ગણે છે ને એ અનુસાર તેના સઘળા કામદારોના પગારના દસ દસ ટકા બચત રખાવી તે એ રકમ બમણી કરે છે ને એ રકમ વ્યાજે રોકી રાખે છે. એ રીતે એના હજારો કામ-દારો નિવૃત્ત થતી વખતે દસ દસ હજાર પૌંડના માલિક બની ચૂકેલા હોય છે.

જિંદગીમાં માત્ર એક જ વાર ડીટરડિંગને નાસી-પાસ થવું પડેલું, ને તે રશિયાએ તેના તેલના કૂવા ઝુંટવી લઇ દામ ચૂકવવાનો ઇન્કાર કર્યો ત્યારે. કાળા સમુદ્ર અને કાસ્પિયન કાંઠાનો એ તૈલભંડાર હાથ કરવા પણ ૧૯૨૨ની જીનોઆ કૉન્ફરન્સમાં બ્રિટન અને અમેરિકા વચ્ચે જબરી તરખડ મચેલી.

આજે પોતાની ત્રીજી વારની જર્મન પત્ની સાથે તે બર્લિનમાં વસે છે. નાઝી ચળવળનો એ પુરસ્કર્તા છે. મહાન ઉદ્યોગપતિ હોવા છતાં અમુક લાખથી વધારે નાણાં તેની પાસે નથી, કારણ એ પહેલેથી જ ચુનંદો વ્યવસ્થાપક છે, નાણાંશાસ્ત્રી નહિ. અને વધુ નાણાં-ની એને તમા યે નથી. તેને તમા છે ફક્ત કાર્ય, શક્તિ, ક્રિયમાણતાની. આજે ૭૨ વર્ષની વયે પણ ઊગતી જુવાની જેવો જ થનગનાટ તેનામાં ભર્યો છે. સ્વસ્થ શરીર ને ઉછળતી જીવનશક્તિમાંથી મળતા સાદા છતાં ઊંડા આનંદને જ એ જીવનધન્યતા માને છે. એમાં જ એ આજ સુધી રાચતો આવ્યો છે ને ભવિષ્યમાં રાચતો રહેવાનો.

અશોક હર્ષ

શ્રમનો મહિમા

બૂટપાલીશ કરનારા એક અંગ્રેજે એક અપટુડેટ હિંદી વિદ્યાર્થીને સમજાવેલા તેના મહાત્મ્યની કથા

વસંતને ઇંગ્લંડ આવ્યે એક વર્ષ પણ પૂરૂં નહોતું વીત્યું એટલામાં એણે ઠીકઠીક મિત્રમંડળ જમાવી લીધેલું. પહેલેથી જ ખૂબ વાચાળ ને પાછો સ્વભાવ પણ મિલનસાર હતો. એ પોતે તો મોજ કરતો પણ બીજાને યે મોજ કરાવવામાં પાછો ન પડતો. પૈસાની તો કંઇ પડી ન હતી, કારણ દર મહિને ઘેરથી પરબારા આવ્યે જતા. પછી શું? ખાવું, પીવું ને મોજ કરવી.

આમ જોઇએ તો પહેલેથી જ તે અભ્યાસમાં હોશિયાર અને ચાલાક હતો. પરંતુ અહીં આવતાં જ સ્વતંત્ર વાતાવરણમાં એણે મન મોકળું મૂકી દીધું. મિત્રો સાથે ટોળટપ્પા ને રમતગમતમાં જ દિવસનો ઘણોખરો ભાગ પૂરો થતો. આજે આ સીનેમામાં ગયા તો કાલે તે સીનેમામાં. રજાના દિવસો આવ્યા તો ક્યાંકની સહેલગાહનો પ્લેત ગોઠવાયો જ છે. આ બધામાંથી અભ્યાસ માટે જે વખત બચે તે ખરો.

નાગપુરના પ્રસિદ્ધ વકીલ આનંદરાવ પંડિતનો વસંત સૌથી મોટો પુત્ર. આનંદરાવની વકીલાત સારે પૂરબહારમાં ચાલતી, એટલે વસંત પાછળ પૈસા ખરચવામાં એ પાછું વાળી જોતા નહિ. તેમને વિશ્વાસ હતો કે એનો યોગ્ય બદલો મળી રહેશે. માતા આનંદીબાઇને પણ એટલો જ સંતોષ હતો.

અને અહીં વસંતરાવ તો ખૂબ રંગીલા બની ચૂક્યા હતા. ત્યાંની બધી ફેશન એણે અપટુડેટ અપનાવી લીધી હતી. થોડા દિવસ પર નાચવાની કળા પણ હસ્તગત કરી હતી ને હવે મહેફિલો પર મહેફિલો ઊડવા માંડી હતી. ઘેરથી આવતા પૈસા પૂરા પણ નહોતા પડતા, પણ એની કોને દરકાર હતી! દર મહિને નવું બહાનું આપતાં વધારાના પૈસા મળ્યે જતા.

એક સાંજે વસંત સરોવરકિનારે ફરવા નીકળ્યો. હવા પ્રફુલ્લ હતી. તરુણ-તરુણીઓ ગાતાં, ગપ્પાગોષ્ટિ કરતાં અહીં તહીં ફરી રહ્યાં હતાં. સૃષ્ટિસૌંદર્યનો આનંદ લૂંટતા વસંતને ફરતાં ફરતાં થોડી વિશ્રાન્તિ લેવાની જરૂર જણાઇ ને એક સ્થાન પસંદ કરી તે બેઠો. એવામાં જ સાદા પણ સફાઇદાર કપડાંવાળો એક તરુણ તેની પાસે આવી લાગ્યો ને સસ્મિત નમસ્કાર કરતાં પૂછ્યું, 'સાહેબ, આપનાં બૂટને સરસ પૉલિશ બનાવી દઉં?'

'ના રે,' વસંત બોલ્યો, 'પણ કરીશ તો યે ચાલશે. લે કર.' કહેતાં એણે બૂટ આગળ ધર્યા.

તરુણ કેટલો વ્યવસ્થિત રીતે કામ કરી રહ્યો હતો તે વસંત ધ્યાન દઇને જોઇ રહ્યો. જોતાં જ એને થયું કે એ સુશિક્ષિત હોવો જોઇએ. એનો શિષ્ટાચાર પણ ઉચ્ચ દરજ્જાનો હતો. તો પછી એ આવું હલકું કામ કેમ કરે છે? રહી રહીને એ વાત એના મગજમાં ઘોળાયા જ કરતી. છેવટે એનાથી ન રહેવાતાં પેલા તરુણને પૂછ્યું: 'તમારૂં નામ શું?'

'સાહેબ, મારૂં નામ હૅમિલ્ટન છે.'

'હાલે આજ ધંધો કરો છો કે બીજું કાંઇ?'

'દિવસે હું આ અગર તો બીજો હાથ લાગે તે ધંધો કરૂં છું ને એથી મળતા પૈસા મારફત રાત્રે કૉલેજમાં શીખું છું.'

'ઓહો! તમે કૉલેજમાં શીખો છો? શામાં છો?'

'એમ. એ.ની પરીક્ષામાં બેસવાનો છું.'

'તો આટલું ભણીને આ હલકો ધંધો કેમ કરો છો?'

'સાહેબ, તમારા હિંદુસ્તાન મુજબ અમારે ત્યાં કોઇ ધંધો ઊંચ કે નીચ નથી ગણાતો. કોઇ ધંધો હલકો નથી. માત્ર કુકર્મમાં જ નીચતા છે એમ અમે માનીએ છીએ. બાકી શ્રમ કરવો—પછી તે ગમે તે પ્રકારનો શ્રમ હોય,—એને અમે હલકું ગણતા જ નથી. કારણ, ઉત્તમ પ્રકારે કરેલું ગમે તે કામ આપણને જ ભૂષણાવહ હોય છે. એથી ઊલટું, ભાડૂતી કે હમાલી પદ્ધતિએ તે કરીએ એ અછકલાઇ છે.'

'પણ તમારો જન્મ તો કોઇ ઉચ્ચ કુળમાં થયો લાગે છે. આવું કામ કરવા તમારૂં મન તૈયાર કેમ થાય છે એ જ મને તો નવાઇ લાગે છે.'

'એમાં એટલી બધી નવાઇ શી? મને ખૂબ અભ્યાસ કરવો હતો ને પૈસાની જોગવાઇ ન હતી એટલે મેં આ કામ હાથમાં લીધું. હું કશું ખરાબ કામ તો નથી કરતો પછી મને લાજ શાની? ઉચ્ચનીચની કલ્પના છોડીને તમે વિચાર કરશો તો એ એટલું આશ્ચર્યકારક નહિ લાગે.'

વાતોમાં ને વાતોમાં જ હૅમિલ્ટને બૂટને સરસ પૉલિશ કરી આપી ને પછી મજૂરી લઇ, વિનયપૂર્વક સ્મિત કરતો તે ચાલી નીકળ્યો. અને આપણા વસંતરાવ પંડિત ઉચ્ચ નીચના વિચારવમળમાં ગરક થયા. સરોવરના અસ્થિર પાણીમાં ઊઠતા તરંગો જેમ તેના મગજમાં આર્ય સંસ્કૃતિ, ચાતુર્વર્ણ્ય,જાતિસંસ્થા,સમાજવ્યવસ્થા વગેરેના ગહનાતિગહન તરંગો ઊઠવા લાગ્યા. આખરે એની એક મૈત્રિણીએ આવી એ તંદ્રા તોડાવી:

'હૅલો મિસ્તર! આટલું મોડું થવા છતાં હજુ અહીં?'

'ઓ, માય લૉર્ડ! બધા ગયા છતાં હું મૂઢ જેમ બેઠો જ રહ્યો છું? ચાલો જઇએ.'

આજે ચોથી તારીખ થઇ પણ વસંતને હજુ ઘર તરફથી કશો કાગળ ન હતો. કાગળ ન હોય તો પૈસા ક્યાંથી જ હોય? 'હવે શું કરવું? પૈસા વિના શું થવાનું? મિસ મૅરીને આજના 'શો'નું પ્રૉમિસ આપી દીધું છે! પણ એથી વધુ વિકટ પ્રશ્ન આજે ખાવાનું શું? ક્લબના સેક્રેટરીએ નોટીસ આપી દીધી છે કે અગાઉનું બિલ ન આવે ત્યાં સુધી ભોજનની પરવાનગી નહિ મળે. ત્રીજો હપતો યે ભરવાનો છે. ગયો હપતો 'ટ્રિપ'માં ખલાસ કર્યો ને આ વખતે બેઉ સાથે ભરવાના આવ્યા! અરે રામ, પૈસા સિવાય મને અહીં કોણ રહેવા દેશે? પૈસા નથી તો મિત્રોનાં મોઢાં યે ચડેલાં રહે છે ને?'

ત્રણ દિવસથી આમ ને આમ સોસતા વસંતે ત્રણ રાતો થયાં ઊંઘ પણ નહોતી લીધી. જરાક સરખો અવાજ આવે કે ટપાલીની આશંકાએ તે તરત બહાર નીકળતો પણ નિરાશા જ મળતી. પરંતુ આજે નસીબ કંઇ ફર્યું હોય એમ લાગ્યું: સામેથી પોસ્ટમેન આવતો દેખાતો હતો ને એ બાજુ જ તેનાં પગલાં વળતાં હતાં. પળે પળે વસંતની આતુરતા વધતી ગઇ. એકદમ એ બધો ત્રાસ વિસરી ગયો ને પૈસા આવતાં આમ કરૂં તેમ કરૂં એવી રમ્ય કલ્પનાઓમાં રમવા લાગ્યો.

ટપાલી નજીક આવતાં જ 'આજે લાગતુ જ હતુ, એટલે બહાર ક્યાંય ન જતાં અહીં રોકાયો એ ઠીક જ કર્યું' કહેતો વસંત કેટલાક પૈસા આવ્યા હશે તેની કલ્પના કરવા માંડ્યો; ત્યાં તો 'સાહેબ, આપનો પત્ર મૂક્યો છે,' કહેતો ટપાલી પત્ર મૂકી ચાલતો થયો.

એકલો પત્ર જોઈ વસંતને જાણે વજ્રાઘાત થયો. તેના મગજમાં અત્યારલગી ચાલેલા મધુર વિચારોને ઠેકાણે વિરુદ્ધ કલ્પનાઓ આવવા લાગી. બહાવરા પણ અધીર મને એણે આવેલો પત્ર ઝટઝટ ફોડ્યો. એક જૂના મિત્રે નાગપુરથી જ તે લખેલો. રાવસાહેબ આનંદરાવ પંડિત બે દિવસના તાવ બાદ દેવલોક પામ્યાના તેમાં સમાચાર હતા.

વસંતથી આગળ ન વંચાયું. તેને એકદમ ચક્કર આવ્યા ને તે ઢગલો થઇ નીચે પડ્યો.

શુદ્ધિમાં આવતાં જ તેના મગજમાં ભયંકર વિચારચક્રો શરૂ થયાં. હવે શું કરવું?—એ મોટો પ્રશ્ન એની સામે જ ડોકાઇ રહ્યો હતો.

એને થયું, પાછું ઘેર નાગપુર જવું, કારણ ઘર પર લક્ષ આપનારો બીજો કોઇ ન હતો. એ સાથે માતાની કરુણ, દુઃખી મૂર્તિ તેની આંખો આગળ તરી આવી, ક્ષણભર જાણે પોતાનો પ્રશ્ન એ ભૂલી જ ગયો, પણ એ ભૂલાય એવો પ્રશ્ન ન હતો. આજના ટંકનું ખાવા પૂરતા યે પૈસા ન હતા તો હિંદુસ્તાન પાછા જવાના ખર્ચની ક્યાં વાત કરવી?

તે ત્રાસી ઊઠ્યો. પિતાના અનપેક્ષિત મૃત્યુએ તેનો આધાર સર્વસ્વ ઝૂંટવી લીધો. તેને આશાઓ ડૂબતી ને ભવિષ્ય અંધકારમય ભાસવા માંડ્યું. તેને સૂજ જ નહોતી પડતી. જેમ જેમ વિચાર કરતો ગયો તેમ તેમ તેને વધુ ને વધુ નિરાશા મળવા લાગી. ગાંડા વિચારો પણ આવવા લાગ્યા. જિંદગીનો અંત આણવાનું યે મન થયું. પરંતુ–પરંતુ હિંમત ન ચાલી. છેવટે આંખો મીંચી બિછાના પર પડ્યો, તેને થયું, એ આંખો હમેશ માટે આમ બીડાઈ જાય તો કેવું ઉત્તમ!

થોડો સમય વીત્યા બાદ મનોગત કંઇક નિર્ધાર કરી વસંત ઊઠ્યો. તેના ચહેરા પર હવે નિરાળા જ ભાવ તરવરવા લાગ્યા. લાગલો જ કપડાં પહેરી તે નીકળી પડ્યો. ખોલી છોડતાં તેના મોંમાંથી 'હૅમિલ્ટન' એવો એક હળવો ઉગાદ્ગાર નીકળી ગયો.

તે બહાર પડ્યો હતો, જ્યાં પણ કંઇ કામ મળે તે મેળવવા માટે. બે ત્રણ ઠેકાણે આશા જેવું લાગતાં એણે ખટપટ પણ ખૂબ કરી, અને શું પરિણામ આવે છે એની આતુરતાથી રાહ જોવા માંડી.

એક ઠેકાણેથી હકારનો ઉત્તર આવ્યો.

નજીકની કૉલેજમાં એક પ્રોફેસર નવા આવેલા. એમને ત્યાં કપ રકાબી વગેરે ધોવાનું કામ હતું. સવારે અને સાંજે નિયત સમયે જવાનું. અને કામના પ્રમાણમાં પગાર પણ કંઇ કમ નહોતો.

વસંતે થોડો વિચાર કર્યો. હજુ તેનું મન એકાએક તૈયાર થતું નહોતું, પણ હવે તેની આંખો ખુલ્લી હતી. પૂર્વેની એની ઉચ્ચનીચની કલ્પનામાં ભારે ક્રાન્તિ આવી હતી. હૅમિલ્ટનનું ઉદાહરણ એને આદર્શવત્ લાગ્યું હતું ને 'શ્રમનો મહિમા' તે પૂરેપૂરો સમજ્યો હતો.

તેણે કામ સ્વીકારવાનો નિર્ણય કર્યો—કારણ પેટનો પ્રશ્ન એથી જ ઉકેલાય એમ હતો. એથી આગળનો વિચાર કરવા જેટલું મનોસ્વાસ્થ્ય પણ તેથી મળે એમ હતું. એ જ દિવસે એ પ્રોફેસરના બટલર પાસે હાજર થઇ ગયો ને તેની નિર્દિષ્ટ કામગીરીમાં આનંદપૂર્વક પરોવાઇ ગયો, કારણ હૅમિલ્ટન પ્રમાણે જ કામ કરવાનો તેણે મનમાં નિર્ધાર કરી રાખેલો.

નવીન પ્રોફેસરને થોડાજ વખતમાં મળેલી પ્રતિષ્ઠા બટલરના મોંએ સાંભળી પોતાના શેઠને જોવાની વસંતને પ્રબળ ઇચ્છા થઇ, પણ કામ છોડીને એ શી રીતે બને? એ આખો દિવસ એમજ પસાર થઇ ગયો.

બીજે દિવસે પણ વસંત આગલા દિવસ જેમ કામે વળગી ગયો. કપ રકાબી ધોઇ લૂછી તે તેમની મૂળ જગ્યાએ ગોઠવી રહ્યો હતો ત્યાં તો ટેલીફોન પર પ્રોફેસરનો જ અવાજ આવ્યો. એમણે પીવા માટે પાણી મંગાવેલું. વસંતને એ સુવર્ણ-સંધિ જ જોઈતી હતી.

સ્વચ્છ પાણીનો સુંદર ગ્લાસ ભરીને તે પ્રોફેસરના દિવાનખાનામાં ગયો. પ્રોફેસર એમના કામમાં ગરક હતા. વસંત પુસ્તકોથી ભરેલાં જબરાં કબાટો, મહાન વિભૂતિઓનાં ચિત્રો વગેરે જોઇ રહ્યો હતો ત્યાં પ્રોફેસરે પાછું વાળી જોયું ને એકદમ ચકિત થઇ ઊઠયા:

'હૅલો મિસ્ટર! તમે જ મારે ત્યાં કામ પર છો?'

'જી હા, સાહેબ,' વસંતે પાણીનો ગ્લાસ આગળ ધરતાં નમ્રતાથી ઉત્તર આપ્યો.

'તમને આ કામ હલકું નથી લાગતું?'

'નહિજી, કોઇપણ કામ હલકું નથી.'

'ઓહો, તમારા વિચારોમાં આટલું બધું પરિવર્તન ક્યાંથી?'

વસંત એ વિચારપરિવર્તનની વાત સાંભળી ચમકયો, પણ તરત પ્રોફેસરે પોતાની ઓળખ તેને આપી. વસંતને તો એ બૂટ પૉલીશ કરનારો હૅમિલ્ટન નામાંકિત પ્રોફેસર બની જશે ને એને ત્યાંજ પોતે કપ રકાબી ધોવા રહેશે એવી સ્વપ્ને પણ કલ્પના ક્યાંથી હોય?

પ્રોફેસર હૅમિલ્ટને સદ્ભાવપુર્વક વસંતની બધી ખબર પૂછી. તેના પર આવેલી કૌટુંબિક આપત્તિ માટે ખેદ દર્શાવી આશ્વાસન આપ્યું ને તેના વિચારોમાં આવેલી ક્રાન્તિ બદલ પણ સંતોષ જાહેર કર્યો.

એ રાતે વસંત પોતાની ખોલીમાં પડયો પડયો દિવસની મુલાકાત પર વિચારોના ઘોડા દોડાવી રહ્યો હતો ત્યાં એક જણે આવી એક બંધ કવર તેના હાથમાં મૂકયું. પ્રોફેસર હૅમિલ્ટનને ત્યાંથી જ તે આવેલું. અંદર શું હશે? કશો સ્પષ્ટ ખ્યાલ ન આવતાં વસંતે તે ફોડયું. અંદરથી કાગળ નીકળ્યો. તેમાં તેના પ્રત્યે સહાનુભૂતિ અને 'શ્રમનો મહિમા' સમજવા બદલ અભિનંદન ઉપરાંત હવેની જિંદગી માટે સાવધાની ને વ્યવહારૂતા માટે બે બોલ શીખામણના લખેલા હતા, અને એ સાથે જ ઘેર પહોંચવા પૂરતા પૈસાનો એક ચેક પણ બીડેલો હતો. વસંતના સાનંદાશ્ચર્યનો પાર ન રહ્યો. પ્રોફેસરે હૅમિલ્ટન તરફથી એક હિંદી મિત્રને 'શ્રમના મહિમા'નો એ સર્વોત્તમ પારિતોષિક હતો.

(ત્રિ. લ. કારાન્તેની 'શ્રમાચા મહિમા' નામની લઘુકથા પરથી)

આપણી નજરે

બાલિયાઘાટના જમીનદાર શ્રી ગણપતિ સરકારે કલકત્તાના હિંદી મ્યૂઝિયમના સ્થાપત્ય વિભાગને ઇ સ. ૪૮૮ (ગુપ્ત સંવત ૧૬૯)ની સાલનું એક તાંબાપત્ર ભેટ આપ્યું છે. એના ઉપરથી એ કાળમાં નગર સમિતિઓ હસ્તી ધરાવતી હોવાનો, અને એમની સત્તાનો પણ ઉલ્લેખ મળે છે. અયુક્તક અથવા તાલુકાનો મુખ્ય અમલદાર, નાગરશ્રેષ્ઠ અથવા નગરનો મુખ્ય વેપારી, પ્રથમકુલિક અથવા કારીગરોનો નેતા, પ્રથમ સાર્થવાન અથવા વેપારી કારવાનોનો ઉપરી અને પ્રથમ કાયસ્થ એટલા સભાસદોની એ સમિતિ નીમાતી. એ ઉપરાંત જમીનની માપણીના આજે પણ પ્રચલિત એવાં માપો અને એ સમયના સિક્કાઓનો પણ ઉલ્લેખ મળે છે.

નાગપુરના શ્રી ટી. એસ. રામસ્વામી, અખિલ હિંદ ટાઇપરાઇટીંગ હરીફાઇમાં મિનીટના ૮૦ શબ્દોની ઝડપે પ્રથમ નંબરે આવતાં કલકત્તાની ઑલ ઇંડીઆ ઇન્સ્ટીટ્યૂટ ઑફ સ્ટેનોગ્રાફર્સ તરફથી તેમને સોનાનો ચાંદ ઇનામ મળ્યો છે.

પ્રાચીન ભારત

अत्र ते कीर्तयिष्यामि वर्षं भारत भारतम् ।
प्रियमिन्द्रस्य देवस्य मनोर्वैवस्वतस्य च ॥
पृथोस्तु राजन् वैन्यस्य तथेक्ष्वाकोर्महात्मनः ।
ययातेरम्बरीषस्य मान्धातुर्नहुषस्य च ॥
अन्येषां च महाराज क्षत्रियाणां बलीयसाम् ।
सर्वेषामेव राजेन्द्र प्रियं भारत भारतम् ॥

(महाभारत, भीष्मपर्व, ९.)

સંજયે યુધિષ્ઠિરને વર્ણવેલા આ ભારતમહિમ્નના મહાન રાજવીઓનો ઇતિહાસ ક્યાં? પાશ્ચાત્ય વિદ્વાનો કહે છે કે એ સૂર્ય અને ચંદ્રવંશી રાજાઓનાં ચરિત્રો એ તો પુરાણાચાર્યોનાં ગપોડાં છે. ઇજીપ્ત અને બેબીલોનીઆના પૌરાણિક રાજવંશો વિષે પણ એમજ મનાતું. પરંતુ સુમેર જાતિના નગરોમાં જ્યારે એ રાજાઓની મૂર્તિઓ, લેખો અને સમાધિઓ મળી આવ્યાં ત્યારે એ વિદ્વાનોએ પોતાની ભૂલ સ્વીકારી. આપણા રાજવંશો વિષે પણ કૌશાંબી અને બીજા ઇતિહાસયુગ પૂર્વનાં નગરોમાં ચાલી રહેલા ખોદકામ પછી એમજ બનશે તેમ જણાય છે. અને ત્યાર પછી હિંદના જ નહિ પરંતુ દુનિયાના પ્રાચીન ઇતિહાસની પુનઃરચના કરવાનો સમય આવવાની સંભાવના દેખાય છે. ચીન, જાવા અને કંબોડીઆ સુધી જ ભારતીય સંસ્કૃતિના પ્રચારનાં ચિહ્નો જોઇ આશ્ચર્યચકિત થનારાઓ કદાચ એ નથી જાણતા કે હિંદે એ પૌરાણિક રાજાઓના સમયમાં આખા એશિયા, ઉત્તર આફ્રિકા, યુરોપ, પેસીફિકના દ્વીપો અને ત્યાંથી પણ આગળ અમેરિકા સુધી આપણી સંસ્કૃતિનો વિજય-વાવટો ફરકાવી, પશુવત્ જીવન પસાર કરતી માનવજાતિને કૃષિ, તત્ત્વજ્ઞાન, ધર્મ, લિપિ અને કળાઓ શીખવી તેનો ઉદ્ધાર કર્યો હતો. એ ટાઢા પહોરના ગપાટા નથી પણ પુરાતત્ત્વદ્વારા સિદ્ધ થએલી વાતો છે.

૧૯૧૦માં સરકારી પુરાતત્ત્વ ખાતાની પુનઃસ્થાપના કરતી વેળા વાઇસરોય લૉર્ડ કર્ઝને કહ્યું હતું: 'અત્યારે હિંદમાં સૌથી જૂનાં ઐતિહાસિક સ્મારકો સાંચીના બૌદ્ધ સ્તૂપો છે. પણ જ્યારે તે ઊભા કરવામાં આવ્યા ત્યારે ઇજીપ્તના પિરામિડો અને અસીરીઆના રાજમહેલો હજારો વર્ષ જેટલાં જૂનાં થઇ ગયાં હતાં.' એના ૧૮ વર્ષ પછી જ જમાનાએ પલટો ખાધો. હડપ્પા અને મોહેંજો ડેરોમાં હજારો વર્ષ જૂની એક એવી ભારતીય સંસ્કૃતિનાં નગરો મળી આવ્યાં કે જ્યારે ઇજીપ્તમાં પિરામિડો અને અસીરીઆમાં રાજમહેલોના પાયા નખાયા તે વેળા સિંધુ ઉપત્યિકાના આ નગરો હજારો વર્ષ જેટલાં જૂનાં થઇ ગયાં હતાં.

સિંધુ સંસ્કૃતિ દ્રવિડોની કે આર્યોની?

સિંધુ સંસ્કૃતિ દ્રવિડોની હતી તેની પુષ્ટિમાં દ્રવિડ સાહિત્ય, સંસ્કૃતિ કે કળામાં એકેય પ્રમાણ મળી આવતું નથી. એ સંસ્કૃતિ દ્રવિડ હતી તેના ટેકા તરીકે શિવલિંગ પૂજાનું ઉદાહરણ રજૂ કરવામાં આવે છે. ઋગ્વેદમાં એક સ્થળે ઇંદ્ર શિશ્નદેવનો વિરોધ કરે છે જે ઉપરથી જણાય છે કે આર્ય સંસ્કૃતિમાં શિવલિંગોપાસનાનો નિષેધ હતો માટે એ સંસ્કૃતિ દ્રવિડોની હોવી જોઇએ. પણ ખરી વસ્તુ તો જુદી જ છે. સિંધુ ઉપત્યિકાવાસીઓ શિવલિંગ પૂજક હતા તેનાં પ્રમાણો મળ્યાં જ નથી. એ સંસ્કૃતિનાં અત્યાર સુધીમાં ત્રણ નગરો ખોદાયાં છે. હડપ્પા, મોહેંજોડેરો અને ચાન્હુડેરો. એમાંથી ફક્ત એક મોહેંજોડેરોમાં જ શિવલિંગો મળી આવ્યાં છે; અને તે પણ એટલી જુજ સંખ્યામાં કે બધા લોકો એમને પૂજતા હતા તે માની જ ન શકાય. ખરી રીતે એ લોકો સૂર્યોપાસક હતા. એ જ એમના પ્રધાન દેવ હતા.

સૂર્યપૂજા તો આર્ય-સંસ્કૃતિનું ચિહ્ન છે. સુમેર, હિટાઇટ અને ઇજીપ્શીઅનો પણ સૂર્યોપાસક હતા. વળી એ લોકો પૃથ્વીમાતાની નાની નાની માટીની મૂર્તિઓને પૂજતા. એ ઋગ્વેદની દ્યાવાપૃથ્વી આર્ય-કૃષકોની પૂજ્ય દેવી હતી. સિંધુ-સંસ્કૃતિ મેસોપોટે-

મીઆની સુમેર–સંસ્કૃતિ સાથે તાદૃશ્ય મળતી આવે છે. સુમેરો અનાર્ય જાતિના હતા એમ મનાય છે. માટે એ સંસ્કૃતિ પણ સુમેરની પેઠે અનાર્ય હોવી જોઇએ. આશ્ચર્યની વાત તો એ છે કે સુમેર જાતિના નગરો ઉર અને તલ–અસ્મરમાં એ લોકોનાં જે હાડપિંજરો પ્રાપ્ત થયાં છે તેમને માનવવંશવિજ્ઞાનની દૃષ્ટિએ તપાસતાં તેઓ આર્ય જાતિનાં સિદ્ધ થયાં છે. સુમેર ભાષાના ઘણા ખરા શબ્દો અને વ્યાકરણના નિયમો સંસ્કૃત સાથે મળતા આવે છે. એનો જ આધાર લઇ કર્નલ વેડેલ અને તેમના અનુગામી ડૉ. પ્રાણનાથ સંસ્કૃત ને સુમેર ભાષાઓ ઇજીપ્શીઅન અને હિટાઇટ ભાષાઓના મિશ્રણથી ઉત્પન્ન થએલી બતાવે છે. જો સુમેરો આર્યો હતા તો તેમના સજાતીય સિંધુ–ઉપત્યિકા વાસીઓ પણ આર્યો જ હોવા જોઇએ. મોહેંજોડેરોમાં પ્રાપ્ત થએલા હાડપિંજરોની માનવવંશવિજ્ઞાન (Ethnology)ની દૃષ્ટિએ તપાસ કરીને ડૉ. બી. એસ. ગુહા અભિપ્રાય આપે છે કે: ‘સિંધુ અને સુમેર સંસ્કૃતિઓ દ્રવિડોની હતી એ માન્યતા હિંદમાં અત્યારે જે પ્રચલિત થઇ છે તેની પુષ્ટિ કરનાર અત્યારે કોઇપણ પુરાતત્ત્વ અગર તો માનવવંશવિજ્ઞાનનું પ્રમાણ ઉપલબ્ધ નથી. મોહેંજોડેરો, કિશ અને અલઉબૈદ (મેસોપોટેમીઆ)માં જે હાડપિંજરો મળી આવ્યાં છે તે પ્રોટોસિફૅલિક (આર્યોના જેવી) જાતિનાં છે.’

પાશ્ચાત્ય વિદ્વાનો કહે છે કે સિંધુ–સંસ્કૃતિ પછી આર્યો હિંદમાં આવ્યા અને તરતજ તેઓ એ સંસ્કૃતિની લિપિ[1], ધર્મ[2], પહેરવેશ[3], કળા ઇત્યાદિ વસ્તુઓ ગ્રહણ કરીને સભ્ય બની ગયા. ત્યારે તો આર્યો તદ્દન જંગલી જ હતા એમ જણાય છે. કેવી અશાસ્ત્રીય વાત છે? હડપ્પા અને મોહેંજોડેરો એ બંને સ્થળે સિંધુ સંસ્કૃતિના અવશેષો ઉપર એની ઇમારતોની ઈંટોના જ બનેલાં બે બૌદ્ધ કાળના અનુક્રમે અશોક અને કનિષ્કનાં સ્તૂપો મળી આવ્યાં છે. જો આર્ય-સંસ્કૃતિનું અસ્તિત્વ સિંધુ-સંસ્કૃતિ પછીનું છે તો શા માટે તેની ઉપર અને બૌદ્ધ અવશેષોની નીચે આર્ય સંસ્કૃતિનાં અવશેષો ન મળ્યાં? આર્યો સિંધુ પ્રદેશમાં નહોતા આવ્યા તે તો માની જ શકાય નહિ; જ્યારે વૈદિક સાહિત્યની સાક્ષીદ્વારા એ જ પ્રદેશ આર્ય-સંસ્કૃતિનું પ્રાચીનતમ અને મુખ્ય કેન્દ્ર સિદ્ધ થાય છે.

ખરી વસ્તુ તો એ છે કે સિંધુ સંસ્કૃતિ પોતે જ બૌદ્ધકાળ પૂર્વેની આર્ય–સંસ્કૃતિ હતી. એ જાતિઓનું પ્રાચીન સાહિત્ય સ્પષ્ટ જણાવે છે કે દ્રવિડો કદી ઉત્તર હિંદમાં વસ્યા નહોતા તેમ આર્યો ભરવાડોની પેઠે મધ્ય એશિયા અગર તો એશિયા માઇનરથી આવ્યા નહોતા. આર્યો ઉત્તર હિંદના જ મૂળ વતની છે. બયાના જંકશન (બી. બી. રેલવે)થી આગ્રા કોર્ટ સુધી રેલના પાટા નાખતી વેળા એક ઠેકાણે ૩૦ ફૂટની ઊંડાઇમાં એક રેલવે એન્જિનીઅરને માનવહાડપિંજર મળી આવ્યું હતું. તેવાં જ હાડપિંજરો અને માથાં ગોરખપુર (યુ.પી.) અને સ્યાલકોટ (પંજાબ)માં પણ મળેલાં. એ આજથી ૧૦૦૦૦ વર્ષ પૂર્વેનાં હતાં કે જ્યારે સિંધુ-સંસ્કૃતિનું એ હિંદમાં અસ્તિત્વ નહોતું. કલકત્તા યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. પંચાનન મિત્રે તેમની તપાસ કરીને કહ્યું છે કે, ‘આજે એ પ્રાંતોમાં જેવા લોકો રહે છે એવા જ લોકોનાં એટલે આર્યોનાં એ છે’.[4] આર્યો જ્યારે સિંધુ-સંસ્કૃતિ પછી ઇ.સ. પૂર્વે ૨૦૦૦ની લગભગ હિંદમાં આવ્યા, તો ૧૦૦૦૦ વર્ષ પૂર્વેનાં એમનાં એ હાડપિંજરો અહીં ક્યાંથી આવીને દટાયાં?

આર્યો કયા દેશથી હિંદ આવ્યા, અથવા આવ્યા હતા કે નહિ, તેની નોંધ વૈદિક સાહિત્યમાં તપાસતાં ડૉ. મ્યોરે લખ્યું છે:‘હું જાણું છું ત્યાં સુધી સંસ્કૃત સાહિત્યના પ્રાચીનથી એ પ્રાચીન પુસ્તકમાં એવી એકેય નોંધ નથી કે જેના ઉપરથી હિંદી આર્યોનું વિદેશીપણું સિદ્ધ થઇ શકે.’ (Muir's Sanskrit Text Book, Vot. II, p. 323.)

દાશરાજ્ઞ યુદ્ધ

આર્યો ઉત્તર હિંદમાં બહારથી આવીને વસ્યા અને

---

૧ પ્રચલિત ભારતીય લિપિઓની જનની બ્રાહ્મી તે સિંધુ લિપિમાંથી ઉત્પન્ન થઇ હતી એમ સિદ્ધ થઇ ગયું છે.

૨ શિવ, પૃથ્વીમાતા અને પીપળાની હિંદુ ધર્મની પૂજાઓ સિંધુ–સંસ્કૃતિની વસ્તુઓ હતી.

૩ બે મૂર્તિઓના પહેરવેશ પરથી માલૂમ પડ્યું છે કે એ લોકોની વસ્ત્રપરિધાનની પ્રણાલી બૌદ્ધકાળ અને આજના ઉચ્ચવર્ણું હિંદુઓના જેવી હતી.

૪ કલકત્તા યુનિવર્સિટીદ્વારા પ્રગટ થએલા ડૉ. પંચાનન મિત્રના પુસ્તક ‘Prehistoric India’માં એમની સચિત્ર અને વિસ્તાર સાથે વિગત છે.

તેમણે ત્યાં નિવાસ કરતા અનાર્ય દ્રવિડોને પરાજિત કરી દક્ષિણ તરફ હાંકી કાઢ્યા, એના પ્રમાણમાં ઘણા કાળથી વિદ્વાનો ઋગ્વેદના ૭મા મંડલમાં વર્ણિત દાશરાજ્ઞ યુદ્ધની વિગત રજૂ કરતા આવ્યા છે. કદાચ સર્વપ્રથમ રેગોઝીને 'Vedic India'માં એ વિગત રજૂ કરીને તેનો એ અર્થ કાઢેલો. પછી રા. સી. વી. વૈદ્યે તેને જુદું જ રૂપ આપ્યું. એ યુદ્ધ ભરતકુળના સૂર્યવંશી રાજા દિવોદાસ અને તેના પુત્ર સુદાસ તથા પુરુ કુળનાં ચન્દ્રવંશી 'પંચજન' કહેવાતા અનુ, દ્રુહ્યુ, પુરુ, યદુ ને તુર્વશુ તથા ભૃગુ, મત્સ્ય, વિકરણ, શિગ્રુ અને અજ એ દશ રાજાઓ વચ્ચે થયું હતું. પહેલા વિદ્વાન એને આર્ય અને અનાર્યો તથા બીજા સૂર્ય અને ચન્દ્રવંશ વચ્ચે રાજસત્તા માટે થએલું યુદ્ધ માને છે.

ઋગ્વેદનાં વર્ણનોને તપાસતાં એ બે આર્ય પક્ષો વચ્ચેનું ધાર્મિક યુદ્ધ જણાય છે. એમાંથી પહેલા પક્ષનો રાજા સૂર્યવંશી સુદાસ, પ્રજાકીય આગેવાન ઇન્દ્ર અને પુરોહિત વિશ્વામિત્ર હતા. બીજાના રાજા ચન્દ્રવંશી અનુ, દ્રુહ્યુ, પુરુ ઇત્યાદિ, પ્રજાકીય નેતા વરુણ અને પુરોહિત વશિષ્ઠ હતા. એ યુદ્ધ ક્યારે થયું હતું ? પુરાણોમાંની વંશાવળીઓને તપાસતાં જણાય છે કે સુદાસ સૂર્યવંશમાં વૈવસ્વત મનુ પછી બાવનમો રાજા હતો. એ વંશની ૯૧મી પેઢીનો રાજા બૃહદ્બલ હતો જેને મહાભારત યુદ્ધમાં અભિમન્યુએ માર્યો હતો. ડૉ. કાશીપ્રસાદ જાયસ્વાલે મહાભારત યુદ્ધનો કાળ ઇ. સ. પૂર્વે ૧૪૨૪ ઠરાવ્યો છે અને વિદ્વત્ સમાજમાં એ યુક્તિસંગત અને પ્રામાણિક મનાય છે. એની પૂર્વેના દરેક રાજાનો રાજ્યકાળ સરેરાશ ૨૨ વર્ષ માની લઇએ તો સુદાસનો રાજ્યકાળ ઇ. સ. પૂર્વે ૨૩૦૦ની નજીકનો જણાય છે. દાશરાજ્ઞ યુદ્ધને આર્યોના આગમન વખતની ઘટના માની લઇએ તો જણાય છે કે તેઓ ઇ. પૂ. ૨૩૦૦માં હિંદુસ્તાનમાં આવ્યા. એ વિષેના યુરોપીઅનોના મત સાથે એ મળતો આવે છે. આ યુદ્ધમાં ઇંદ્રે રાજા સુદાસ માટે શંબર અસુરના ૯૯ લોખંડના કિલ્લા તોડી પાડ્યા હતા. આ ઉપરથી સર જોન માર્શલ કહે છે કે ઋગ્વેદની આર્ય-સંસ્કૃતિમાં લોઢું વપરાવા લાગ્યું હતું, જે કાંસાના વપરાસ પછીનો બનાવ છે. સિંધુ ઉપત્યકામાં એકેય વસ્તુ લોખંડની મળી નથી. તેથી સિદ્ધ થાય છે કે વૈદિક સંસ્કૃતિ સિંધુ-સંસ્કૃતિ પછીની છે. દાશરાજ્ઞ યુદ્ધ ખરી રીતે શું હતું તે ઉપર દર્શાવ્યું છે. સિંધુ સંસ્કૃતિ ઇ. પૂ. ૩૦૦૦ અને તે પૂર્વેની હતી જ્યારે દાશરાજ્ઞ યુદ્ધ ઇ. પૂ. ૨૩૦૦ની નજીકનું. એ ૭૦૦ વર્ષ દરમ્યાન લોઢું વપરાવા લાગે એમાં શી નવાઇ? હિટાઇટ લોકો જે સુમેરોના સમકાલીન હતા તે ઇ.પૂ. ૩૦૦૦ માં જ એશિયા માઇનરમાં લોઢું વાપરવા લાગ્યા હતા.

દેવાસુર સંગ્રામ

વૈદિક કે પ્રાચીન દ્રવિડ-સાહિત્ય (સંગમ ઇત્યાદિ)-માં ક્યાંય ઉલ્લેખ નથી કે આર્યો અને દ્રવિડો એક બીજાના શત્રુઓ હતા. એથી ઉલટું એમજ જણાય છે કે એ બંને જાતિઓ સંપથી રહેતી હતી. રામાયણ કાળમાં જ્યારે રઘુએ દિગ્વિજયમાં દક્ષિણના દ્રવિડ રાજાઓને તાબે કરવા માંડયા ત્યારથી જ એ બંને જાતિઓ વચ્ચે સંઘર્ષણ થવા લાગ્યું. વૈદિક સંસ્કૃતમાં ઘણા શબ્દો દ્રવિડ ધાતુઓના છે. તેવી જ રીતે જૂની તામિલમાં પણ સંસ્કૃત શબ્દો છે. બ્રાહ્મણ કાળમાં દ્રવિડોની શિવલિંગ પૂજાએ આર્યધર્મમાં પ્રવેશ કર્યો. એના બદલામાં આર્યોની પૃથ્વીમાતા દ્રવિડ ધર્મમાં જઇ શિવની સ્ત્રી શક્તિ બની. આ બનાવમાં આપણને બે સંસ્કૃતિઓ વચ્ચે થએલી એક મહાન આપ-લેનો આભાસ થાય છે, તે એ કે આર્યો વહાણવટાથી અજાણ્યા હતા. જ્યારે તેઓ સરસ્વતી-ઉપત્યિકામાં પોતાની કૃષિપ્રધાન સંસ્કૃતિનો વિકાસ સાધી રહ્યા હતા તે પૂર્વે જ સુરાષ્ટ્ર દ્વીપમાં સરસ્વતી અને સિંધુના મુખો પર દ્રવિડોનાં નૌકા-કેન્દ્રો સ્થપાયાં હતાં. સુરાષ્ટ્રની પૂર્વે ગુજરાત અને મધ્ય તથા દક્ષિણ હિંદના પૌર્વત્ય પ્રદેશોમાં દ્રવિડ જાતિઓ નિવાસ કરતી હતી. સુરાષ્ટ્રની દક્ષિણે અરબી અને હિંદી મહાસાગરમાં વિષુવવૃત્તની નીચે સુધી પાતાળ, લંકા અને નાગદ્વીપો પ્રસરેલા હતા, જ્યાં જુદા જુદા દ્રવિડ રાજાઓ રાજ્ય કરતા હતા. દ્રવિડ જાતિના નિવાસ પ્રદેશો વિધવિધ પ્રકારની પ્રાકૃતિક તથા ખનીજ ઉપજથી ભરપુર હતા. નાગ અને શિવલિંગ એ બે એમના ઉપાસ્ય દેવો હતા. એમણે સુરાષ્ટ્ર અને ગુજરાતમાં એ પૂજાઓનાં અનેક કેંદ્રો સ્થાપ્યાં. નાની નાની લાકડાંની કોરેલી હોડીઓ તથા ચામડાનાં કોરકલોમાં પોતાના દેશની પ્રાકૃતિક સમૃદ્ધિ સરસ્વતી અને સિંધુના પ્રવાહો દ્વારા આર્યાવર્તમાં આવી એ લોકો કૃષક આર્યોને આપી જતા અને બદલામાં અનાજ, ગાયો, બળદ ઇ૦ લઈ જતા.

આર્યોએ પણ સુરાષ્ટ્રમાં આવી પોતાની વસાહતો સ્થાપિત કરી અને દ્રવિડ જાતિ પાસેથી વહાણવટાની કળા શીખી. દ્રવિડ વહાણવટીઓના પ્રધાનદેવ શિવ હતા. પ્રભાસમાં સાગર તટે સ્થપાએલા શિવ દસમી સદી સુધી હિંદી મહાસાગરના વહાણવટીઓના દેવ મનાયા છે. અરબ મુસાફર અલબેરૂની તેનો ઉલ્લેખ કરી ગયો છે. એ શિશ્ન દેવ કે જેને ઇંદ્ર વખોડતા હતા તે આર્ય ધર્મમાં ધીમેધીમે પેસવા લાગ્યા. બ્રાહ્મણ ગ્રંથોમાં એની નોંધ છે. વહાણવટાની કળાના બદલામાં દ્રવિડોએ આર્યો પાસેથી કૃષિ અને ધાતુઓના ઉપયોગની કળા શીખી. તેની સાથે આર્યોની કૃષિદેવી પૃથ્વીમાતા દ્રવિડ ધર્મમાં જઇ મળી. કાળાન્તરે બંને જાતિઓના એ બે નવા દેવો દંપતી બની શિવ પાર્વતી થયા.

સૈકાઓ સુધી આર્યો અને દ્રાવિડોનો સંપ ચાલુ રહ્યો. એમાંથી જે ધર્મ ઉત્પન્ન થયો તેની સંતતિ આજનો હિંદુ ધર્મ છે. આમ આર્ય અને દ્રવિડ પ્રજાઓ એક રૂપ બની ગઇ છે. એ એકસંપીનું આ એક બીજું ઉદાહરણ છે. દેવાસુર સંગ્રામ એ તો સર્વજ્ઞાત વસ્તુ છે. જલપ્રલય (ઇ. સ. પૂર્વે ૩૪૬૫) પછી આર્યોએ વહાણવટામાં અપૂર્વ પ્રગતિ સાધી. તેની જ શક્તિ પર આર્ય રાજા સાગરનાં રાજ્યકાળ સુધીમાં આર્યાવર્તથી માંડી પશ્ચિમમાં ઉત્તર આફ્રિકા અને યુરોપમાં સ્પેન અને આયર્લેંડ સુધી આર્ય જાતિનો સ્વસ્તિક અને ગરૂડનો વિજયધ્વજ ફરકવા લાગ્યો. ને તેના નામ પર સમુદ્ર સાગર કહેવાયો. આર્ય સંસ્કૃતિના સહવાસથી પાતાલ, લંકા અને નાગદ્વીપની દ્રવિડ સંસ્કૃતિએ પણ અપૂર્વ પ્રગતિ સાધી હતી. તેમણે પૂર્વ દિશાને અપનાવી અને પેસીફિકની પેલી મેર ઉત્તર અમેરિકામાં મેકસિકો સુધી જઇ પહોંચ્યા. ત્યાં પોતાના નાગપૂજાના ધર્મની સ્થાપના કરી. કાળાન્તરે આર્યો પણ એ બાજુ જવા લલચાયા ને દ્રવિડોને માર્ગસૂચનની યાચના કરી. નાગદ્વીપના પાટનગર ભોગવતીમાં રાજ્ય કરતા દ્રાવિડ સમ્રાટ વાસુકિ નાગે જાતે જઇ આર્યોને સમુદ્રમંથન કરાવ્યું; એટલે કે પેસીફિકમાં ફરીફરીને તેને મંથી નાખ્યો. આ મહાન સાગરયાત્રામાં ૧૪ પ્રકારનાં રત્નોનાં ઉત્પત્તિક્ષેત્રોનો પત્તો મળ્યો.

આર્યાવર્તમાં આર્યો સરસ્વતી ઉપત્યિકામાં વસતા હતા ત્યારથી તેના બે વિભાગ પડી ગયા હતા. પહેલો કૃષકોનો હતો. એમાંના જ્યારે સુરાષ્ટ્ર અને ગુજરાતના સાગરસ્પર્શી પ્રદેશોમાં દ્રવિડોની મદદથી કૃષિ છોડી વહાણવટી વેપારીઓ બન્યા, ત્યારે બીજો વિભાગ ઉત્પન્ન થયો. પહેલાના નેતા ઇન્દ્ર અને બીજાના વરુણ હતા. બન્ને નેતાઓના મનમાં એકબીજા પ્રત્યે વિરોધભાવ ઉત્પન્ન થયો. એક કહે કે હું આર્યજાતિમાં મોટો ગણાઉં અને બીજો કહે કે હું. વરુણ પોતાને સમૃદ્ધિની દૃષ્ટિએ મોટો લેખે, ઇન્દ્ર ધર્મની દૃષ્ટિએ. કાળાન્તરે એજ બે વિભાગો દેવ અને અસુર કહેવાયા.

ઇન્દ્ર ને વરુણના વિરોધે ભારતવર્ષના ઈતિહાસમાં અનૈક્યનાં જે બી વાવ્યાં તેનો વારસો દેવાસુર સંગ્રામ, દાશરાજ્ઞ યુદ્ધ, મહાભારત, પૃથ્વીરાજ—જયચંદ અનૈક્ય અને હિંદુ મુસ્લીમ વૈમનસ્યના રૂપમાં સૈકાઓ ઉપર સૈકાઓ પસાર કરી આજ સુધી ચાલ્યો આવે છે. આંતર સંઘર્ષની એ પરંપરા દુનિયાના ઇતિહાસમાં અજોડ છે.

સમુદ્રમંથનથી પાછા આવી દેવો અને અસુરો વચ્ચે કયા રત્નની ઉત્પાદક ભૂમિ કોણે લેવી તે વિષે તીવ્ર મતભેદ ઊભો થયો. પરિણામે ઈ. સ. પૂર્વે ૨૨૮૦ માં દેવાસુર સંગ્રામ થયો. અસુરો હારીને ઇરાનમાં જઇ વસ્યા. દેવોના રાજા સૂર્યવંશીઓ કહેવાતા હતા. તેના વિરોધ રૂપે અસુરોના રાજાઓ પોતાને ચંદ્રવંશી કહેવડાવવા લાગ્યા. આમ ચંદ્રવંશની ઉત્પત્તિ થઇ. એ લોકો ઇરાનમાં શાંત થઇને ન બેઠા. પશ્ચિમ એશિયામાંથી શી રીતે દેવોના રાજા સૂર્યવંશીઓના પગ ઉખડે તેનો પ્રયત્ન કરવા લાગ્યા. અંતે ઇ. પૂર્વે ૨૨૦૦માં ચંદ્રવંશી અસુર આર્યોએ મેસોપોટેમીઆ ઉપર આક્રમણ કરી સૂર્યવંશીઓને હાંકી કાઢ્યા અને પોતે રાજા થયા. દેશમાં સૂર્યને બદલે ચંદ્રપૂજાનો પ્રચાર કર્યો. ઉર તેનું પ્રધાન કેંદ્ર બન્યું. એને પરિણામે નિપ્પુરના સૂર્યમંદિરની પડતી થઇ.

પણ ચંદ્રવંશીઓ લાંબાકાળ સુધી ત્યાં ન ટકી શકયા. સૂર્યવંશીઓ પુનઃ રઘુરાજાના સમયમાં દિગ્વિજય કરવા આવ્યા. આખી દુનિયામાં ફરી વળવાની આર્યોની એ વાતો કંઇ ટાઢા પહોરની નથી. એના પુરાવા મોજુદ છે. આર્યજાતિની સિંધુ લિપિ કે જે પશ્ચિમમાં મેસોપોટેમીઆ, ઇજીપ્ત અને યુરોપ સુધી મળી છે, તેજ સુદૂર પેસીફીકમાં ઇસ્ટર ટાપુઓમાંયે મળી આવી છે. એની સાથે મોહંજોડેરોની સિંધુ લિપિની સમાનતાએ પાશ્ચાત્ય વિદ્વાનોને યે વિસ્મય પમાડયા છે. **અમૃત વસંત**

સૂરજનો પહેલો પાડોશી ગ્રહ બુધ

નરી આંખે જોવી પણ મુશ્કેલ પડે એવી એ નાનકડી દુનિયા પર આપણી પૃથ્વી કરતાં પ્રકાશ ને ગરમીનો નવગણો ધોધ વરસે છે ને ઊંડી ખીણો જેટલા જ જબરા–આપણા એવરેસ્ટથી યે ઊંચા પર્વતો તેના પર અસ્તિત્વ ધરાવે છે એ તમે જાણતા હતા?



ઉપરના ચિત્રમાં, ઉપરઃ બુધની પૂર્ણ, મધ્યમ ને બીજકલા. વચ્ચેઃ નિરીક્ષણમાં જણાતું તેનું પૃષ્ઠ. નીચેઃ તેની સપાટી પરનાં ખીણો ને પર્વતોનું દૃશ્ય

મંગળ, શનિ કે ગુરુ જેવા રંગદર્શી ગ્રહોના પ્રમાણમાં જોતાં બુધના ગ્રહ વિષે હજુ આપણે બહુ જાણવા શક્તિમાન નથી થયા એ ખરૂં, પણ એથી એની ગ્રહ તરીકેની વિશેષતાને કશી હાનિ નથી પહોંચતી. એ પણ પોતાની રીતે આપણ પૃથ્વીવાસીઓને અનેક રીતે રસપ્રદ ગ્રહ થઇ પડ્યો છે.

એનું એક કારણ તો એ કે પૃથ્વી કરતાં સૂર્યના બે નજીકના પડોશી—એટલે કે જેમની કક્ષા પૃથ્વીની કક્ષાની અંદર રહેલી છે એવા બુધ અને શુક્ર—માં એનું સ્થાન પહેલું આવે છે. આથી બીજા ગ્રહો કરતાં એને ગરમી અને પ્રકાશ ખૂબ વિપુલ પ્રમાણમાં મળે છે. સૂર્યથી દૂરમાં દૂર હોય ત્યારે યે આપણી પૃથ્વી કરતાં પાંચગણાં ગરમી-પ્રકાશ તેને મળવાનાં, ને તે અનુસાર એના પૃષ્ઠ પરથી સૂર્ય પણ આપણી પૃથ્વી પરના કરતાં કદમાં પાંચગણો મોટો દેખાવાનો; અને જ્યારે નજીકમાં નજીક હોય ત્યારે આપણી પૃથ્વી પર દેખાય છે તે કરતાં નવગણો! એ નવગણો ધોધમાર પ્રકાશ એ નાનકડી દુનિયાને કેવી આંજી નાખતો હશે?

નાનકડી દુનિયા? હાસ્તો. એનું કદ એટલું તો નાનું છે કે નરી આંખે તો જોવો પણ મુશ્કેલ પડે. દૂરબીનથી યે તેનું યોગ્ય નિરીક્ષણ નથી થઇ શકતું, કારણ તે સૂર્યની એટલો તો નજીક છે કે તેના નિરીક્ષણમાં સૂર્યનો પ્રકાશ હમેશાં વિક્ષેપક થઇ પડે છે. છતાં જ્યારે દૂરબીન જેવાં સાધનો યે હસ્તીમાં નહોતાં ત્યારથી, ઠેઠ પુરાણકાળથી, તેનું ગ્રહ તરીકેનું અસ્તિત્વ કેમ સ્થાપવામાં આવ્યું એ નવાઇની વાત છે. પ્રાચીન ગ્રીક લોકોએ તો, તેને પહેલાં સૂર્યની એક બાજુ અને પછી બીજી બાજુ દેખાતો જોઇ, જુદા જુદા ગ્રહો માની મર્ક્યુરી ને ઍપોલો એવાં બે એક ગ્રહને બે નામ આપેલાં.

એની રસપ્રદતાનાં બીજાં પણ અનેક કારણો છે. તેમાંનું એક તો બીજા સર્વ ગ્રહો કરતાં તેની ઝડપી ગતિ અને બીજું તેની કક્ષાનું બાહ્યકરણ (eccentricity). કક્ષાના આ બાહ્યકરણથી એટલે કે સૂર્ય તેની મધ્યમાં ન હોવાને લીધે, સૂર્યથી તેની છેટાઇમાં ખૂબ ફેરફાર રહ્યા કરે છે. નજીકમાં નજીક હોય ત્યારે ૨,૮૫,૮૮,૦૦૦ માઇલ, જ્યારે દૂરમાં દૂર ૪,૩૩,૮૬,૦૦૦ માઇલ. પૃથ્વીથી તેનું છેટું ૪,૮૦,૦૦,૦૦૦ થી ૧૩,૭૦,૦૦,૦૦૦ માઇલ જેટલું રહ્યા કરે છે.

બુધની મધ્યવ્યાસરેખા આપણા ચન્દ્રથી લગભગ દોઢ ગણી–૩૦૩૦ માઇલની છે. કોઇ પણ ગ્રહનું વજન અથવા સમૂહ તે પોતાના ચન્દ્રો ઉપર કેટલું ગુરુત્વાકર્ષણ ધરાવે છે તેના પરથી નક્કી કરી શકાય છે. પણ બુધને તો એવો કોઇ ચન્દ્ર જ નથી, એટલે જુદા જુદા ખગોળવેત્તાઓ પોતપોતાના ક્યાસ અનુસાર તેનો જુદો જુદો આંક મૂકે છે. તેનો સમૂહ આપણી પૃથ્વીના ૧/૨૮ થી ૧/૩૦ સુધીમાં છે, અને તેનું ઘનત્વ મંગળથી તે આપણા ચન્દ્રના ઘનત્વના વચગાળામાં અંદાજવામાં આવે છે.

આપણા ચન્દ્રની જેમ જ બુધ પણ સૂર્યની આસ-

પાસ ફરતાં કળાઓ કરે છે. સેકન્ડનો ૨૯ માઇલની ઝડપે ૮૮ દિવસમાં તે સૂર્યની પરકમ્પા પૂરી કરે છે. પોતાની ધરી પરની પ્રદક્ષિણા પણ તે એટલા જ દિવસમાં પૂરી કરતો હોઇ, આપણને તેનો એક જ અર્ધ દેખાય છે. વળી જ્યારે સૂર્યની વધુમાં વધુ નજીક હોય ત્યારે તો પૃથ્વી તરફનો એનો અર્ધ ભાગ બિલકુલ અંધારો જ રહે છે. ને આ જ કારણે ચન્દ્ર સિવાય પૃથ્વીની નજીકમાં નજીક હોવા છતાં બુધની સપાટીનો કશો ચોક્કસ નિર્ણય થઇ શક્યો નથી.

જેમ એનો અંધારો ભાગ નિર્ણય માટે અયોગ્ય છે તેમ તેનો પ્રકાશિત ભાગ પણ કશા ચોક્કસ કથન માટે નકામો છે. માત્ર એ પ્રકાશ અને અંધકારને ભેદતી છેદરેખા (Terminator) આસપાસનો બુધનો સાંધ્ય પ્રદેશ (Twilight zone) નિરીક્ષણની કંઇક સવડ કરી આપે છે. તદનુસાર થએલા નિરીક્ષણ દ્વારા જણાયું છે કે તેના પર ઊંડી ઊંડી ખીણો ને જબરા પર્વતો—જેમાંના કેટલાકની ઊંચાઇ તો સાઠ હજાર ફૂટની છે એવા—અસ્તિત્વ ધરાવે છે. તેની સપાટી ખૂબ ખરબચડી દેખાતી હોઇ ઘણાખરા ખગોળજ્ઞો તેનું પૃષ્ઠ ચન્દ્રને મળતું માને છે.

ત્યાંનો દિવસ ત્યાંના વરસ જેવડો જ છે, આપણા ૮૮ દિવસનો. કેમ કે પોતાની ધરી ઉપર તેમ જ સૂર્યની આસપાસ પોતાની કક્ષામાં ફરતાં તેને સરખો જ સમય લાગે છે. એવા આ ગ્રહ પર વસતિની સંભાવના તો પહેલી નજરે જ અકલ્પ્ય લાગે. ગરમીનો ગમે તેટલો ધોધમાર તેના પર વરસતો હોય, પણ એ ગરમી વધુમાં વધુ તો ૩૫૦ ડિગ્રી સેન્ટીગ્રેડ જણાઇ છે, જે સીસાને યે ગાળવા માટે પૂરતી નથી. વળી આ ગરમી બહુ નજીવા જ પ્રકાશનું પુનરાવર્તન કરતી હોઇ, એ ચોક્કસ થાય છે કે તેના પર વાતાવરણ લગભગ નહિ જેવું જ છે. અને એનો સમૂહ પણ એવડો મોટો નથી જે તેના પર કશા વાયુઓ હોય તો તેમના પાંખા અણુઓને ધસારાબંધ અવકાશમાં ઊડી જતા અટકાવે. એટલે આપણા ચન્દ્રની જેમ ઠરી જઇને મૃત બનેલા એ ગ્રહ પર કશી વસતિ હોવાનો સંભવ જણાતો નથી.

બુધની કક્ષામાં ફેરફાર થયા જ કરે છે. એ વિચિત્રતા કંઇ એના બીજા સગોત્રીય ગ્રહોને આભારી નથી; એનું કારણ તો આઇન્સ્ટાઇનના સાપેક્ષવાદની એક જબરી સાબિતી રૂપે રહ્યું છે. પણ એ ખૂબ અઘરૂં ને અટપટા ગણિતનું કામ હોઇ આપણે અત્રે તે જાણવાની કંઇ આવશ્યકતા નથી. **'અનિકેત'**



મેંદીનાં પાન

જેનો ખરો રંગ જો લાગશે તો સદા તમારા આત્માને સોહાવી રહેશે.

જો તું શેઠ હો તો કોઇક વખત આંધળો બનતાં શીખ; જો નોકર હો તો બહેરો બનતાં.

પુસ્તકોમાંથી કશું શીખી શકાય તેમ નથી એમ માનનારો જેટલો મૂર્ખ છે એટલો જ મૂર્ખ બધું પુસ્તકોમાંથી જ શીખી શકાય છે એમ માનનારો પણ છે.

પુસ્તકોના વાચન કરતાં યે આપણે તેમનો વધુ ઉપયોગ ચર્ચાઓ કરવામાં કરીએ છીએ.

સરસ રીતે કામ કર્યા વગર સરસ પરિણામની આશા રાખવા જેવી બીજી કઇ મૂર્ખાઇ હોઇ શકે?

દુનિયામાં વધારેમાં વધારે વખાણવા જેવો કોઈ શોખ હોય તો સામા માણસોને હસતા રાખવાનો.

બાળકના વિજયનું રહસ્ય એ જ છે કે તેને પોતાના આત્મા પર શ્રદ્ધા રહે છે.

માત્ર તમારૂં ચારિત્ર શુદ્ધ રાખતાં શીખો ને આખી દુનિયાને તમે ઢંઢોળી શકશો.

આ મહિનો (સપ્ટેમ્બર) . . . અને એની પ્રતિભા

તા. ૧ અંગ્રેજોએ ટ્રાન્સવાલ જીત્યું-ઇ. ૧૯૦૦.

તા. ૪ કર્નલ મેન્સને અલીગઢ પર હલ્લો કર્યો-ઇ. ૧૮૦૩.

તા. ૫ હેરાતમાં બળવો ફાટી નીકળી કેટલાક સિવિલ ને લશ્કરી અમલદારોનાં ખૂન થયાં-ઇ. ૧૮૭૯.

તા. ૬ 'મેફ્લાવર' નામના જહાજમાં 'પિલગ્રિમ ફાધર્સ' અમેરિકા ઊપડયા-ઇ. ૧૬૨૦ ✱ ✱ મુંબાઇ કાઉન્સીલે અરબી સમુદ્રના ચાંચીઆ આંગ્રે સામે લડાઇ જાહેર કરી-ઇ. ૧૭૨૦.

તા. ૭ ફ્રેન્ચ ઍડમિરલ દ લા બોર્દોનેએ ૬૦૦ માણસો સાથે મદ્રાસથી ૧૨ માઇલ પર પડાવ નાખ્યો ને ત્રણ દિવસની લડાઇ પછી અંગ્રેજો પાસેથી ફૉર્ટ સેંટ જ્યૉર્જ જીતી લઇ ૩૦૦ યુદ્ધકેદીઓ પકડયા.-ઇ. ૧૭૪૬.

તા. ૧૭ ગ્લૅડસ્ટને જેને માનવમગજની સર્વોત્તમ કારીગરી તરીકે ગણાવ્યું છે એ અમેરિકાના રાજબંધારણની જાહેરાત-ઇ. ૧૭૮૭.

તા. ૧૮ ચીનાઓનો હલ્લો ખાળવા નેપાલના રીજન્ટે લૉર્ડ કૉર્નવૉલિસ પાસેથી લશ્કરી સહાય માગી પણ તેને ના પાડી દેવામાં આવી-ઇ. ૧૭૯૨.

તા. ૧૯ અમેરિકામાંથી ગુલામી પ્રથા નાબૂદ કરવામાં લિંકનના જમણા હાથ જેમ્સ ગાર્ફિલ્ડનું અવસાન-ઇ. ૧૮૮૧.

તા. ૨૧ સ્કૉટલૅન્ડના વીર કવિ સર વૉલ્ટર સ્કૉટનું અવસાન-ઇ. ૧૮૩૨.

તા. ૨૪ ઇંગ્લંડના જ્યૉર્જ પહેલાએ ઇસ્ટ ઇંડીઆ કંપનીને દીવાની ને ફોજદારી ન્યાયપ્રકરણ માટે 'કોર્ટ્સ ઑવ રેકોર્ડ્સ' મદ્રાસ, કલકત્તા ને મુંબાઇ ખાતે ઊભી કરવાની મંજૂરી આપી, ને હિંદને 'ઇંગ્લિશ લૉ' લાગુ પાડવામાં આવ્યો-ઇ. ૧૭૨૬ ✱ ✱ ઔરંગાબાદ નજીક રોહીલાઓએ બ્રિગેડિયર ડબલ્યુ. મેનના લશ્કર પર હલ્લો કર્યો-ઇ. ૧૮૫૪.

તા. ૩૦ જસ્ટીસ કાશીનાથ ત્રિંબક તેલંગનો જન્મ-ઇ. ૧૮૫૦.



આ માસની વિભૂતિ
કાશીનાથ ત્રિંબક તેલંગ

તેલંગ, રાનડે ને ફિરોજશાહ મહેતા એક કાળે મુંબાઇ ઇલાકાના સર્વેસર્વા લેખાતા ત્યારે મહાગના ગોખલેજીએ ત્રણેની તુલના કરતાં પહેલાને સંસ્કૃતિના, બીજાને દૂરદર્શિતાના ને ત્રીજાને ધૈર્યના પ્રતીક ગણાવેલા. શ્રી તેલંગના જીવનનાામુખ્ય બનાવો નીચે આપ્યાછે:

૧૪મા વર્ષે મૅટ્રિક પસાર કરી.
૧૭મા ,, ગ્રેજ્યુએટ થયા.
૧૯મા ,, એમ. એ., એલ.એલ.બી.
૨૨મા ,, ઍડવોકેટ (ઓ. એસ.)
૩૦મા ,, હંટર કમિટીના સભાસદ.
૩૯મા ,, હાઇકૉર્ટના જજ.
૪૩મા ,, મુંબાઇ યુનિવર્સિટીના હિંદી વાઇસ ચૅન્સેલર અને રૉયલ એશિયાટિક સોસાયટીના પહેલા હિંદી અધ્યક્ષ.


એમના જીવનકાળમાં ચાર વાઇસરૉયોનો અમલ હિંદુસ્તાન પર થઇ ગયો: લૉર્ડ લિટન, લૉર્ડ રિપન, લૉર્ડ ડફરિન ને લૉર્ડ એલ્જિન. એમાંના પહેલાના અમલમાં તેલંગ અને મહેતાએ દરેક બાબતમાં સરકાર વિરુદ્ધ ચળવળ આદરેલી બીજાના અમલમાં પણ ઇલ્બર્ટ બિલનો જે વાવંટોળ હિંદુસ્તાનમાં ઊઠેલો તેને દફે કરવા બંનેએ કમર કસેલી. ત્રીજાની કારકિર્દીમાં કૉંગ્રેસનું મંગળાચરણ થયું ત્યારે તેની વિરુદ્ધ સરકારી અમલદારોના મનમાં જામેલો કિલ્મિશ દૂર કરવા પરિશ્રમ આદર્યો. હિંદુસ્તાનના નિરનિરાળા પ્રાંતોના લોકનેતાઓને એક જ ભૂમિકા પર આણવા ને દેશની સઘળી ચળવળ કૉંગ્રેસમાં કેન્દ્રીભૂત કરવા તેલંગે બુદ્ધિ, શક્તિ, યુક્તિ ને દ્રવ્યનો જે છૂટથી ઉપયોગ કર્યો તેથી તેમનું નામ એ કાળે સર્વતોમુખી બની ચૂકેલું.

પરંતુ એમનું કાર્યક્ષેત્ર એકલું રાજકારણનું જ નહોતું. મુંબાઇ યુનિવર્સિટીની એકંદર પુનર્ઘટના કરીતેનો અભ્યાસક્રમ વ્યવસ્થિત ને રાષ્ટ્રીય દષ્ટિએ નક્કી કરવાનો એમણે પ્રથમ પ્રયત્ન કરેલો, જે 'તેલંગકોર્સ' તરીકે પ્રખ્યાત છે. મહારાષ્ટ્રમાં સંમતિવયના કાયદાના પણ આગરકર, રાનડે વગેરે સાથે તે પુરસ્કર્તા હતા. ઉપરાંત એ જબરા વિદ્યાવ્યાસંગી પુરુષ હતા. સંસ્કૃત, મરાઠી, અંગ્રેજી, ફ્રેંચ, જર્મન, લૅટિન વગેરે ભાષાઓના એ તજ્જ્ઞ હતા ને તેતે ભાષાઓનાં વાઙ્‌મય અને તત્ત્વજ્ઞાન તેમણે પૂરતાં પચાવેલાં. અને પ્રાચ્યવિદ્યા સંશોધન ને ઇતિહાસમાં તો, પોતાનો અન્ય વ્યવસાય સંભાળતાં છતાં એમણે જે ભરપૂર કાર્ય કરેલું છે એ વડે અભ્યાસ ને સંશોધન એ બંને દષ્ટિએ એ ચિરસ્મરણીય બન્યા છે. સરકારી નોકર હોવા છતાં દેશસેવાની એકે તક એમણે જવા દીધી નહોતી. ૧૮૯૩ના ઑગસ્ટની ૩૧મીએ એમનું અવસાન થયું તે અરસામાં એ સાલમાં જ દાદાભાઇ નવરોજજીના પ્રમુખપદે ભરાનારા કૉંગ્રેસના અધિવેશનને સફળ બનાવવા એ મથી રહ્યા હતા. 'ઇંડીઅન ઍન્ટીક્વેરી'માં એમની મૃત્યુનોંધ લખતાં સર રેમંડ વેસ્ટે લખેલું, 'his life was that of a scholar and meditative saint.'



ઘરના સેવા (મૂળ પાંચ રંગમાં કરેલું વૂડકટ)

કલાકાર · રસિકલાલ પરીખ




ટીપુ સુલ્તાનનો મહેલ (શ્રીરંગપટ્ટણ) અંદરનો ભાગ

વનવગડાનાં વાસી

પંખીપરિચયની એ લેખમાળામાં આગળ છપતો

સ્વૉલો



તારોડિયું: 'વાયર ટેઈલ્ડ સ્વૉલો'

અબાબીલનો પરિચય એક વખત પડ્યો, એની આકૃતિ મનમાં વસી ગઇ, એટલે ગમે તે જાતની સ્વૉલોને જુઓ કે એ તરત ઓળખાઇ જશે. નાનાંમોટાં હશે, પણ બંને વિભાગનાં પંખીઓનો દેખાવ એક જેવો છે. છતાં મજા તો એ છે કે બંને પંખી વચ્ચે કદી પણ ગોટાળો થતો નથી! અબાબીલની પાંખો શરીર કરતાં મોટી અને ઉઘાડે ત્યારે ગોળ અર્ધચન્દ્રાકારે દાતરડા જેવી પૂરેપૂરી વાંકી; સ્વૉલોની એના પ્રમાણમાં નાની અને ઊડતાં હોય ત્યારે ખભા આગળ ખૂણો પાડતી લાગે: અબાબીલ માળા ફરતાં ઊડે ત્યારે પાંખો વીંઝતાં નથી, પણ માત્ર એના છેડા હલાવે છે; માળામાંથી નીકળી સ્થિર દેખાતી પાંખો ઉપર એક ગોળ ચક્કર લગાવી, પાછાં માળા ભેગાં થઇ જાય છે; પરંતુ માળાથી છેટે જાય ત્યારે પાંખો વીંઝે છે. જ્યારે સ્વૉલો અન્ય પંખીઓ પેઠે પાંખો હલાવતાં, ઉચ્છ્વાસ કરતાં ગમે ત્યાં ઊડતાં દેખાય છે. અબાબીલ માળામાં અથવા ભીંત કે છત ઉપર લટકવા સિવાય બીજે કહીં પણ બેસતાં જોવામાં નથી આવતાં; ત્યારે સ્વૉલો તો ગમે ત્યાં, રેલવેના તાર ઉપર, કોટને કાંગરે, મન્દિરની અગાશીની પાળે અથવા પાણીનાં નાળાં પર એમ વિવિધ સ્થળે બેઠેલાં નજરે પડે છે: માત્ર ઝાડ પર એ બેસતાં નથી.

૧. સ્વૉલોમાં પહેલું આવે **Wire Tailed Swallow:**[૧] હિંદી નામ લેહ્શરો. વાઘરીઓના મોંએ એનું ગુજરાતી નામ 'તારોડિયું' મારા સાંભળવામાં આવ્યું છે, એ એનાં પૂછડીમાંનાં, લોખંડના તાર જેવાં બે લાંબાં પીછાં ઉપરથી.

એમનો રંગ ઘેરો ચળકતો આસમાની. નીચેનો સ્વચ્છ ધોળો. માથું લાલ. ચાંચ કાળી. પગ કાળા.

પૂછડીનાં બંને પડખાંનું એકેક પીછું છેડેથી સાતેક આંગળ જેટલું લાંબું વધેલું હોવાથી, પૂછડીમાં જાણે બે તાર ખોસ્યા હોય તેવું લાગે છે. એને ઓળખવાની આ એંધાણી છે. આપણાં પંખીઓમાં આવાં તાર જેવાં પીંછાં માત્ર નીલકંઠ **Indian Bee Eater** ને હોય છે.

એના પગ નિર્બળ હોવા છતાં એને સપાટ સ્થળ ઉપર બેસવાની અડચણ પડતી નથી. એના મોંની ફાડ પહોળી હોય છે, છતાં અબાબીલ જેટલી વિશાળ નહિ.

પાંખો: શરીરથી લાંબી, છેડેથી અણીદાર.

બધી સ્વૉલોમાં અત્યંત ખૂબસૂરત આ 'તારોડિયું' એકલું જ. આપણે ત્યાં એ સ્થાયી વસનારું પંખી છે. એનું નિવાસસ્થાન જળાશયની અત્યંત નિકટ હોવાથી એના માળા પણ પાણી ઉપરનાં નાળાં, પૂલ કે કૂવામાં બાંધે છે. માત્ર પંખી પોતે જાય–આવે એટલી જ ડોકાબારી રાખીને, એ પથ્થર વચ્ચે કે પાણી ઉપરની છત નીચે, માટીના લપકાનો બનાવેલો અરધી રકાબી જેવો માળો એ ચોંટાડે છે. એમાં મૃદુ પીંછાંની પથારી કરી, તેના ઉપર સરસ શ્વેત રંગ ઉપર કંકુવરણાં છુંદણાંવાળાં ત્રણ ઇંડાં મૂકે છે. એનો પ્રજનનકાળ ફેબ્રુઆરીથી ઑગસ્ટ. આ પંખી સ્વભાવે જ એકલપેટું હોવાથી એના માળા માત્ર છૂટાછવાયા એકેક જ નજરે પડે છે. આવા માળા મેં પ્રાંતીજના બાખમાં, લીંબલાના બંધમાંથી પાણી જવાના નાળામાં જોએલા. ચંડોળામાં કહીં પણ નજરે પડતા નથી.

પાણી સમીપ જ રહેવાનાં આટલાં પક્ષપાતી છતાં ક્વચિત એ નિર્જળ સ્થાને પણ નજરે પડે છે. ગયા ઉનાળામાં, જ્યાં ગાઉગાઉમાં પણ તળાવ કે નદીનાળું નથી એવા કામળી ગામમાં સદરો માતાના મન્દિરમાં ત્રણ 'તારોડિયાં' મારા જોવામાં આવ્યાં હતાં. આ જાતનાં પંખી છે તો આ (ઉ. ગુ.) પ્રદેશનાં સ્થાયી વસનારાં, છતાં ક્વચિત ક્વચિત સ્થાનિક યાત્રા કરતાં હોવાનું પણ મનાય છે. એથી આવી યાત્રા પણ આ

[૧] Hirundo Smithii

દરવાજાની વચ્ચોવચ છત ઉપર, નહિ તો ય એમના ૫૦–૭૫ માળા હશે. ખેડબ્રહ્માની ધર્મશાળામાં પણ એ વરસોથી ધામા નાખી પડયાં છે. આ માળા બધા કાદવના બનાવેલા, પીંછાં વગેરેથી છાયેલા અને ગળા વાળેલા ભોટવા કે કૂલડીના ઘાટના હોય છે. વરસમાં બે વખત—શિયાળા અને ઉનાળાના અંત ભાગે—એમની સંતાનોત્પત્તિ થાય છે. એમનાં ઇંડાં ૩–૪ શ્વેતરંગી અને ક્વચિત છીંકણી રંગની છાંટવાળાં હોય છે.

ગુજરાતમાં બારે માસ રહેનારાં સ્વૅલો આ ત્રણ જાતનાં. એની European Swallow નામની એક જાત દર વરસે શિયાળો ગાળવા ભારતવર્ષમાં ઠેઠ ગુજરાત સુધી આવે છે. આપણે ત્યાં આ પંખીની જરાય કિંમત નથી, પરંતુ ઇંગ્લંડમાં એનું સ્થાન ઘણું ઊંચું છે. દર શિયાળે ત્યાંનાં સ્વૅલો બધાં દેશાન્તર કરતાં, ઠેઠ દક્ષિણ આફ્રિકા સુધી જઇ પહોંચે છે અને શિયાળો પૂરો થાય એટલે ઇંગ્લંડ પાછાં આવી, માળા બાંધે છે. એમના આગમનની પળ એ જ ઊનાળો બેસવાનો કાળ. આને અનુલક્ષીને અંગ્રેજી કહેવત પણ પડી છે: 'One swallow does not make a Summer.'

૪. સ્વૅલોના કુટુંબનાં નથી, છતાં એનાં સગોત્રી મનાએલાં, સ્વૅલોના જેવી જ આકૃતિ ગુણ વગેરેના ગાઢ સાદૃશ્યવાળાં બે પંખી આપણે ત્યાં થાય છે. એમનો પરિચય કરી આ વિસ્તાર સમેટી લઇએ.

એકનું નામ Ind. Sand Martin.[૪] ચકલીથી યે નાનું પંખી. સમગ્ર દેખાવ, ઊડવાની છટા વગેરે સ્વૅલોને મળતાં. પણ શરીરનો રંગ મટોડી જેવો ભૂખરો. પેટનો ભાગ ધોળો. સામાન્ય રીતે જળાશય ઉપર જ ટોળે વળીને ફરનારાં. એમના માળા પણ નદી કે તળાવના કિનારે, ભેખડમાં બેત્રણ ફૂટ ઊંડાં દર ખોદી, એના તળિયે ઘાસ અને પીછાંના બનાવેલા અને પાસેપાસે આવેલા હોય છે. એમાં એ શિયાળામાં ચોખ્ખા દૂધિયા રંગનાં ત્રણત્રણ ઈંડાં મૂકે છે.

બીજી જાત Dusky Crag Martin.[૫] સ્વભાવે એકલપેટું આ પંખી ચકલી જેવડું અને રંગમાં મેલા કાળા કે ધુમાડાના રંગનું હોય છે. પાણી પાસે રહેવાની ટેવ છતાં એનો માળો ઘણી વખત પાણીથી થોડે છેટે ભરવસતિ વચ્ચે પણ બાંધે છે. આવો એક માળો ત્રણેક વરસ પર વાડીલાલ સારાભાઇ ઑસ્પિટલની ભીંતે મારા જોવામાં આવેલો. અને આ લખું છું તે વેળા પણ અમારી સામેના મકાનની ભીંતે ધાબા પર બાંધેલા માળામાં એનું એક જોડું આવજા કરી રહ્યું છે.

એમના માળા, નીચેથી અણીદાર કોડિયા ઘાટના, કાદવના બનાવેલા હોય છે. એને એ ભીંતની કોરનીસ કે એકાદ છજાના છત્ર નીચે ભીંત સાથે ચોંટાડી દે છે. જાન્યુઆરીથી ઑક્ટોબર સુધીના ગાળામાં બે વાર ઇંડાં મૂકે છે: દરેક વખતે ૩–૪ સફેદ રંગનાં રાતાં છુંદણાંવાળાં. આ બંને આપણે ત્યાં બારે મહિના રહેનારાં અતિ વ્યાપક પંખી છે.

મસ્જિદો, મંદિરો, ધર્મશાળા, કોટકિલ્લા, નદીનાળાં અને વાવકૂવા તથા તળાવ તેમજ ભરવસતિમાં મકાનોમાં રહેતાં, હમેશનાં આપણાં પાડોશીઓનો આ પરિચય વિસ્તૃત હોવા છતાં અત્યંત સરળ છે. આટલી સરળતા યે જેમને ભારે પડે તેમને આ નીચેનાં લક્ષણ યાદ રહેશે તો પણ કોઇ અબાબીલ અણજાણ્યું નહિ રહે:

૧. અબાબીલ: પીઠ પર ધોળો પટો. પાંખ હલાવ્યા વિના ઊડે. ભરવસતિમાં ટોળે વળી રહેનારાં.

૨. તારોડિયું: પૂછડીમાં તાર જેવાં બે પીંછાં. માથું લાલ. પેટ ધોળું. ઘણુંખરું પાણી પાસે એકલદુકલ જ ફરનારાં. પાણી પર જ માળા: રકાબી જેવા છીછરા.

૩. મસ્જિદની 'અબાબીલ': સૌથી મોટાં. પીઠ પર લાલ પટો. પેટ મેલું ધોળું. ટોળે વળીને ઊડનારાં. પણ માળા તો છૂટાંછવાયાં જ બાંધે. પાણી ઉપર નાળાં નીચે: કૂલડી જેવા.

૪. પહાડી 'અબાબીલ': માત્ર પેટ ધોળું. ટોળે વળીને કૂલડી જેવા માળા બાંધે. ૨૫ થી ૫૦૦ જેટલા એક સાથે.

૫. ધૂળિયું 'અબાબીલ': હમેશાં પાણી ઉપર ફરનારાં અને પાણીના કિનારે જમીનમાં દર કરીને માળા બાંધનારાં સૌથી નાનાં અબાબીલ.

૭. સિંદુરિયું 'અબાબીલ': નાનું, ટોળે વળી ફરનારું છતાં માળા બાંધે છૂટાછવાયા: રકાબી જેવા ભીંત ઉપર. મધુર સ્વરે ચી-ચી-ચી કરતું આખો દિવસ ઊડનારું.

---

૪ Riparia Chinensis

૫ Ptynoprogne Concolor



તમારે વન-માળી થવું છે?

ભાવિ કારકિર્દીનો વિચાર કરનારા કુમારોને

દહેરાદૂનની ફૉરેસ્ટ કૉલેજનો પરિચય આપતો લેખ

જંગલમાં રહીશું તો શાંત જીવન ગાળીશું, કુદરતને ખોળે પ્રકૃતિનું લ્હાઈ પ્રમાણીશું, એવા વિચારે 'વન-માળી' (ફૉરેસ્ટર) થવાનું તો ઘણા યે પસંદ કરે; પણ સાચા વન-માળી થવા માટે તો જોઇએ જંગલની મુશ્કેલીઓ સહન કરી શકે તેવું ખડતલ શરીર અને વિશાળ વનશાસ્ત્રના કોયડા ઉકેલી શકે તેવી ધીટ બુદ્ધિ. માનસિક અને શારીરિક કામ વન-માળીને સમાન હોય. જંગલમાં રખડવાની અશાંતિ અને જવાબદારીભર્યાં કામનો ઉચાટ તો તેને પણ હોય; છતાં એ સમાજ અને સંસ્કૃતિથી દૂર જંગલના એકાંતમાં કામ કરી ઘણુંખરૂં વનમાળી પોતાના અંગત નાદમાં મગ્ન રહે છે. પ્રકૃતિમય જીવન ગાળી વનવગડાનો એ વાસી સંતોષી જીવન જીવી શકે છે. અને ધારે તો સાહસિક વનેચર પણ બની શકે છે.

આવી એ વનવિદ્યા વિદેશી અવતરણ મટી જઇ આપણી સાથે સ્વાભાવિક બને તો જ તેના પાયા નિરામય અને ચિરસ્થાયી ગણી શકાય. તેટલા ખાતર સને ૧૮૯૯ માં દેહરાદૂનમાં ઇમ્પીરિયલ ફૉરેસ્ટ કૉલેજની સ્થાપના થઇ; અને એ વનવિદ્યાલયમાં રેંજર અને ઇમ્પીરિયલ ફૉરેસ્ટ સર્વિસનો અભ્યાસ-ક્રમ શીખી હિંદી અને યુરોપીય વિદ્યાર્થીઓ ઉચ્ચ અધિકારી પદ માટે તૈયાર થવા લાગ્યા. હવે હિંદી સરકારના જંગલખાતાને માત્ર રેંજરોની જરૂર હોઇ તેટલા પૂરતો જ અભ્યાસક્રમ વિદ્યાલયમાં શીખવાય છે. વળી રેંજરોના હાથ નીચે કામ કરવા ડેપ્યુટી રેંજરો અને ફૉરેસ્ટરોને પ્રાંતીય જંગલખાતાં તરફથી ચલાવાતી વનશાળાઓમાં કેળવવામાં આવે છે. ફૉરેસ્ટર થવા માટે તો થોડુંઘણું અંગ્રેજી અને પોતાની પ્રાંતીય ભાષાનું સંપૂર્ણ જ્ઞાન હોવું જોઇએ.

કૉલેજમાં દાખલ થતા વિદ્યાર્થીઓના ચાર પ્રકાર નક્કી કરવામાં આવ્યા છે: (૧) સ્વકીય શિષ્યો; (૨) સરકાર તરફથી પ્રમાણિત થઇ શિષ્યવૃત્તિ મેળવતા શિષ્યો; (૩) દેશી રાજ્યો, બ્રિટિશ સંસ્થાન વગેરે તરફથી નિયુક્ત થએલા શિષ્યો; અને (૪) સરકારી નોકરીમાં જ હોય તેવા વિદ્યાર્થીઓ. દરેક વિદ્યાર્થી પાસે તેને ઉત્તીર્ણ થયા પછી કામગીરી મળશે જ એવું કરારનામું હોવું જોઇએ. જેની પાસે એ ન હોય તેને દાખલ નથી કરતા; વિદ્યાર્થીની ઉમર ૧૮ વર્ષથી ઓછી કે ૨૫ વર્ષથી વધારે ન જ હોવી જોઇએ. મૅટ્રિક પાસ થએલા વિદ્યાર્થીઓ પણ દાખલ થઇ શકે છે; છતાં યે સરકારી નોકરીમાંથી આવેલા ન હોય તેવા ઘણાખરા વિદ્યાર્થીઓ ઇન્ટર સાયન્સ, બી. એ., બી. એસ.સી., કે ખેતીવાડી વિદ્યાના લાઇસેન્સીએટ હોય છે અને તેઓ જ ત્યાં ફાવે છે.

કૉલેજમાં દાખલ થયા પહેલાં વિદ્યાર્થીનું ગણિત, અંગ્રેજી જ્ઞાન, લખવાની ઝડપ અને અક્ષરોનું માપ કાઢવા એક પ્રવેશક પરીક્ષા લેવાય છે. જે વિદ્યાર્થીમાં શારીરિક અને બૌદ્ધિક બળનો સારો સમન્વય જણાય તેને જ લાયક ગણી ચૂંટવામાં આવે છે. વળી જે વિદ્યાર્થી સરકારી નોકરીમાં ન હોય તે નિપુણ જંગલ-અધિકારી બને તે જોવા તેને કૉલેજમાં દાખલ કર્યા પહેલાં કોઇપણ જંગલમાં ફૉરેસ્ટ ઑફિસરના હાથ હેઠળ ત્રણ મહિનાનું પ્રાયોગિક શિક્ષણ લેવા મોકલવામાં આવે છે.

એપ્રિલની પહેલી તારીખથી કૉલેજનું પહેલું સત્ર શરૂ થાય છે. વર્ષ દરમ્યાન ત્રણ સત્ર હોય છે. સત્રાંતે સમર, વિન્ટર અને ક્રિસ્ટમસ વૅકેશન હોય છે. દર માર્ચમાં વાર્ષિક પરીક્ષા લેવાય છે. બે વર્ષને અંતે



દહેરાદૂનના ફૉરેસ્ટ રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટ (વનવિદ્યાના સંશોધન)નું આલેશાં મકાન

અભ્યાસક્રમ ખતમ કરી પરીક્ષા પસાર કર્યા પછી ત્રણ દરજ્જા (ઑનર્સ, હાયર સ્ટાન્ડર્ડ અને લોઅર સ્ટાન્ડર્ડ) નાં પ્રમાણપત્રો આપવામાં આવે છે.

રેન્જરના બે વર્ષના અભ્યાસક્રમમાં નીચેના વિષયો શીખવવામાં આવે છેઃ

(૧) મુખ્ય વિષયોઃ (અ) વનરક્ષણ-વિદ્યા (ફોરેસ્ટ્રી); ૧ સીલ્વીકલ્ચર, વહીવટ અને સંરક્ષણ ૨ ફૉરેસ્ટ યુટીલીઝેશન; (આ) ઇતર વિષયોઃ ૩ વનસ્પતિ-શાસ્ત્ર, (મુખ્યત્વે જંગલની વનસ્પતિના વર્ગ દર્શાવતું); ૪ ફોરેસ્ટ એંજીનીઅરિંગ; ૫ સરવેઇંગ અને ડ્રૉઇંગ.

(૨) ગૌણ વિષયોઃ ૬ ગણિત [મૅથેમૅટિક્સ].(ફોરેસ્ટ મેન્સ્યુરેશનમાં તેની ઉપયોગિતા પૂરતું.) ૭ એલીમેન્ટરી ફિઝિકલ સાયન્સ, ભૂસ્તરવિદ્યા સહિત. ૮ ફૉરેસ્ટ લૉ, ઇંડીઅન ફોરેસ્ટ ઍક્ટ, લેંડ એકવીઝીશન ઍક્ટઃ કૅટલ ટ્રેસપાસ ઍક્ટઃ ઇન્ડીઅન પીનલ કોડઃ કોડ ઑવ ક્રિમિનલ પ્રોસીજર, લૉ ઑવ એવીડેન્સ; ૯ ફૉરેસ્ટ એકાઉન્ટસ અને પ્રોસીજર; ડીપાર્ટમેંટલ ઓરગૅનીઝેશન, મુખ્યત્વે રેન્જનો વહીવટ.

કેળવણીની વાર્ષિક ફી (શિક્ષણ ફી અને સ્થાનિક હૉસ્ટેલ્સમાં અપાતી બધી ઉત્તમ સગવડો સહિત) રૂ. ૧૫૦૦ છે. દરેક વિદ્યાર્થીને રૂ. ૫૦ લગભગ માસિક ખર્ચ આવે છે; અને રૂ. ૨૦૦ કે તેથી વધુ પર્યટન વખતની મુસાફરીના ખર્ચ થઇ જાય છે. શરૂઆતમાં આશરે ત્રણસોએક રૂપિયા યુનીફોર્મ, પુસ્તકો, કૅમ્પની જરૂરિયાતો (ટેન્ટ, ત્યાંનું ફર્નીચર વગેરે) અને બીજાં સાધનોના થઇ જાય છે. દેશી રાજ્યો અને સરકાર તરફથી આવતા વિદ્યાર્થીઓને આ બધું ખર્ચ તે રાજ્ય કે સરકાર આપે છે. છતાં પણ તેમના અને મુખ્યત્વે સ્વકીય વિદ્યાર્થીઓના વાલી પાસેથી તેમનું બધું કે વધારાનું જે ખર્ચ થાય તે પૂરૂં પાડવાની ખાતરી મંગાય છે. એમ બે વર્ષમાં લગભગ રૂપિયા પાંચેક હજાર ખર્ચ દરેક વિદ્યાર્થી દીઠ આવી જાય છે. એ સ્થિતિમાં સ્વકીય વિદ્યાર્થીઓ બહુ જ ઓછા આવે છે.

કૉલેજના સ્થાનિક કાર્યક્રમમાં સવારે પોણા ૭ થી સાડા સાત સુધી પી. ટી. (ફિઝિકલ ટ્રેનિંગ) હોય છે. પોણા ૭ પહેલાં વહેલો હજામ આવે એટલે હજામત કરાવી લેવાની અને પછી પી. ટી. યુનીફોર્મ(સ્લિપ-ઓવર, શૉર્ટ્સ, ટેનીસ શૂઝ અને મોજાં) ચડાવી કૉલેજના કમ્પાઉન્ડના જ મેદાનમાં પહોંચવાનું. ત્યાં પી. ટી. ઇન્સ્ટ્રક્ટર શરીરના દરેકે દરેક અવયવને કસરત મળે તેવા પ્રકારની ડ્રિલ કરાવે કે કૉલેજની જ વ્યાયામશાળામાં વ્યાયામ કરાવે. ડાયરેક્ટરો પણ તેમાં ભાગ લે, પી.ટી.થી શરીર જંગલજીવનને લાયક બનવા ઉપરાંત વિદ્યાર્થી ચેતનવંતો જ રહ્યા કરે.

કૉલેજની એથ્લેટિક ક્લબના સભ્ય બધા વિદ્યાર્થીઓને થવું પડે છે. બધા અધિકારીઓ પણ તેના સભ્ય હોય છે. ઇનડૉર અને આઉટડૉર રમતગમતોનાં બધાં સાધનો ત્યાં પૂરાં પાડવામાં આવે છે. એક વ્યાયામશાળા ઉપરાંત ત્રણ ટેનિસ કોર્ટો કૉલેજ કમ્પાઉન્ડમાં આવેલાં છે. પાસે જ હૉકી, ફૂટબોલ અને


ક્રિકેટ ખેલવાનાં મેદાન છે. યુરોપિયન અને હિંદી અધિકારીઓ સહકુટુંબ રમતગમતમાં ભાગ લઇ વિદ્યાર્થીઓને અનેકવિધ રીતે ઉત્તેજન આપતા રહે છે. એ રીતે એક વર્ષ દરમ્યાન અભ્યાસક્રમ, પર્યટનો, ત્રણ વૅકેશનો અને બીજા વિનોદોથી એટલું વૈવિધ્ય અને વિશ્રામ મળે છે કે અભ્યાસ કંટાળો ન આપતાં રસિક બની વખત સહેલાઇથી પસાર થઈ જાય છે.

નાસ્તો લીધા પછી કૉલેજ યુનીફૉર્મ (ખાખી ડ્રિલ ટ્યૂનિક, શૉર્ટ્સ, કૉલેજના સફેદ ધાતુપદકો, ખાખી ટાઇ, ખાખી ટિવલનું શર્ટ, હૅટ, શૂઝ અને ખાખી મોજાં—છેલ્લાં બેને બદલે ટૂરમાં બૂટ અને ખાખી પટી) પહેરી નવ વાગે કૉલેજના વર્ગ શરૂ થતાં ત્યાં પહોંચવાનું. યુનીફૉર્મ વિદ્યાર્થીને ઘણી રીતે સગવડતા ભર્યો થઇ રહેવા ઉપરાંત તેથી તે તત્પર અને સાવધાન દેખાય છે અને વળી એકતા તેમજ સમતાની લાગણી કેળવાય છે તે જુદી.

શિક્ષણ સવારે માત્ર સૈદ્ધાંતિક હોય છે જ્યારે સાંજના બેથી સાડાત્રણ સુધી વારા પ્રમાણે બધા વિષયોની પ્રયોગશાળામાં પ્રાયોગિક શિક્ષણ અપાય છે. એમ તો ત્યાં શીખવાનું બધું જ લગભગ પ્રૅક્ટિકલ જેવું જ હોય છે. નકશા, ચિત્રો, નાના નમૂના પરથી મોટાં કામોના પ્રત્યક્ષ દૃષ્ટાંતો અને ઘણી વખત મૂળ વસ્તુઓ વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરી બધું શિક્ષણ અપાય છે. વિદ્યાર્થી પાસેથી પણ કંઇ નવું જાણવાનું મળે તો તેની નોંધ ઇન્સ્ટ્રક્ટર કરી લે છે અને દરેક વિદ્યાર્થી તે જુદા જુદા પ્રાંતનો હોઇ તેને શું શું વિશેષત: શીખવાનું છે તેની પૂરતી કાળજી રાખે છે. ડાયરેક્ટરો ઉપરાંત પ્રેસિડેન્ટ પણ કોઇક વિષયનું પ્રાસ્તાવિક પ્રવચન આપે છે. વિષયનો કોઇ મહત્ત્વનો ભાગ આવે ત્યારે તે પર વિવેચન કરવા ડાયરેક્ટર તે તે વિષયના નિષ્ણાતોને F.R.I. (ફૉરેસ્ટ રીસર્ચ ઇન્સ્ટિટ્યુટ)માંથી પ્રવચન આપવા નિમંત્રે છે.

કૉલેજના મકાનમાં ત્યાં શીખવાતા બધા વિષયોની વસ્તુને લગતું સરસ સંગ્રહાલય છે અને તેના વિશાળ આંગણામાં બાગાયતી ઉપરાંત જંગલનાં કેટલાંયે ઝાડોના ઉત્તમ નમૂના છે. હિંદનાં જંગલો શું છે, શું આપી શકે તેમ છે અને શું આપે છે તેનો F.R.I.માં પૂરતો ખ્યાલ આવે. કારખાનાંઓ, નર્સરી, બૉટેનિકલ ગાર્ડન વગેરેમાં અસંખ્ય પ્રયોગો અને સંશોધન કરી હિંદનાં જંગલોને પ્રગતિની ટોચે લઇ જઇ, જંગલો દ્વારા હિંદને સુસ્થિત કરાવતા પ્રયત્નો અહીં દેખાય. ઇન્સ્ટીટ્યૂટના આલેશાન અને ભવ્ય મકાનમાં ઑફિસો ઉપરાંત મ્યૂઝિયમ અને લાયબ્રેરી આવેલાં છે. જંગલ અને તેને લગતા એકેએક વિષયનું જ્ઞાન આપતી વસ્તુઓ તે તે વિષયના સાહિત્ય સાથે આપણને મ્યૂઝિયમમાં જોવા મળે; અને પુસ્તકાલય આપણને વનવિદ્યા તથા તેને લગતાં શાસ્ત્રોનાં દુનિયામાં હસ્તી ધરાવતાં લગભગ તમામ અંગ્રેજી અને બીજી ભાષાઓનાં કેટલાંક પુસ્તકો પૂરાં પાડી શકે. જે સુયોગ પ્રાપ્ત થાય છે તેનો બુદ્ધિથી ઉત્તમ ઉપયોગ કરનાર જરૂર ફાવે છે.

કૉલેજનો પાઠ્યક્રમ શીખવવા ઉપરાંત વિદ્યાર્થીઓને તેમના અભ્યાસક્રમના સમયના મોટા ભાગે વ્યાવહારિક જ્ઞાન મેળવવા માટે ઉત્તર હિંદમાં અગ્રહિમાલયના પહાડો પર ચકરાતા, મસૂરી અને નૈનીતાલ, કુલુ કે ક્વચિત્ દાર્જીલિંગ વગેરે સ્થળો તરફ અગિયાર બાર હજાર ફૂટની ઊંચાઇ સુધી અને નીચે સંયુક્ત પ્રાંત અને પંજાબના મેદાનોમાં પર્યટન પર લઇ જવામાં આવે છે. પર્યટન દરમ્યાન કુદરતી અને કૃત્રિમ જંગલોની વાવણી, ઉછેર, સંરક્ષણ, તેમના ઉપયોગો અને લાકડાંને તેમના મૂળ કે બીજા સ્વરૂપે એક જગાએથી બીજી જગા પર પહોંચાડવાની રીતો, તેમજ ત્યાં શીખવવામાં આવતા પ્રત્યેક વિષય વનસ્પતિશાસ્ત્ર, સર્વેઇંગ,



ફૉરેસ્ટ કૉલેજ-દહેરાદૂન

એન્જિનીયરીંગ વગેરે)નું બહુ જ સુંદર અને સરળ રીતે ઉચ્ચ વ્યાવહારિક જ્ઞાન આપવામાં આવે છે. પર્યટનમાં જ વિદ્યાર્થીઓને અનેકગણો ફાયદો થાય છે. હિમત અને શક્તિ કેળવવા ઉપરાંત ત્યાં તેમને સ્વાશ્રયના પણ પુષ્કળ પાઠો શીખવા મળે છે. અહીંના અનુભાવે તેઓ ઘણાંઘણાં કાર્યોનું જુદુંજુદું માપ કાઢી શકે છે. પાઠ્ય પુસ્તકો અને તે પરનું ટિપ્પણ મોઢે કરનારો નહિ પણ પ્રત્યક્ષ પડેલાં કુદરતનાં મહાન કાર્યો અને આસપાસના વાતાવરણનું ઝીણવટથી અવલોકન કરનારો સાચું જ્ઞાન સંપાદન કરે છે.

'આ Acacia arabica (બાવળ) છે, પેલો રહ્યો તે Parkinsonia aculeata (રામબાવળ) અને આ છે તે Prosopis spicigera (શમી).' પ્રચલિત માન્યતા છે કે વન-માળીને માત્ર એવું એવું જ્ઞાન હોય છે. વનસ્પતિનાં લાટિન નામો ઉચ્ચારવાં એ બહુ મામૂલી વાત છે. તેને શિખવવામાં આવતા વિષયોની યાદી પરથી પણ તેમની જવાબદારીભરી આકરી કામગીરીનો ખ્યાલ આવી શકે. વન-માળીએ જંગલમાં માત્ર પોતાના પગભર રહેવાનું હોય તેને સાધારણ વૈદ્યકીય જ્ઞાનથી માંડી તેના મુખ્ય વિષય વનશાસ્ત્ર સુધી ઘણું શીખવાનું હોય છે. વનરક્ષણ વિદ્યામાં મુખ્ય વિષય સિલ્વીકલ્ચર છે. તેમાં જંગલોનો ઉછેર અને વહીવટ, ઝાડોના ભિન્નભિન્ન વ્યાધિઓ, આગ, માણસો, પશુ, કીડા વગેરેથી થતું તેનું સાર્વત્રિક નુકસાન તથા તેના સંરક્ષણના શિક્ષણનો સમાવેશ થાય છે. જંગલની ઉત્પન્નને પ્રતિ વર્ષ સપ્રમાણ મેળવી તેનો સદ્વ્યય કરવા ફૉરેસ્ટ યુટિલીઝેશન શીખવાય છે. ઉપરાંત ફૉરેસ્ટ એન્જીનીઅરીંગ સર્વેઇંગ અને ડ્રૉઇંગ, વનસ્પતિશાસ્ત્ર, ફૉરેસ્ટ મેન્સુરેશન સાથે ગણિત ફિઝિકલ સાયન્સ, ભૂસ્તરવિદ્યા અને સૉઇલ્સ, ફૉરેસ્ટ, લૉ, ફૉરેસ્ટ ઍકાઉન્ટ, અને પ્રોસીજર, ફૉરેસ્ટ વર્કીંગ પ્લાન, અને ડીપાર્ટમેન્ટલ ઑર્ગેનીઝેશન વગેરે વનવિદ્યાને લગતા વિષયોનું જરૂરી જ્ઞાન આપવામાં આવે છે. એમ થોડું થોડું માર્ગદર્શન બધા એ વિષયોમાં મળી રહે; પણ ખરૂં જ્ઞાન તો મળે છે કુદરતના ગુરુપદ નીચે પર્યટનમાં. શરીરને કસવા માટે પણ પૂરતા મોકા અહીં મળી રહે છે. વિદ્યાર્થીઓ વચ્ચે સમભાવ રાખવાના પ્રયાસો તો પગલેપગલે કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ પણ અહીં બંધુભાવે રહે છે.

આ કૉલેજના વિદ્યાર્થીઓ કામગીરી પર કચ્છના સૂકા રણથી ચીનના સીમાંત સુધી, ઉત્તરે હઝારાના પર્વતોથી નીચે ઠેઠ મલબાર સુધી અને દૂર સંસ્થાનોમાં સર્વત્ર, તેમનો અભ્યાસક્રમ ખતમ થયા પછી, કૉલેજની સ્થાપના થઇ ત્યારથી વિખેરાઇ જતા આવે છે. કૉલેજમાં શીખવવામાં આવતા વનવિદ્યાના સિદ્ધાંતો તો બધે સર્વસાધારણ હોઇ સર્વત્ર કાયમ રહી કામ લાગે. તેમણે તો માત્ર અનુકૂળતા પ્રમાણે એ સિદ્ધાંતોને યોગ્ય સ્વરૂપમાં યોજવાનું અને ઉપયોગ કરવાનું રહે.

વનવિદ્યાનો આવો જ બીજો વર્ગ આ સાલે પૂનામાં ગઇ ૧૦મી જૂનથી ખોલવામાં આવ્યો છે. એમાં પણ ઉત્તીર્ણ થયા પછી કામગીરીની બાંહેધરી જરૂરી છે. એકલી મૅટ્રિક્યુલેશનની પરીક્ષા જ એને માટે બસ નથી. વર્ગમાં જોડાવા પહેલાં એને માટે મુંબાઇ સરકારના ચીફ કૉન્ઝર્વેટર ઑફ ફૉરેસ્ટ્સના હાથ નીચે ૭ મહિનાની પ્રાયોગિક તાલીમ અનિવાર્ય ગણાઇ છે. પ્રાંતિક સરકારો કે દેશી રાજ્યોના જંગલખાતાના કર્મચારીઓને એ તાલીમ ફરજિયાત નથી. ચીફ કૉન્ઝર્વેટર જોઇતા વિદ્યાર્થીઓની ઑક્ટોબર મહિનામાં ચૂંટણી કરી લેશે ને ડીસેમ્બરની ૧લી તારીખથી સરકારને ખર્ચે જ તાલીમ અપાશે. એ ૭ મહિનાની તાલીમ પછી તેમને પૂનાની કૉલેજ ઑવ ઍગ્રીકલ્ચરમાં રેન્જર્સ-કોર્સ માટે દાખલ કરવામાં આવશે, જ્યાં બે વર્ષ સુધી માથાદીઠ ૨૫૦ રૂપિયાની સરકારી શિષ્યવૃત્તિ ઉપરાંતનું બધું ખર્ચ વિદ્યાર્થીઓએ ભોગવવાનું રહેશે.

હિંદનાં જંગલો એ આપણો વંશપરંપરાથી ચાલ્યો આવતો સર્જનજૂનો વારસો છે. એ વારસાનો સમગ્ર અધિકાર હવે તો આપણા હાથમાં આવતો જાય છે. એ મહાન વારસાને ચિરંજીવ કેમ બનાવવો તે આપણે જ નક્કી કરવાનું છે. નહિ તો જ્યાં સંભાળ કે પરવા નથી ત્યાં બધું વિનાશને પંથે વળે છે તેમ સર્જનહારની એ અદ્ભુત વાટિકા પણ એ માર્ગ લે તો નવાઈ નહિ. તો આપણી એ અવ્યવસ્થિત અને ભગ્નાવશેષ મિલકતને વ્યવસ્થિત અને સુનિયંત્રિત સંપત્તિમાં ફેરવે એવા એકનિષ્ઠ વન-માળી ઉપર કયો મહા સ્વદેશાનુરાગી પણ દોષ દઇ શકે કે તેણે હિંદની યોગ્ય સેવા નથી કરી?

'રખાલી'



ક્રિકેટ જંગમાં

· મિશ્ર ·

કર્તાકલ્પે વિશ્વ વિશાળ સીમમાં,
અનન્ત માંડેલ ક્રિકેટજંગમાં
હું માનવી માત્ર દડો જરાક શો.

ફેંકાઇને મત્ત નિસર્ગહસ્તથી,
પહોંચવાને મુજ ધ્યેય–સ્ટમ્પે,
દડી રહ્યો છું પુરુષાર્થવેગથી.

તમા મને ના, લઇ બૅટ ઊભા
ખેલાડી પ્રારબ્ધની લેશ હૈયે;
ભલે કદી બોલર ફેંકતા દડો,
કે દૈવમાર્યો ફટકે સરી પડી
ફેંકાઉં આઘે કદી લક્ષ્યથી હું.

ત્યારે ય હૈયે બસ એક આશ:
'ફરી પડી મત્ત નિસર્ગહસ્તમાં,
પ્હોંચીશ અંતે મુજ ધ્યેય–સ્ટમ્પને.'

જસવંતલાલ શાહ

અજ્ઞાત અસર

· મિશ્ર ·

મેં તીર છોડ્યું દૂરની હવામાં,
પડ્યું જમીને, પણ કયાં, ન જાણું!
ત્વરિત એની ગતિ સાથ મારી
આંખો ન જોઈ શકી દૂર દૂર.
ભરી હવામાં ગીત મૂક્યું વ્હેતું,
પડ્યું જમીને, પણ કયાં, ન જાણું!
કોની હશે નજર તેજની ધાર જેવી
જોઇ શકે ગીતની આછી સુરમ્ય રેખા?

ઘણાં ઘણાં વર્ષ પછી નિહાળ્યું,
એ તીર તીણું લીમડે ભરાયું;
ને ગીત મીઠું હૃદયે ભરેલું,
એ મિત્રમાં આજ અહા નિહાળ્યું.

શ.

(લૉંગફેલોના એક કાવ્ય પરથી)

ધરિત્રી

· સ્રગ્ધરા ·

જમ્બુદ્વીપે ધરાપે ભારતભૂમિ તને પામીઓ ધન્ય માનું,
અમ્ભોધિ દક્ષિણે આ તુજ પદ ચુમતો અર્પતો ઉર્મિમાલા
ઊંચે ઊંચે જઇને ગિરિવર ચુમતો આભની તારલીઓ;
દૂરેથી આર્ય આવ્યા રખડીરખડી, તેં સિંધુતીરે સમાવ્યા,
આંબો મોર્યો ઘણો એ, ઘરઘર પ્રકટ્યાં અગ્નિહોત્રો, વસ્યાં કૈં
ગ્રામો ત્યાં ગાય માધ્વી, નવરસભર આ અન્નપૂર્ણા રસાલા
એવી વાતો પૂરાની, રઘુકુલ તણી ને યાદવો કૌરવોની
કૌંતેયોની ભુલાઇ, ભગિરથ તપની જાન્હવીએ ભુલાઇ
ભૂલ્યા સિદ્ધાર્થ, ભૂલ્યા . . .

*

આવ્યો ઇસ્લામ જેના ધ્વજ પર ફરકે વાંકડી બીજરેખા
આવ્યો એ કેસરીના ડગભર ધ્રુજવે શીર્ણ હિન્દુત્વને એ
ઝીણી એ બીજરેખા પુનમ સમ ખીલી, ને ગ્રસે ચંદ્રને ત્યાં
રાહૂ સામ્રાજ્ય ઘેલો, પૃથિવિ પર બધે કારમી વેદનાના
દુઃખે રાત્રી છવાઇ, વરસ ખૂબ ગયાં, રે ઉષસ્તેજ કયાંછે?
આજે ભૂખ્યાં સુવે કૈં, કઇક રઝળતા ઘેલડા સ્વપ્નસેવી.
મા તારી જાન્હવીમાં શત શત યુગની ઘોર આક્રંદગાથા
પૃથ્વીની, માનવોની શમવી સરજવા સૃષ્ટિ કો નૌતમાંગી
માગું હું ભારતી આ ભગીરથ સમ કૈં પૌરુષાર્થી યુવાનો
ને એની પ્રેરણાથી અવિરત શ્રમ લે એવી મુગ્ધાંગનાઓ.

હરિશ્ચન્દ્ર ભટ્ટ

અર્ચના

· ઉપજાતિ–શાર્દૂલ ·

ન પત્ર ના પુષ્પ, ફળો ન ધૂપ
નૈવેદ્ય, ના ચંદન દ્રવ્ય દીપ,
કશું ય ના; અર્ઘ્ય ન કાંઇ લાવ્યો,
હું રિક્તપાણિ તુજ દ્વાર આવ્યો.
ને પ્રાર્થને પ્રાંજલિબદ્ધ ઊભો
નમું, સ્વીકારો મુજ અર્ચના આ.
ખાલી હાથ ભલે પરન્તુ ઉર આ છે ભક્તિભાવે ભર્યું.

લાભશંકર પાઠક

બેઝિક ઇંગ્લિશ

૩–વ્યક્તિગત શબ્દોની આસિયતો

અંગ્રેજી ન જાણનારાઓને આશીર્વાદ રૂપ, વિસ્તૃત અંગ્રેજી ભાષાની સહેલામાં સહેલી એ પ્રતિકૃતિનો સરળ તદબીરો આપી પરિચય કરાવતી લેખમાળા

લેખક · હરિકૃષ્ણ વ્યાસ

આપણે ગયા પ્રકરણમાં જે નિયમોની ચર્ચા કરી ગયા તે બેઝિકના ૮૫૦ શબ્દોના લિસ્ટમાંથી ગ્રૂપ ૧–૩૬ અને ૩૭–૩૮માં બતાવેલા ૭૫૦ શબ્દોને સામાન્ય રીતે લાગુ પડતા હતા. હવે આપણે આ પ્રકરણમાં ૩૯મા ગ્રૂપના ૧૦૦ શબ્દોનો અભ્યાસ કરવાનો રહ્યો. એટલું થતાં શીખનાર બેઝિક શબ્દોનાં બધાં વિવિધ સ્વરૂપોથી પરિચિત થઇ જશે, અને પછી તેને માત્ર વાક્ય રચના જ સમજવી બાકી રહેશે. એ બાકીની ચર્ચા આપણે આ પછીના પ્રકરણમાં કરીશું.

[૧] ક્રિયાપદો:

આપણું ધ્યાન પ્રથમ (a) વિભાગમાંનાં ક્રિયાપદો ખેંચે છે. આ ક્રિયાપદોમાં come થી let સુધીનાં ૧૩ ક્રિયાપદો લગભગ સહધર્મી છે. એટલે કે એમાંના ગમે તે એક ક્રિયાપદનાં વિવિધ રૂપોનો આપણે અભ્યાસ કરી ગયા હોઇએ તો પછી બાકીનાં ક્રિયાપદોનાં રૂપ એને મળતાં જ થાય છે. આથી આપણે તેમાંથી એક 'Give=આપવું' એ ક્રિયાપદને ઝીણવટભર્યા અભ્યાસ માટે પસંદ કરીએ. આ ક્રિયાપદનાં વિવિધ રૂપો કેમ બને છે તેના નિયમો ગોખવા કરતાં તે તે રૂપના ગુજરાતી અર્થ શીખી લેવાથી ક્રિયાપદનાં રૂપાખ્યાન, જે કોઇ પણ ભાષાના વ્યાકરણનો વધુમાં વધુ અઘરો ભાગ હોય છે, તેનો સંપૂર્ણ ખ્યાલ આવી જશે. આથી આ નીચે 'આપવાની' ક્રિયાનાં કાળ અને અર્થ પરત્વે થતાં બધાં રૂપાંતરો આ નીચે આપ્યાં છે, તે શીખનારે યાદ રાખી લેવાં. એમાંના કોઇ કોઇ કાળ અને અર્થ એવા હશે કે 'આપવાની' ક્રિયામાં તે બંધબેસતા ન આવતા હોય. પણ એવે સ્થળે take, put, make, એમાંનાં બીજાં કોઇ મૂકવાથી કે you ને બદલે it જેવો કર્તા મૂકવાથી અર્થનો મેળ મળી રહેશે. આ લિસ્ટમાં ક્રિયાનાં બધાં શક્ય સ્વરૂપો આપ્યાં છે; જોકે સામાન્ય બેઝિક વાચન દરમ્યાન એમાંની કેટલીક ત્રણ કે ચાર શબ્દોની સાદી રચનાઓ જ વપરાતી આપણે જોઇએ છીએ.

(ક) સાદા કાળ અને અર્થ

Give: આપો, આપ, આપજો, આપજે

Do not give: આપશો નહિ, ન આપતા

You give: તમે (સામાન્ય રીતે) આપો છો (He gives)

You do not give: તમે આપતા નથી. (He does not give)

Do you give?: તમે આપો છો? (Does he give?)

Do you not give?: તમે આપતા નથી? (Does he not give?)

You gave: તમે આપ્યું, તમે આપતા

You did not give: તમે ન આપ્યું

Did you give?: તમે આપ્યું? તમે આપતા ખરા!

Did you not give?: તમે ન આપ્યું?

You will give: તમે આપશો

(ખ) પ્રશ્નાર્થ અને નકારવાચક

You will give: તમે આપશો

You will not give: તમે નહિ આપો

Will you give?: તમે આપશો?

Will you not give?: તમે નહિ આપો?

[આ ચાર વાક્યોમાં "you will give." એ સાદી વાતને નકારવાચક, પ્રશ્નાર્થ, અને નકારવાચક-પ્રશ્નાર્થ એમ ત્રણ જુદાં જુદાં રૂપ અપાયાં છે. એ પ્રમાણે હવે પછીના દરેક વાક્યને એવાં ત્રણ વધારાનાં સ્વરૂપ આપી શકાય. એ બધાંમાં 'not'નું સ્થાન પહેલા સાહાયકારક ક્રિયાપદ 'will' પછી આવે છે,

અને પ્રશ્નાર્થ કરતી વખતે 'you will' નું 'will you' થાય છે, એટલું ખ્યાલમાં રાખવાથી બાકીનાં બધાં રૂપ શીખનાર જાતે કરી શકશે. તેથી હવે પછી એવાં રૂપનું પુનરાવર્તન કર્યું નથી.]

(ગ) મિશ્ર કાળ અને અર્થ

You may give: તમે ભલે આપો, તમે કદાચ આપો, તમે આપવા હક્કદાર છો, તમે આપી શકો છો, તમે આપો એવો સંભવ છે, વગેરે.

You are giving:* તમે (અત્યારે જ) આપો છો. (I am giving, he is giving)

You were giving: તમે આપતા હતા. (I was giving, he was giving)

You will be giving: તમે આપતા હશો

You are given:* તમે અપાયા છો. (I am given, he is given)

You were given: તમે અપાયા હતા. (I was given, he was given)

You will be given: તમે અપાશો

You have given: તમે આપ્યું છે, તમે આપેલું છે. (He has given)

You had given: તમે આપ્યું હતું, તમે આપેલું હતું

You will have given: તમે આપ્યું હશે, તમે આપેલું હશે

You may be giving: તમે આપતા હો, તમે ભલે આપતા, વગેરે

You may be given: તમે કદાચ અપાઓ

You may have given: તમે ભલે આપેલું હોય

You have been giving: તમે આપી રહ્યા છો. (He has been giving)

You had been giving: તમે આપી રહ્યા હતા

You will have been giving: તમે આપી રહ્યા હશો

You have been given: તમે અપાઇ ચૂકયા છો. (He has been given)

You had been given: તમે અપાઇ ચૂકયા હતા

You will have been given: તમે અપાઈ ચૂકયા હશો

You may have been giving: તમે ભલે આપી રહ્યા હો.

You mayhave been given: તમે ભલે અપાઇ ચૂકયા હો

You are being given: તમે અપાઓ છો, તમને આપવામાં આવે છે, (I am being given, he is being given)

You were being given: તમને આપવામાં આવતું હતું. (I was being given, he was being given)

(ઘ) પ્રકીર્ણ

. . . . being given: અપાઈ રહેલું, અપાતું

. . . . having given: આપીને

. . . . having been given: અપાઇને, અપાએલું હોઇને

To give: આપવાને, આપવું તે

For giving: આપવાને માટે

You are to go: તમે જવાના છો. (I am to go, he is to go)

You have to go: તમારે જવું પડે તેમ છે. (He hasto go)

[સૂચના: ઉપરનાં રૂપોમાં ક્રિયાપદના કર્તા તરીકે 'You' મૂકેલો છે. પણ તેને બદલે I, He, We, વગેરે ગમે તે મૂકી શકાય. જ્યાં એવી રીતે એ રૂપ I કે He ને લાગુ નહિ પડતાં હોય ત્યાં I અને Heનાં ખાસ જુદાં રૂપ આપ્યાં છે. એટલે જ્યાં કૌંસમાં અપવાદ સ્પષ્ટ રીતે બતાવ્યો ન હોય ત્યાં બધાં પુરુષવાચક રૂપ એકસરખાં સમજવાં. અને જ્યાં અપવાદ બતાવ્યો હોય ત્યાં એ અપવાદ I કે He જે હોય તેના પૂરતાં જુદાં રૂપ સમજવાં. એ અપવાદમાં He આપેલો હોય ત્યાં She, It કે ત્રીજો પુરુષ એકવચનવાળો કોઇ પણ શબ્દ આવી શકે.]

ઉપર આપણે એક જ ક્રિયાપદનાં સંપૂર્ણ રૂપાખ્યાન કરી ગયા. એના ઉપરથી હવે બીજા કોઈ પણ ક્રિયાપદનાં રૂપાખ્યાન કરવાં હોય તો Giveના રૂપને મળતું તે નવા ક્રિયાપદનું રૂપ મૂકવાથી તે બીજા ક્રિયાપદનું તે તે કાળ કે અર્થનું રૂપાખ્યાન થાય. આ બધાં વાકયોમાં 'Give' શબ્દનાં બધાં મળીને આટલાં રૂપાંતર આપણને માલૂમ પડે છે: (૧) give, (૨) gives, (૩) giving, (૪) gave (૫) given. આથી 'give'ને મળતાં બીજા કોઇ ક્રિયાપદનાં રૂપાખ્યાન કરવા માટે બધાં ક્રિયાપદોનાં આ પાંચ રૂપાંતરો આપણે જાણી લેવાં જોઇએ. આ સાથેના કોઠામાં એ બધાં આપ્યાં છે:

આ સાથેના કોઠામાં છેલ્લી લીટીમાં be નાં રૂપમાં I am=હું છું, We are= અમે છીએ, He is=તે છે, I–He was=હું–તે હતો, You were= તમે હતા, આટલાં રૂપ અનિયમિત છે. બાકીનાં ક્રિયાપદોનાં રૂપ 'give'નાં રૂપોની નીચે ક્રમવાર આવે છે;

---

* અગાઉ ing અને ed પ્રત્યય કેટલાંક નામને લગાડવાથી કૃદંતવિશેષણો બને છે તે ચર્ચા આપણે કરી ગયા છીએ. એવાં ing વાળાં રૂપ અહીં givingની જગ્યાએ અને ed વાળાં રૂપ givenની જગ્યાએ મૂકી શકાય છે.

એટલે તે તુરત સમજી શકાશે. જેમકે, વાક્યમાં જ્યાં 'given' આવતું હોય અને 'take'નું તેને મળતું રૂપ જોઇતું હોય તો પાંચમા ખાનાનું 'taken' એ રૂપ ત્યાં બંધબેસતું થાય. અને આમ બીજાં બધાં રૂપ માટે સમજવું.

May અને Will એ બંને સ્વતંત્ર ક્રિયાપદો નથી. તે તો ફક્ત બીજાં ક્રિયાપદોને વિશેષ અર્થ આપવામાં મદદગાર થાય છે, એટલું જ; એટલે એનો ઉપરના કોઠામાં સમાવેશ થતો નથી.

૧ સાદું રૂપ, આજ્ઞાર્થ કે વર્તમાનકાળ માટેનું I,we,you,they	૨ વર્તમાનકાળ ત્રીજો પુરુષ એક વચનનું રૂપ He	૩ ing લાગેલું વર્તમાન કૃદંત	૪ ભૂતકાળનું રૂપ I,we, you, they, he ઇ.	૫ ભૂતકૃદંતનું રૂપ
Give	Gives	Giving	Gave	Given
Come	Comes	Coming	Came	Come
Go	Goes	Going	Went	Gone
Put	Puts	Putting	Put	Put
Take	Takes	Taking	Took	Taken
Get	Gets	Getting	Got	Got
See	Sees	Seeing	Saw	Seen
Seem	Seems	Seeming	Seemed	Seemed
Say	Says	Saying	Said	Said
Send	Sends	Sending	Sent	Sent
Keep	Keeps	Keeping	Kept	Kept
Make	Makes	Making	Made	Made
Let	Lets	Letting	Let	Let
Do	Does	Doing	Did	Done
Have	Has	Having	Had	Had
(Be) Am-are	Is	Being	Was-were	Been

તેમ છતાં જે વાક્યમાં એનો પ્રયોગ થએલો હોય તે આખી વાતને કોઇ ભૂતકાળની બીના તરીકે રજૂ કરવી હોય ત્યારે may ને બદલે might અને will ને બદલે would થાય છે. જેમકે: He will have gone=તે ગયો હશે. He would have gone= તે ગયો હોત. (એટલે કે 'ગયો હોવાની' સ્થિતિ ભૂતકાળની બની જાય). આ ફેરફારને લક્ષમાં લેતાં ઉપરનાં વાક્યોમાં એકાદ ડઝનનો ઉમેરો થાય. પણ એવી બારીકાઇમાં ઊતરવા આપણને અહીં અવકાશ નથી. અને વળી શીખનાર સાદી સમજથી એટલું શીખી શકે તેમ છે.

ક્રિયાપદો એ ભાષાનાં કેન્દ્રરૂપ હોવાથી ઉપરનાં રૂપો શીખી લેવાથી કોઈ પણ નિયમોનું જ્ઞાન ન આપી શકે એવો ભાષા ઉપરનો અદ્દભુત કાબુ શીખનારને મળશે. અને એ બધાં અર્થસહિત યાદ રહી ગયા પછી આ નીચે બાકીનાં ક્રિયાપદોનાં સાદાં રૂપના અર્થ આપ્યા છે તેની મદદથી એ બધી ક્રિયાઓને વિવિધ સ્વરૂપો આપવા પ્રયાસ કરવો:

Come: આવવું, go: જવું, put મૂકવું, take: લેવું, get: મેળવવું, થવું જવું, see: જોવું, seem: દેખાવું, લાગવું, say: કહેવું, send: મોકલવું, keep: રાખવું, make: બનાવવું, ફરજ પાડવી, let: થવા દેવું, રજા આપવી, ભાડે આપવું, do: કરવું, have: ની પાસે હોવું, ની માલીકીનું હોવું, ને હોવું, ના કબજામાં હોવું, be: હોવું, થવું.

[૨] સર્વનામો:

હવે (b) વિભાગમાં આપેલાં સર્વનામો તરફ ફરીએ. આપણા લિસ્ટમાં તો ફક્ત ચાર જ સર્વનામ આપ્યાં છે: I=હું, He=તે, You=તું, તમે, Who= કોણ?, જે, જેઓ. પણ Iના પેટામાં We=અમે-આપણે, આવે છે, અને એ જ મુજબ He ઉપરથી They=તેઓ, આવે છે. વળી He સર્વનામ માત્ર નરજાતિ માટે જ વપરાય છે. નારીજાતિની વાત કરવાની હોય ત્યારે તેને બદલે She અને કોઇ નિર્જીવ વસ્તુની વાત કરવાની હોય ત્યારે It વપરાય છે. ક્રિયાપદોનાં રૂપમાં He સાથે જે રૂપ આવે તે જ રૂપ She અને It સાથે આવે છે. અને I, We, You, They એ ચારે માટે હંમેશાં સરખાં જ રૂપ હોય છે. (I am તથા I was અપવાદ રૂપ છે.)

આ બધાં સર્વનામોનાં પણ જુદાં જુદાં રૂપ થાય

છે. આપણે I નાં રૂપ જોઇએ તો (૧) I=હું, (૨) me=મને, (૩) my – mine = મારો–મારી–મારૂં–મારાં, (૪) myself=હું પોતે, ખુદ હું, વગેરે. આમ બાકીનાં સર્વનામોનાં પણ ચચ્યાર રૂપ થાય છે. અહીં આપેલાં I નાં રૂપના નમૂના ઉપરથી સામેના કોઠામાં આપેલાં બાકીનાં રૂપ સમજવાં અઘરાં નહિ પડે.

૧	૨	૩	૪
હું, અમે, ઇત્યાદિ ૧લી વિભક્તિનાં રૂપ કર્તા તરીકે વાપરવાં	મને, તમને, ઇત્યાદિ ૨જી વિભક્તિનાં રૂપ કર્મ તરીકે વાપરવાનાં	મારૂં, તમારૂં, ઇત્યાદિ ૬ઠ્ઠી વિભક્તિનાં રૂપ માલિકી કે સંબંધ બતાવતાં	હું પોતે, તમે પોતે, ઇ. સ્વવાચક રૂપો
I, હું	Me	My, mine	Myself
We, અમે·આપણે	Us	Our, ours	Ourselves
You, તું, તમે	You	Your, yours	Yourself-ves,
He, તે	Him	His	Himself
She, તેણી	Her	Her, hers	Herself
It, તે (નાન્યતર)	It	Its	Itself
They, તેઓ	Them	Their, theirs	Themselves
Who, કોણ, જે, જેઓ (બન્ને વચન)	Whom	Whose	

ઉપરના કોઠામાં ત્રીજા ખાનામાં કેટલાક સર્વનામને બબ્બે રૂપ છે. જેમકે my–mine. આ બધાં રૂપ માલિકી સૂચક છે, એટલે માલિકીની વસ્તુના નામની પહેલાં મૂકવાનો પ્રસંગ આવે ત્યારે તે બેમાંનું પહેલું રૂપ વાપરવું, અને એ વસ્તુના નામની પાછળ મૂકવાનો પ્રસંગ આવે ત્યારે પાછળનું રૂપ વાપરવું. જેમકે: This is my book; this book is mine. વળી ચોથા ખાનામાં yourselves=તમે પોતે થાય; પણ એકવચને એ રૂપ yourself=તું પોતે એમ કરવું જોઇએ.

વળી Whoનો અર્થ 'કોણ? જે જેઓ' થાય છે, તે બધા અર્થ જીવંત વ્યક્તિઓને વિષે વાત કરતા હોઇએ ત્યારને માટે છે. પણ નિર્જીવ વસ્તુઓની વાત કરતા હોઇએ ત્યારે 'which='કયું?, જે, જેઓ' અને 'what=શું?, કયું?, જે' એ બે શબ્દો વપરાય છે. આ બંને શબ્દો whoના પેટામાં આવી જતા હોવાથી બેઝિકના લિસ્ટમાં જુદા બતાવ્યા નથી. આ ત્રણ શબ્દો who, which, what પ્રશ્ન પૂછવામાં તેમ જ અગાઉના શબ્દને અનુસંધાને વિશેષ વાત કહેવામાં, એમ બે રીતે વપરાય છે. વાક્ય રચનાનો અભ્યાસ કરતી વખતે આપણે એનો વિશેષ વિચાર કરીશું. which અને whatનાં બીજાં સર્વનામોની માફક વિશેષ રૂપ થતાં નથી. પણ જરૂર મુજબ તેની પહેલાં to, by, of એવાં નામયોગીઓ મૂકીને તેના જુદા જુદા અર્થ બતાવાય છે. જેમકે of which=જેનું, by what=શેના વડે, વગેરે.

[૩] This-that:

આ બન્ને શબ્દો કયારેક એકલા અને કયારેક કોઈ બીજા શબ્દની પૂર્તિ તરીકે વપરાય છે. તેનાં બહુવચનનાં ખાસ જુદાં રૂપ છે. તે નીચે પ્રમાણે:

This: આ (એક જ હોય ત્યારે) This garden
These: આ (એક કરતાં વધારે હોય ત્યારે) These gardens
That: પેલું (એક જ હોય ત્યારે) That tree
Those: પેલાં (એક કરતાં વધારે હોય ત્યારે) Those trees

That શબ્દનો પ્રયોગ ઘણી વખત આગળ આવી ગએલા નામનું પુનરાવર્તન કરવાની તકલિફ બચાવવા માટે પણ થાય છે. જેમકે: The colour of my coat is darker than that of my shirt: મારા કોટનો રંગ મારા ખમીસના 'રંગ' કરતાં વધુ ઘેરો છે.

[૪] A–An, The:

A અથવા Anનો અર્થ 'એક', 'એકાદ', 'ગમે તે એક' એવો થાય છે. અને જે કોઇ પણ નામ એકવચનમાં હોય અને એક, બે, ત્રણ એમ સંખ્યાથી ગણી શકાય એવી કોઈ વસ્તુ કે ગુણધર્મ સૂચવતું હોય, એવા નામની પહેલાં આ બેમાંથી એક શબ્દ તો અચૂક વાપરવો જોઇએ. જ્યારે તુરત આવનારો શબ્દ વ્યંજનથી શરૂ થઇ ઉચ્ચારાતો હોય ત્યારે A વાપરવો, અને સ્વરથી ઉચ્ચારાતો હોય ત્યારે An

વાપરવો. જેમકે An old man, a young man, an hour, a university વગેરે.

The નો અર્થ 'તે', 'અમુક', 'ચોક્કસ' ઇત્યાદિ થાય છે. તે એકવચન કે બહુવચનવાળાં નામની પહેલાં મૂકી શકાય. જે નામમાં એવી ચોક્કસતા બતાવવાની હોય કે બોલનાર તે બોલે ત્યારે કયી ચોક્કસ વસ્તુ તે સૂચવવા માગે છે તે સામો માણસ જાણી શકે તેમ હોય ત્યારે તે નામની પૂર્વે આ શબ્દ મૂકાય છે. જેમકે The book that is in your hand, The garden near the station, વગેરે.

[૫] બાકીના શબ્દો

આ ઉપરાંત (b) વિભાગમાં all થી such સુધીના સાત શબ્દો છે. તેમાંના જેના ધ્યાન ખેંચે એવા પ્રયોગ થઇ શકે છે તે નીચેનાં વાક્યોથી સમજાશે.

All the persons: બધા શખ્સો, All the group: આખું ગ્રપ
Is there any water in the vessel?: વાસણમાં જરા ય પાણી છે?

There is no water: ત્યાં (તેમાં) જરા ય પાણી નથી
Some of the fruits are bitter, others are sweet: ફળોમાંનાં કેટલાંક કડવાં છે, બાકીનાં મીઠાં છે.

He was such an able man that: તે એવો શક્તિશાળી પુરુષ હતો કે

In Basic every word has its special trick: બેઝિકમાં દરેક શબ્દને તેની વ્યક્તિગત ખાસિયત હોય છે.

એ પછી (c) વિભાગ આવે છે. આ વિભાગના બધા શબ્દો નામયોગી અવ્યયો છે. આપણી ભાષામાં જે શબ્દ (કે શબ્દસમૂહ) સાથે તેને સંબંધ હોય તેની પાછળ નામયોગી મૂકાય છે. પણ અંગ્રેજીમાં તેની પહેલાં મૂકાય છે, તે નીચેનાં ઉદાહરણોથી સમજાશે.

About the town: શહેર સંબંધે, શહેરમાં આમતેમ. Across the field: ખેતરમાં થઇને. After I go: મારા ગયા પછી. Against my taste: મારી રસવૃત્તિને પ્રતિકૂળ. Among our relations: આપણા સંબંધીઓની વચ્ચે. At the court: કોર્ટમાં. Before you came from your journey તમે મુસાફરીમાંથી આવ્યા પહેલાં. Between the two friends: તે બે મિત્રોની વચ્ચે. By this time: આ વખત દરમ્યાન. Down the stream: પ્રવાહમાં નીચાણ તરફ. From you: તમારા તરફથી. In my box: મારી પેટીમાં. Off the ship: વહાણથી દૂર. On the table: ટેબલ ઉપર. Over my garden: મારા બાગ ઉપર થઇને. Through the glass: કાચ સોંસરવું. To you: તમને. Under a tree: ઝાડ નીચે. Up the street, શેરીના ઉપરના (બહારના) છેડા તરફ. With a hammer: હથોડા વડે. As a reward: ઈનામ તરીકે. For our country: આપણા દેશને માટે. Of green colour: લીલા રંગનું Till his death: એના મૃત્યુ સુધી.

(d) વિભાગના શબ્દો વાપરવાની રીત નીચેના દાખલાઓથી સમજાશે.

When did he come here?: તે અહીં ક્યારે આવ્યો?
Please give me word when he comes: તે આવે ત્યારે મને ખબર આપવા તસ્દી લેશો
The ship went (to the) South: વહાણ દક્ષિણ તરફ ગયું

બાકીના (e) થી (g) વિભાગમાંથી ખાસ યાદ રાખવા લાયક પ્રયોગો નીચેનાં વાક્યોમાં જોવાશે.

Is it ever possible . . . : એવું ક્યારે ય શક્ય છે . . .
I was almost shocked: મને આઘાત લાગવા જેવું થયું
He is still young enough: તે હજુ સારી રીતે યુવાન છે
He did not even see me: તેણે મને જોયો પણ નહિ
There is little doubt in it: એમાં થોડી જ શંકા છે
He is the only son: તે એકનો એક પુત્ર છે
Quite so: બરાબર એ જ પ્રમાણે, એમ જ
I will keep watch while you take rest: તમે આરામ લો એ દરમ્યાન હું તપાસ રાખીશ
He is sad though married: તે પરણેલો હોવા છતાં દિલગીર છે.
I have no love for him, because he is very self-conscious: મને તેને માટે જરા ય પ્રેમ નથી કેમ કે તે બહુ સ્વાભિમાની છે.

[૬] Of-'S

Of = નો, ની, નું, નાં.
'S = નો, ની, નું, નાં.

ઉપરના બંનેમાં Of એ શબ્દ છે અને તેથી કોઇ પણ નામની પૂર્વે મૂકવાથી તે નામમાં 'નો-ની-નું-નાં' એવો ભાવાર્થ ઉમેરી શકે છે. જેમકે of a boy = છોકરાનું, of the bridge = પૂલનું, વગેરે.

પણ 'S એ પ્રત્યય છે, અને જીવંત વ્યક્તિઓના નામની પછી જ લાગી શકે છે. આ પ્રત્યયને 'એપોસ્ટ્રોફી S' કહે છે. જ્યારે નામને છેડે બહુવચનનો S લાગેલો હોય ત્યારે 'S ને બદલે ફક્ત ' નિશાની જ લાગે છે. જેમકે that person's = પેલા શખ્સનું, our representatives' = અમારા પ્રતિનિધિઓનું, your father's = તમારા પિતાનું વગેરે.

[૭] Er-Est, More-Most વગેરે

ગુજરાતી વાચકવર્ગ આવાં રૂપોથી પરિચિત છે; 'ગુરુ-ગુરુતર-ગુરુતમ' 'લઘુ-લઘુતર-લઘુતમ' ઇ. અંગ્રેજી-માં પણ ચડતો ઊતરતો ક્રમ હોવાનો સંભવ હોઈ શકે એવાં બધાં વિશેષણોનાં આવાં રૂપ થાય છે. તેમાંનાં કેટલાંકનાં ખાસ જુદાં રૂપ છે, કેટલાંકના પ્રત્યય લાગીને થાય છે, અને કેટલાંકની પૂર્વે યોગ્ય શબ્દ મૂકવા પડે છે. તે નીચે પ્રમાણે;

(ક) ખાસ જુદાં રૂપ

Good; સારું, Better: વધારે સારું, Best; સૌથી સારું.
Bad; ખરાબ, Worse; વધારે ખરાબ, Worst સૌથી ખરાબ.
Little; થોડું, Less; વધારે થોડું, Least; સૌથી થોડું.
Much; ઘણું, More; વધારે, Most સૌથી વધારે.

(ખ) પ્રત્યય લાગી થતાં રૂપ

ટૂંકાં વિશેષણોમાં 'ના કરતાં વધારે' એ અર્થ ઉમેરવા 'er' પ્રત્યય લાગે છે, અને 'સૌથી વધારે' એ અર્થ ઉમેરવા 'est' પ્રત્યય લાગે છે. આ પ્રત્યયો લાગતાં કોઇ કોઇ વખત વિશેષણનો છેલ્લો વ્યંજન બેવડાય છે. જેમકે

Fat,	Fatter,	Fattest
Long,	Longer,	Longest
Red,	Redder,	Reddest
True,	Truer,	Truest

(ગ) જુદા શબ્દ લાગી થતાં રૂપ

લાંબાં વિશેષણો અને વિશેષણોને ly લાગી થએલાં ક્રિયાવિશેષણો એ બધાંમાં વત્તાઓછાપણું બતાવવા કે સરખાપણું બતાવવા નીચેના શબ્દો વપરાય છે.

More; વધારે
Most; સૌથી વધારે
Less; ઓછું
Least; સૌથી ઓછું
As ...... as: ના જેટલું

ઉપના બધા શબ્દો વાક્યમાં વાપરતી વખતે 'ના કરતાં' એ અર્થ બતાવવા 'than' શબ્દની જરૂર પડે છે, અને 'સૌથી' એ ભાવાર્થ 'of all' એ શબ્દથી સામાન્ય રીતે સૂચવાય છે. જેમકે;

The country is more beautiful than the town.
He is almost as old as the manager.
The leaves are quite as green as the grass.
Butter is not as cheap as it was.
This is the truest of all my friends.
She is as good as her sister.
Women are less strong than men.
What is the dearest thing to a man's heart?

[૮] વાક્પ્રચાર

આપણે બેઝિક શબ્દોની વિવિધ ખાસિયતો જોઇ ગયા. હવે વાક્યોનું વાચન શરૂ કરતા પહેલાં શબ્દ-સમૂહોના કેટલાક વિશેષ અર્થ થાય છે તે જોઇ જઇએ. વાચકને ખ્યાલમાં હશે કે દરેક ભાષામાં વિચાર વ્યક્ત કરવાની કાંઇક ચોક્કસ લઢણ કે શૈલી હોય છે. અને એ શૈલીને યોગે ઘણા શબ્દસમૂહોનો એક સામટો અર્થ તે છૂટા શબ્દોના અર્થથી કાંઇ જૂદો જ થતો હોય છે. જેમ કે આપણી જ ભાષામાં 'હવા ખાવી' એ સંયુક્ત અર્થને 'હવા' અને 'ખાવી' એ શબ્દોના છૂટા અર્થ સાથે બહુ દૂરનો સંબંધ છે. આપણે આવા ઉપયોગને ભાષાશૈલી કે વાક્પ્રચાર કહીએ છીએ. બેઝિકમાં તે શબ્દસમૂહો—word groups કહેવાય છે. બેઝિકમાં શબ્દસમૂહોના આવા અલંકારિક કે સાંકેતિક પ્રયોગોની કુલ સંખ્યા ૨૫૦ની છે. એમાંના ૫૦ ખાસ જરૂરના હોવાથી તે આ નીચે આપ્યા છે:

At rest: આરામમાં, સ્થિર; bad at: માં ઠોઠ; by force: બળાત્કારે; by himself: પોતે એકલો જ; for example: દાખલા તરીકે; responsible for: ને માટે જવાબદાર; but for: ના વિના; different from: થી જુદું; in motion: ગતિમય; in use: ઉપયોગમાં આવતું; out of the room: ઓરડાની બહાર; control of: ના ઉપર કાબૂ; full of: થી ભરેલું; off his head: તેના માથાથી દૂર; farther on: આગળ ઉપર; worked out: યોજનાબદ્ધ થએલું; go over: તપાસી જવું; be able to: કરવા શક્તિમાન થવું, કરી શકવું; put up with: ચલાવી લેવું; angry with: ના ઉપર ગુસ્સે; come to a stop: અટકી જવું; get out: બહાર પડવું; to get out of doing: કરતા બંધ થવું; give up: છોડી દેવું; go to sleep: ઊંઘી જવું; go off: એક સામટું ફૂટી નીકળવું; lights go out: બત્તી ઓલવાઇ જાય; have an effect on: ના ઉપર અસર થવી; let a house: ઘર ભાડે આપવું; make up a story: વાર્તા ઘડી કાઢવી; put off: મુલતવી રાખવું; as if: જાણે કે; one another: એક બીજાને; there is: છે; in addition to: ના ઉપરાંત; in the belief: માન્યતામાં; in bits: ટૂકડે ટૂકડા; in memory of: ની યાદગીરીમાં; take part in: માં ભાગ લેવો; take place: બનાવ બનવો; put a stop to: અટકાવવું; give

way to: ની આગળ ભાગી જવું; in the way: રસ્તામાં આડે; at right angles: કાટખૂણે; dependent on: ના ઉપર આધાર રાખવું; good morning: સવારની સલામ; at present: હાલ; tired of: થી કંટાળેલો; Dear Mr. A (કાગળ ની શરૂઆત); 10 years old: ૧૦ વર્ષની ઉમરનો.

મનોચ્ચન:

અત્યાર સુધીમાં આપણે બેઝિકમાં ઉપયોગી વ્યાકરણની ચર્ચા કરી ગયા અને હવે પછીના પ્રકરણમાં જો કે આપણે ભાષાશૈલીની કેટલીક ગૂંચો ઉકેલવાની છે, પણ બેઝિક લખેલું વાંચતાં તો શીખનારને અત્યાર સુધીની ચર્ચા ઉપરથી જ આવડી જવું જોઇએ. એટલે શીખનારને પોતાના જ્ઞાનનું પુનરાવર્તન અને વ્યવહારૂ ઉપયોગ કરવાનો અવકાશ રહે માટે આ નીચે બેઝિકમાં લખેલાં કેટલાંક સાદાં વાક્યો આપ્યાં છે:

A ball is round.
The guides go up the mountains.
Bees take sugar from the flowers.
I will give a house to you.
Such ideas are foolish.
I will put the record on the machine now.
I take a sweet cake from the shelf quietly.
The man will put a new roof on the house tomorrow.
I have a good opinion of Basic English.
Death is the outcome of war.
They say that the dog is dead.
Everyone is happy, but you are sad.
I will go while he is there.
He will say why he is angry.
The road is wet, though there was no rain.
He may not be there; but if he is there, I will go.
I will go before the boys get ready.
I will go with the man who is here now.
I see what is wrong.
I am well enough.
Take this coat when you go.
When did you get the news?
The experts have made a test.
The committee made a united attempt to get an adjustment of distribution.
It is sometimes wise to let things be as they are.
He put his hands up, and the others did the same.
I give attention to my work.
Knowledge of facts gives support to our statements.
The moon goes round the earth.
We keep the glasses in the cupboard.
In sport, a ball is sent through the air, or across the field.
I am among my friends.
There was no one about when the crime took place.
When two boys are given one cake, they have to make a division of it between them, and the end will probably be a fight between them.
We do not get money for nothing.
He is making an attempt to get away.
He has enough trouble to make him angry.

પત્રલેખન:

આટલા અભ્યાસ પછી શીખનાર બેઝિકમાં લખેલા સાદા પત્રો વાંચી શકશે. નમૂના દાખલ આ નીચે બે પત્રો આપ્યા છે, તે બંને 'Basic for busfness' એ પુસ્તકમાંથી લીધેલા છે:

(1) QUESTION ABOUT BOOK AGENCY

Dear Sirs,

There are quite a number of English persons living here, and there is a market for books, specially cheap fiction. Will you let us have these on an agreement that we may send back copies of which there has not beena sale?

Yours truly,
... ...

(2) ANSWER

Dear Sirs,

Our experience is that such a number of copies come back dirty and not in a condition for sale, that we have a great loss. We send a list of books with a wide public, but we are only able to take orders for which you make yourselves fully responsible.

Yours truly,
... ...

(ચાલુ) હરિકૃષ્ણ વ્યાસ

ફોટોગ્રાફી

હરીફાઇનું પરિણામ

પહેલું ઇનામઃ 'સંધ્યાની સોડે'–રણછોડભાઈ મિસ્ત્રી (નડિયાદ), બીજું ઇનામઃ 'રખેવાળીઓ'–ભાઇ જે. પી. વારા (જામનગર), ત્રીજું ઇનામઃ 'સૂર્યમુખી'–ભાઈ હાસમ સુતાર (નડિયાદ). નોંધપાત્રઃ (૧) ભાઇ ચતુર્ભુજ વલ્લભદાસ (ઘાટકોપર), (૨) ભીખાભાઇ માસ્તર (વિજલપોર), (૩) જસવંત ઠક્કર (ભાવનગર), (૪) સુશીલા આસર (બોરીવલી-મુંબાઇ).

'કુમાર'ના વાચકો છાયાચિત્રોથી પરિચિત છે. કૅમેરાના ઉપયોગથી પણ ફોટોગ્રાફિક છાયાચિત્રો નીપજાવી શકાય છે, જે પ્રકાર, 'સિલ્હાઉટ ફોટોગ્રાફી'ને નામે ઓળખાય છે. છાયાચિત્ર ને સિલ્હાઉટ ફોટોચિત્રમાં પહેલી નજરે ખાસ તફાવત નથી જણાતો; પણ છાયાચિત્રના સર્જકને પોતાની સાંકડી મર્યાદામાં રહી સર્જન કરવાનું હોય છે, જ્યારે સિલ્હાઉટ ફોટોચિત્રમાં ચિત્રકાર કરતાં ફોટોગ્રાફરને વધુ અવકાશ અને Latitude મળે છે. કારણ, ફોટોગ્રાફીમાં કાળી ચિત્રવસ્તુ અને શ્વેત પશ્ચાદ્ભૂમિના વર્ણભેદ વચ્ચે ચિત્રગૂંથણી માટેનો મધ્યમ વર્ણ નીપજાવી શકાતો હોવાને લીધે તેમાં ઘનતાનો દૃશ્યાભાસ સહજ આણી શકાય છે. આને લઇને સિલ્હાઉટ ફોટોચિત્રમાં છાયાચિત્રની જેમ સુંદર સંયોજનની શક્યતા પરિમિત નથી રહેતી.

સિલ્હાઉટ ફોટોચિત્રમાં આખું ય ચિત્ર અને ચિત્રવાર્તા ફક્ત ઓળાઓ દ્વારા જ પ્રેક્ષક આગળ રજૂ થાય છે. એટલે તેની ફોટોગ્રાફી કરનારને આકૃતિના આકાર અને ઉઠાવનો સ્પષ્ટ ખ્યાલ હોવો જોઇએ. ઓછામાં ઓછી ચિત્રવસ્તુથી યોજાએલું હોવા છતાં આકારોની રસગૂંથણી ચિત્રને ઉચ્ચ કોટીનું બનાવે છે.

'સંધ્યાની સોડે' પહેલા ઈનામને પાત્ર થયું છે, પણ તેમાં કેટલીક ક્ષતિઓ આગળ પડતી છે. ઉપરના ખૂણામાં દેખાતો પાંદડાંનો ઝૂમખો એક મોટી ડાળી સાથે વધુ ઝૂલતો ઊતર્યો હોત તો આકાશના વિસ્તારને ઢાંકવામાં અને આકૃતિઓની ગૂંથણીમાં ઉમેરો થાત. નીચેના બે બળદો પર સમયની અસર સ્પષ્ટ પડી છે. પાછળ ક્ષિતિજમાંથી ઊડી રહેલા સંધ્યાના વાદળ આખા ચિત્રવિસ્તારને સાચવે છે.

ભાઈ જે. પી. વારાના ચિત્રમાં રખેવાળીઆનો વ્યવહાર સ્વાભાવિક નથી લાગતો. છત્રીને ટેકે અક્કડ થઇ ઊભેલો એ માનવી ગામની આતુરતાને સંભાળી શકતો નથી. ચિત્રનો પ્રસંગ માત્ર રસમય હોવાથી હરીફાઇમાં તે આગળ આવી જાય છે. એકલી ગાય ચિત્રને વધારે જોરદાર બનાવી શકત.

ફૂલોનાં ચિત્રો 'કુમાર'ની હરીફાઇમાં હમેશાં આવકારદાયક છે, પણ પાડનારામાં વનસ્પતિ અને ફૂલની સૃષ્ટિમાં નવો રસ પેદા કરવાનો અને જંગલી તેમજ દેશી ફૂલોની વિવિધતા રહાણવાની શક્તિ હોવી જોઇએ. ફૂલોની સાથે તેમનાં રસભોગી પંખીઓ, કીડાઓ કે કુદાંઓ ઝડપવામાં વળી ઓર કરામત, ચાલાકી અને યોજના જરૂરનાં છે, એટલે માત્ર કૅમેરાની ચાંપ અને ફિલ્મને આશરે રહેનારાઓએ આગળ જવાની આશા જ ન રાખવી. સમયસૂચકતા, યોજના, માહિતી અને રસિકતા હોય તો જ સરસ સફળ ચિત્રો મળે.

નોંધપાત્ર ચિત્રોમાં ભાઇ ચતુર્ભુજના 'શાકવાળી' ફોટોચિત્રની ટેકનીક બરાબર નથી. ફોકસિંગ ખામીવાળું છે. પ્રિન્ટ જોઇએ તેવો ઉઠાવદાર નથી. બૅકગ્રાઉન્ડમાં આવતા આકારો તરફ ધ્યાન આપો.

ભાઇ ભીખાભાઇએ રેટલી વણતાં વણતાં નાના બાળકને બે જુદાજુદા પોઝમાં ઝડપ્યા છે. તેનાં નામ 'બાપુજી માટે' અને 'હું પણ વણી શકું છું' રાખ્યા છે. આ રીતે ચોક્કસ હેતુપુરઃસર લેવાએલાં ચિત્રોની માળાથી વાર્તા કહેવાનો પ્રયત્ન સ્તુત્ય છે. પ્રકાશ અને બૅકગ્રાઉન્ડ વસ્તુને અનુરૂપ અને અનુકૂળ નથી જ. ટેકનીક પર કાબૂ મેળવવાની જરૂર છે.

ભાઇ જશવંત ઠક્કરના 'સ્મિત'માં પાત્રની મુખરેખાઓને યોગ્ય ન્યાય મળતો નથી. પોર્ટ્રેટમાં રજૂ થતા ભાવને બંધબેસતી ચિત્રરચના હોવી જોઇએ.

બહેન સુશીલાના 'સૂર્યાસ્ત'માં નજીકનાં ઝાડ આઉટ ઑફ ફોકસ છે. પ્રિન્ટમાં આકાશ આછું આવેલું છે; જરા ઘેરું પ્રિન્ટિંગ થવું જોઇએ.

બલવન્ત ભટ્ટ

—ને

મારા ઉરે કોઇ અપૂર્વ વેદના
વર્ષો થયાં અંતર કોરતી હતી;
યુગાન્તરોની અણદીઠ વાંછના
મથી રહી સર્જન પામવા નવાં.

તેં મુગ્ધ મારું ઉર ખોલ્યું ને મને,
માતા ! કીધો તેં દ્વિજ, દૈન્ય ટાળિયું.
રહે અધુરાં અત્ર ગાન મારાં
ફરી ફરી જન્મ લઇ પુરાં કરું.

હરિશ્ચન્દ્ર ભટ્ટ

વણનોતરી આફત . . . એ આવી એ વેળા વિચાર કરવા રહ્યો હોત તો? સાહસ હમેશાં આવા વિચારથી પોતાને અપમાનિત સમજે છે. એકાએક ઊભા રહી ગજવામાં હાથ નાખી મેં અવાજ દીધો: 'ખબરદાર આગળ વધ્યા તો . . .'

[મારી સફર · ૬૪]

જીવવામાં શો રસ છે, એ એક ગૂઢ પ્રશ્ન છે. કોઇ ભાગ્યે જ જેનો વિચાર કરે છે એવો એક રસ આપણને જીવાડી રહ્યો છે, એ મેં મારા ક્રાંતિકારી મિત્રોના જીવનમાંથી વાંચ્યું. ખાવાપીવા, ઓઢવા પહેરવા, વિલાસ વૈભવ ભોગવવાની તમન્ના તેમનામાં પણ સામાન્ય જ હતી. છતાં એ બધાંનો મોહ ત્યારે ઊડી જતો, જ્યારે તેઓ જન્મભૂમિની સ્વતંત્રતા માટે કંઇ પણ કરવા તૈયાર થતા. એક યુવક એટલો તો મોજી હતો કે તેલની શીશી અને કાંસકો ગજવામાં જ રાખી મૂકતો. તેના બાલ સુંદરમાં સુંદર રીતે શણગારતો. મિત્રોને આ વિલાસી યુવક માટે ભવિષ્યમાં શંકા ઊઠી અને દળમાંથી બાતલ કર્યો. ત્યાર પછી ઘણે દિવસે તે મને બજારમાં મળ્યો. તેણે મને જ બોલાવ્યો હોત તો હું તેને ઓળખી શકત નહિ. તેને માથે સંન્યાસીના જેવો મુંડો હતો, રેશમી પહેરણને બદલે ખાદીનો જભ્ભો હતો. ધોતિયું પણ ઊજળું નહિ. વાત પરથી હું જોઇ શક્યો કે તેનો મોટામાં મોટો શોખ ક્રાંતિકારી સિપાહી તરીકે મરી ફીટવાનો હતો. તેમાં નિરાશા મળતાં તે એટલો હતોત્સાહ બની ગયો કે તેનો બધો મોજશોખ શમી ગયો. તેના જીવનમાંથી મીઠો રસ જતો રહ્યો. કેટલાક વખત પછી સાથીઓને તેના વિષે શંકા ન રહી અને ફરી દાખલ કર્યો. ત્યાર પછી મને તે મળ્યો. પહેલાં જે ફાંકડી સ્થિતિમાં હતો તે જ ઢંગમાં દેખાયો. આથી લાગે છે કે દરેકમાં એકાદ રસ જીવન પોષતો હોય છે. એ બાદ કરીએ તો દરેક જણ મહાદુ:ખી હોય.

એક જ તમન્નામાં રાચતા, કુમળા મગજના, બીનઅનુભવી અને સંસારને ન ઓળખનારા ક્રાંતિકારી યુવકોના સહવાસમાં રહેવાનું મળ્યું, પણ હું તેમના રંગમાં રંગાઇ ન જ શક્યો. કોઇ રીતે મને શ્રદ્ધા ન બેઠી. પણ આફતને ઊતરવાનું સ્થાન મળી ગયું. છૂપી પોલિસના માણસો મને શંકિત યુવાનો સાથે હરતો ફરતો જોઇ એક અપરાધી માની બેઠા.

મને ખબર મળી ગયા કે મને પકડવા પોલિસ ઘૂમે છે. વગર વૉરંટે સામાન્ય પોલિસ તો પકડી ન શકે. છૂપી પોલિસને હક્ક છે. પકડાવાનું મને ઠીક ન લાગ્યું. હું નિર્દોષ હતો એમાં કશી જ શંકા નહિ. દોષી ઠરૂં એવું કંઇ જ નહોતું, પણ મને ડર હતો કે સરકારના બંદાઓ ધારે તો મને ફાંસીનો દોષી બનાવી શકે છે, માટે બચવું જ ઠીક છે. વડીલોની અને મિત્રોની પણ એ જ સલાહ પડી કે હમણાં ન પકડાવું. એ વખતે એક મામલો ઘડવામાં પોલિસ રોકાઇ હતી. તેમાં મને પણ ફસાવી દે તો શો વિશ્વાસ? નિશ્ચય કર્યો કે બહાર ચાલ્યા જવું.

પટના જવાનો વિચાર હતો. ત્યાં જઇને નક્કી કરી આવ્યો. મિત્રના એક બાળકને પિસ્તોલનો ભારે શોખ હતો. તેને માટે ખોટી પિસ્તોલ (રમકડાની) લેતો આવ્યો. દેખાવે પિસ્તોલ જેવી જ. સવારમાં વહેલો ઊઠીને મિત્રને ત્યાં ચાલ્યો. બપોરે પાછા જવું હતું. નકલી તમંચો ગજવામાં હતો. ઘરની ગલીમાંથી નીકળી રસ્તા પર પગ દઇને સામે જોઉં તો પંદરેક માણસો સાથે છૂપી પોલિસનો અમલદાર (ઇન્સ્પેકટર) ચાલ્યો આવે. નજર પડી ન પડી કે તરત જ હું ધીમેથી પાછો વળી ગયો, તે એવા ઢંગથી કે જાણે તેમને મેં જોયા જ નથી. તેણે મને જોઇ લીધો. ઘેર ન જતાં ગલીમાં હું સીધો ચાલ્યો. મને લાગ્યું કે તે લોકો પાછળ પડ્યા વિના તો રહેશે જ નહિ. ઘેર જાય અને ત્યાં ન મળતાં પાછળ આવે તો પછી આ ગલી છોડી દેવી જોઇએ. પાછળ બીજી ગલી હતી. તેમાં જવાનો રસ્તો ન મળે. વચ્ચે એક તબેલો હતો. તેનું એક બારણું તો ગલીમાં પણ હતું. ધીમેથી તબેલો વીંધીને ગલીમાં જતો રહ્યો.

હોંશિયારી મેં જ ન વાપરી. સામેથી પણ તે જ રીતે કામ લેવાયું. તેમણે ત્રણ કાફલા કર્યા.

બંને ગલીમાં એકેક અને એક ઘેર મોકલ્યો. તબેલામાંથી નીકળીને સહેજ ત્રાંસી નજરે પાછળ જોયું તો સાતેક જણ આવતા દેખાયા. મેં જાણે કે તેમને જોયા જ નથી અને જોયા છે તો ઓળખ્યા નથી એ ભાવે ધીમે પગલે ચાલવા માડયું. તે લોકો પણ હું ચેતીને નાસતો ન થાઉં તે માટે મને ઓળખ્યો નથી તે રીતે ચાલતા હતા. પણ કદાચ હું દોડીને નાસી જાઉં તો? તેમની ધીરજ ખૂટી. હું પાછું વળીને તો જોતો જ નહોતો. તેઓ ઉતાવળે પગલે ચાલ્યા. દસેક કદમ પાછળ આવી લાગ્યા. જો હું મોડું કરું તો મને પકડી લે અને વધારે ડર તો મને એ લાગ્યો કે આ નકલી તમંચાને સાચો કરી બેસાડશે તો મુસીબત થશે. માટે પકડાવું તો નહિ જ.

આમ વિચાર કરીને કશો નિર્ણય કરું તે પહેલાં તો એક જણ તેમાંથી આગળ વધ્યો અને ત્રણેક કદમ દૂર હશે કે મને પકડવા હાથ પહોળા કરવાની તૈયારી કરવા માંડયો. આવે વખતે જ્યારે સંકટ તોળાઇ રહ્યું હોય અને તૂટી પડતાં વાર જ ન હોય ત્યારે હિમ્મતથી જે ઉપાય સુઝે તે સાહસપૂર્વક અજમાવી દેવો. વિચારવા રહેવું જ નહિ. મેં અનુભવ્યું છે કે, 'શું કરવું' એ વિચારવા અવકાશ લીધો કે ભય સામે ખડો થશે. ભયનું દર્શન થયું કે સાહસ કરવાની હિમ્મત નહિ થાય. સાહસ કશાનો વિચાર સહન કરી જ નથી શકતું. યા હોમ કરીને કૂદી પડનાર જ જોઇએ. વિચારને અને સાહસને દુશ્મનાવટ છે. સાહસનો આશ્રય લેવાનો હોય ત્યાં વિચારને લાવો એટલે એ કોઇને કોઇ રીતે હરકત પેદા કરવાનો જ. કારણ કે સાહસ સર્વસ્વ બલિદાન કરવાની ભાવના માગે છે. એ ભાવના ત્યારે જ જાગૃત થાય અથવા ટકી રહે જ્યારે તમારું ચિત્ત, તમારી આંખો, અને તમારી વિચારશક્તિ નિઃચેષ્ટ બની જાય. તમારા મગજમાં કોઇ પણ વાતને સ્થાન ન હોય. કેવળ સાહસકર્મમાં જ પ્રવૃત્ત થઇ જાઓ એ જ સાહસ ફલવતું બને, જે સહેજ પણ આંચકો ખાધા સિવાય કર્યું હોય. સાહસ વખતે તમે વિચાર કરવા રોકાયા કે પહેલો જ પ્રશ્ન એ થશે કે આમ કરીશ ને આમ થશે તો? બસ ભય આવીને તમને ડરાવશે. સાહસ આવા વિચારથી પોતાને અપમાનિત સમજે છે.

મેં કંઇ જ કર્યું નહિ. એકાએક ઊભો રહી ગયો અને ગજવામાં હાથ નાખતાં 'ખબરદાર, આગળ વધ્યા તો . . .' એવો કડકાઇથી અવાજ દીધો. અને એ જ પળે પેલો નકલી તમંચો કાઢીને સામે ધર્યો. એ જોતાં જ બિચારા બહાદુરો થીજી ગયા. સૌથી આગળ જે મને પકડવા આવતો હતો એ તો 'ઓ બાપરે' બરાડતોક ને પાછળ હટી પડયો. તેના ધક્કાથી બીજા પણ પાછા પડયા. બધા જ ભયથી કાંપી ઊઠયા. આગળ હતો તેની દશા ખરેખર ચિત્ર લેવા જેવી થઇ ગઈ. તેનું મોં ફાટી રહ્યું. થર થર થર કાંપવા માંડયો અને હાથ ઉપર ફેલાવી દીધા. ફિલ્મમાં જેમ કોઇ ડાકુ હાથ ઊંચા કરાવે એવું દશ્ય બન્યું. આગળવાળા ભાઇની સ્થિતિ જોતાં જ મને હસવું આવી ગયું, પણ મામલો ભયંકર સમજી તરત જ ચેતી ગયો. વિચાર્યું, કે તમંચાને જોઇ લેવાનો મોકો તેમને ન આપવો જોઇએ. તેઓ ભયગ્રસ્ત છે ત્યાં સુધીમાં કંઇક કરી લેવું જોઇએ. મેં પડકાર કર્યો, 'એક કદમ આગળ વધ્યા કે પાછળ હટયા તો ગોળી મારી દઇશ, હોશિયાર!' એમ કહીને દોડતે પગલે ચાલવા માંડયો અને પાછું વાળીને જોતો ગયો. દોસ્તો એમને એમ જ થીજી રહ્યા. આજુબાજુના મકાનોમાંથી સ્ત્રીપુરુષો જોઇ રહ્યાં હતાં. મારે ગલી વળવાની હતી. ગલી વળતાં જ હું દોડયો. પાછળબૂમ સંભળાણી કે 'પકડો, પકડો, ચોર જાય છે.' પણ કોની હિમ્મત કે પાછળ પડે! પકડવાની બૂમો મારનાર જ પકડવા તૈયાર નહોતા.

હું દોડીને દૂર નીકળી ગયો; પણ તેમણે પીછો છોડયો નહિ. સોએક ગજને ફાસલે તેઓ પાછળ દોડતા આવતા દેખાયા. પોકળ ભ્રમ ફૂટી જવાનો મને પૂરો ડર લાગ્યો. છતાં હું ગભરાયો તો નહિ જ. એ વખતે દાવથી યુદ્ધ સિવાય મારા મગજ પર કશો બોજો જ નહોતો અને તેથી જ મેં જે ઉપાય લીધો તેથી સફળતા મળી. ગલીઓમાં એક કલાક દોડયા પછી સરિયામ રસ્તો ઓળંગીને હું મહોલ્લામાં ઘૂસ્યો. પાસે જ કોટવાલ (મોટું પોલિસ થાણું) હતું. તેનો પાછલો રસ્તો આ તરફ હતો. એક સિપાઇ દરવાજામાંથી નીકળતો હતો. ભાઇબંધોનું ટોળું દોડવાની આદત નહિ હોવાથી જરા થાકયું હોય તેમ પાછળ રહી ગયું હતું. પણ એક ભાઈ મૂઠીઓ

વાળીને દોડયા આવતા હતા. તેણે પેલા સિપાઇને જોયો કે 'પકડો, પકડો'ની બૂમ પાડી. તરતજ સિપાઇભાઇ રૂવાબ અને જોશનો દમ ભરીને 'ખડે રહો' કહેતા દોડવા ગયા. કોટના ગજવામાં સંતાડી રાખેલો તમંચો કાઢીને તેની સામે ધર્યો કે ભફ દઇને હાય કહેતોક સિપાઇરામ પડી ગયો અને હું જોરથી નાઠો.

ચૌટામાં આવી ગયો. ચારેક ગલીઓ અહીં મળતી હતી. ખૂણો વળ્યો કે હું દેખાતો બંધ થયો. શાંતિથી, કશા ગભરાટ વિના પાસે એક મકાનમાં દાખલ થઇ ગયો અને કમાડ આડે ઊભો રહ્યો. બે પાચ મિનિટ પછી દડબડ કરતો પેલો જતો સંભળાયો. ધીમેથી હું મકાનમાં ગયો. એક બે માણસો નીચે બેઠાં હતાં. તેમના તરફ જરા નજર કરીને જેમ જૂનો જાણીતો પરિચિત હોઉં તેમ સીડી ચડવા માંડ્યો. મારા સહજ વર્તનથી તેમને લાગ્યું હશે, કે ઘરનાં છોકરાંઓનો મિત્ર કે ઓળખીતો હોઇશ. સામાન્ય રીતે કાશીમાં નીચેના ભાગમાં કોઇ રહેતું નથી. ઉપર મજલા પર જ રહેવાનું હોય છે. પુરુષવર્ગ ઘણું ખરૂં નીચે બેઠક રાખે છે. ત્રણમાળનું મકાન હતું. ત્રણે સીડીઓ ચડીને હું અગાસી પર જતો રહ્યો. નીચે નજર કરી. સિપાઇઓનું ટોળું છૂપી પોલિસના અમલદાર સાથે ઊભું દેખાયું. કોઇ કહેઃ 'અહીંથી જ બીજી ગલીમાં વળી ગયો હશે.' મારો પીછો કરનાર પણ મને નહિ જોતાં પાછો ફર્યો હશે. આજુબાજુનાં માણસોને પણ પૂછ્યું, કે આવા રંગઢંગનો માણસ દોડતો કઇ તરફ ગયો? પણ કોઇને ખબર જ નહોતી. અરધો કલાક એ રીતે પંચાત કરીને જતા રહ્યા. બેએક કલાક હું ઉપર જ રહ્યો. કંઇ ભય જેવું ન લાગ્યું એટલે ધીમેથી ઊતરી ચાલતો થયો.

રાતની જ ગાડીમાં હું પટના જતો રહ્યો. હવે નવી પરિસ્થિતિ મારા માટે એક નવું જ ઘડતર લાવી. અવનવી સ્થિતિ ભોગવવાનો આ સારો સમય હતો.

પટનાના કેટલાક જુવાનો સાથે મૈત્રી થઇ. બધા જ કાચા જુવાનિયા હતા. સંયુક્ત પ્રાંતના જુવાનો કરતાં બિહારના જુવાનોમાં ભાવુકતા અને નરમાશ વધારે જોયાં. ગુજરાતી જુવાનને તેમની સાથે સરખાવી શકાય. અહીંની પ્રજા પણ શાંત અને ગરીબ ખરી. તેથી જ ગાંધી–પ્રવૃત્તિનો સીધો પ્રભાવ અહીં વધારે પડ્યો છે. બિહારમાં લગભગ જમીનદારી પ્રથા છે. તેથી ગામડાનો ખેડૂત ઘણો જ ચૂસાતો રહે છે. કાઠિયાવાડની પેઠે અહીં નાના નાના ગરાસિયા–જમીનદારો ઘણા છે. તેમની સ્થિતિ મધ્યમવર્ગના જેવી છે. આ વર્ગના જુવાનોમાં દેશભક્તિનો સંચાર પહેલો થયો. ગુજરાતમાં જેમ દરેક કોમમાં થોડોઘણો કેળવણીનો પ્રચાર જોઇએ છીએ તેવું અહીં નથી. બ્રાહ્મણ અને ક્ષત્રિય સિવાય નીચેલો વર્ગ પછાત જ રહ્યો છે. ખેતીનો કારોબાર પણ લગભગ બ્રાહ્મણ-ક્ષત્રિયના હાથમાં હોઇ, સાચો ખેડૂતવર્ગ મજૂર જેવી જ સ્થિતિમાં છે.

મારી આજુબાજુ એકઠા થએલા યુવાનોમાં યે બ્રાહ્મણ અને ક્ષત્રિય જ હતા. કેટલાક તો અમલદારોના છોકરાઓ પણ હતા. દેશહિતની ભાવના યુવાનોમાં કેટલી પ્રબળ અને ત્વરિત પ્રસરી શકે છે, તે મેં જોયું. એક દોસ્ત મેજિસ્ટ્રેટનો પુત્ર હતો. મઝાકમાં તેને કહ્યું, કે 'માની લો કે તમને તમારા પિતાનું ખૂન કરવાનું કહેવામાં આવે તો તમે કરી શકો?'

તેણે કહ્યું: 'ખુશીથી; દેશખાતર દેશદ્રોહી પિતાનું ખૂન કરવું પડે તો કરૂં.'

બડા લોકો ભલે કહે, અને વર્તમાન સમય માટે હું પણ કહું છું, કે અહિંસક માર્ગ જ આપણે માટે ઉત્તમ છે. છતાં હિંસક માર્ગનું અનુસરણ કરનારા યુવાનોની કંઇ નિંદા ન કરી શકાય. આજ ગાંધીજી તે માર્ગના અનુયાયી બને તો જે અસફળતાનું દર્શન તેઓ તેમાં કરે છે, તે ભ્રમ બની જાય. હું ચોક્કસ માનું છું, કે ક્રાંતિકારી પ્રવૃત્તિ સફળ નથી થઇ શકી તેનું કારણ યોગ્ય વડીલ નેતાઓનો અભાવ. ધગતા યુવાનોને પ્રૌઢ દોરવણીની જરૂર હોય છે. તે નહિ મળવાથી જ હિંદનો ક્રાંતિકારી યુવાન નિર્બળ રહ્યો છે.

હું ન તો ક્રાંતિકારી હતો કે ન બનવા ઇચ્છતો હતો, છતાં 'માર મારકે હકીમ' બનાવી દીધો હતો. માથે પડ્યું ભોગવી લીધા સિવાય છૂટકો નહોતો. મને મઝા પડી હતી તે રખડપટ્ટીની. એથી જ આ દશા કંઇક ગીઠી લાગી. એક જ સ્થાને પડી રહેવામાં કંઇક ભય જેવું લાગ્યું. થયું પણ એમજ. કાચા વિદ્યાર્થી યુવાનો પોતાનો શોખ છૂપાવવા કરતાં પ્રદર્શિત કરવા વધારે પ્રયત્ન કરતા. જોનારામાં જે વસ્તુ

નથી હોતી અને ચાહના હોય છે, તેનું પોતાનામાં આરોપણ કરીને તેવા બનવા કે બનાવવા ઘણો ડોળ કરે છે. આ એક દરેક માણસમાં છૂપાઇ બેઠેલી વૃત્તિ છે. ક્રાંતિકારી જીવન ભોગવતા યુવાનો તો પોતાની જાતને છૂપાવવા પળેપળે પ્રયત્નશીલ રહેતા, જ્યારે ક્રાંતિકારી બનવાનો શોખ સેવતા યુવાનો કે વિદ્યાર્થીઓ પોતાને ક્રાંતિકારી તરીકે લોકોમાં પ્રસિદ્ધ કરવા ઉત્સુક રહેતા. આ દુર્ગુણે ઘણા નિર્દોષ યુવાનોને કેદખાનું દેખાડયું હતું. મારી પાસે આવનારા યુવાનો બાતમીદારોની નજરમાં આવી ગએલા. તેમને મારી પાસે આવતા જોઇ એક બાતમીદાર તપાસ કરવા આવ્યો. ઘેર હું એકલો જ હતો.

'અહીં મકાન ભાડે આપવાનું છે કે?' કહીને ભાઇજી મારી સામે આવી ઊભા.

'મકાન ભાડે તો નથી આપવાનું.' મેં તેનો ઢંગ તપાસતાં કહ્યું.

'તમે કયાંથી આવ્યા છો?' તેણે તરતજ પૂછયું.

આ પ્રશ્ન પરથી જ હું તેને તરત ઓળખી ગયો અને જરાક ઓળખ પડયા પછી એના રંગઢંગ ઓળખતાં વાર ન લાગી. મકાન ભાડે રાખવા આવનાર બીજી કંઈ પણ વાત કર્યા સિવાય, અને નહિ જાણતો હોવા છતાં, 'કયાંથી આવો છો?' એ પ્રશ્ન પૂછી જ કેમ શકે? તે પરથી મેં કળી લીધું, કે આ ભાઇજી મારા માટે જ આવ્યા છે. તેની બધી જ વાતો અને પ્રશ્નો બનાવટી હતાં. તેને મેં પાછો કાઢયો. મિત્ર આવ્યો એટલે તેને મેં વાત કહી. આવેલા માણસના રૂપરંગનું વર્ણન કર્યું. તે તેને ઓળખતો જ હતો.

'એ તો બાતમીદાર છે.' તેણે કહ્યું.

'ત્યારે અહીંથી બીજે ચાલ્યા જવું જોઇએ. નાહકની ઉપાધિ વેઠવી પડશે.' મેં કહ્યું.


તે જ રાતે અમે બંને ગયા તીર્થધામમાં ઊપડી ગયા. એક ઓળખીતા યુવાનને ઘેર મને મૂકીને મિત્ર જતો રહ્યો. અઠવાડિયું મઝામાં વીત્યું. ગયા શહેર બહુ મોટું તો નથી પણ છે રળિયામણું. આજુબાજુનો પ્રદેશ રમણીય છે. નાની નાની ટેકરીઓ પ્રાકૃતિક સૌંદર્યને સંઘરી બેઠી છે. કેટલીક ટેકરીઓ તો એવી સૌંદર્યવતી છે, કે પ્રકૃતિપ્રેમીને ફિદા કરી દે છે. ફલગુ નદીનો પ્રવાહ તો ચોમાસા પૂરતો જ દેખાડે છે. છતાં તેનો કિનારો રમણીય છે. નદીમાં રેતીનું પ્રમાણ વધારે હોવાથી પ્રવાહ ઢંકાઇ ગયો છે. આપણા પૌરાણિક ભાઇઓએ તો તેમાંથી પણ ચમત્કાર શોધી કાઢયો છે, કે દેવનાના શાપથી પ્રવાહ નીચે જતો રહ્યો. છતાં આ પાણી વિનાની નદીમાંથી હિંદુઓના કરોડો પૂર્વજો ભાદરવા મહિનાના શ્રાદ્ધ પક્ષમાં આખા વરસની અને કદાચ જન્મજન્મની તરસ બૂઝાવે છે! ખૂબ ધમાલ મચે છે. જેમ બધી શાળાઓના વિદ્યાર્થીઓને એકઠા કરીને અવ્યવસ્થિત રીતે 'પેરેડ' કરાવે તેવી રીતે ટોળાંનાં ટોળાંને કાફલામાં ઊભાં રાખીને પંડયાઓ શ્રાદ્ધક્રિયા કરાવે છે.

ગયામાં વિષ્ણુપદનું પુરાણું મંદિર મુખ્ય છે. ઔરંગઝેબે પુરાણું મંદિર તોડી નાખ્યું હતું ત્યાં પ્રાતઃસ્મરણીયા અહલ્યાબાઇએ નીલા (કાળા) રંગના પત્થરનું સુંદર મંદિર બંધાવ્યું છે. મૂર્તિ નથી. એક પહોળા પત્થર પર વિષ્ણુભગવાનનાં ચરણ છે. દરેક કોમનો માણસ તેની પૂજા કરી શકે છે. મંદિર બહાર એક ખૂણામાં કાળો પત્થર પડયો છે. કહે છે, કે કોઇ ચોર મંદિરના શિખર પરનું સોનું લેવા ચડેલો, તે પડયો અને પડતાં જ પત્થર બની ગયો. આપણી અંધશ્રદ્ધા કયાં સુધી પહોંચી છે, એનું આ દૃષ્ટાંત છે. પંડયાઓ આ પત્થરની પણ પૂજા કરાવે છે. અને ઉપરોક્ત કથા ખૂબીથી કહી સંભળાવે છે. બાબાવાક્યં પ્રમાણમ્ માનીને યાત્રીઓ પણ સાંભળ્યા પહેલાં જ સ્વીકારી બેઠા હોય તેવી રીતે માથુ ધૂણાવતા જાય છે.

ભગવાન બુદ્ધે આ રમણીય પ્રદેશમાં તપશ્ચર્યા કરી હતી. પોતાને બુદ્ધત્વ પણ અહીં જ પ્રાપ્ત થયું હતું. કાળની ગતિ અજબ છે. એમનું તપશ્ચર્યા સ્થાન બુદ્ધગયા આજ સનાતનપંથી સંન્યાસીના હાથમાં છે.

આફત પાછળ પડે છે, ત્યારે ગમે ત્યાં છૂપાઇને બેસો તો પણ તે ખોળી કાઢે છે મારો પીછો અહીં પણ તેણે છોડયો નહિ. જે યુવાનને ઘેર હું આશ્રય પામ્યો હતો તે થોડા દિવસો માટે કયાંક જતો રહ્યો. તેના પિતાજીને ખબર મળી ગઇ કે હું છૂપાતો ફરતો બુદ્દાબક્ષ છું, એટલે પિત્તો ખસ્યો. એક સાંજે હું ફરીને આવ્યો કે તરત જ મને ઘર છોડીને જતા રહેવાનું કહી દીધું.

(ચાલુ) **જીવરામ જોષી**



જીવનનું પરોઢ

ભાગ બીજો

પ્રકરણ બારમું • એપ્રિલ ફૂલ

માણસને નથાવું નથી ગમતું. વળી જે નથાતા નથી એ હડધૂત થયા વિના રહેતા પણ નથી. લગામમાં રહે તે ઘોડો કામનો; નાથ ખમે તે આખલો દેવ સમો; પગે દામણાં બંધાવી દૂધ આપે તે ગાય કામધેનુ; ઇશારો થતાં બેસે ને ચપટી વગાડતાં દોડ કાઢે તે કુતરો ભાગ્યવાન; અને સમાજ-ધર્મના નિયમ ઉપનિયમથી બંધાએલો રહી ડગલે ડગલે સાવચેતીથી ચાલે તે પુરુષ શિષ્ટ સજ્જન.

આમ છતાં ખરી વાત એ છે કે ઘણુંખરૂં દરેક પ્રાણીને પોતાના માથા પરનો અંકુશ ઉથલાવી નાખવાની એક આંતરિક ઇચ્છા હરઘડી રહ્યા જ કરે છે. ઘોડાના બંધ જરાક છૂટયા કે તે ક્ષિતિજના ખુણે-ખૂણાને માપી આવવાને થનગની રહેવાનો. પોતાના સમાજની નજર ચૂકી કે માણસ છૂટોદોર થઇ બજારોના અનાડી ને સડીયલ ઠેકાણાંઓમાં મહાલતો ભટકવાનો. આ તમન્નાનો વેગ મોળો પાડવાની છૂટબારી (સેફટી વાલ્વ) માટે પ્રત્યેક સમાજમાં યોજનાઓ હોય છે. રજાઓ, તહેવારો, મહેફિલો, મેળાઓ એ આવી છૂટબારીઓ છે.

સમાજ-સંચાલકો તો જોકે તહેવારો પ્રગતિ માટે યોજે છે, પણ સમાજ એને સમૂળો ગબડાવી પાડે છે. એના દાખલા જન્માષ્ટમીની ભવાઇ, દીવાળીનો જુગાર અને હોળીની બિભત્સતા વગેરે છે. આ તહેવારોને સંકોરી કાઢવા સારી પેઠે પ્રયાસો થઇ રહ્યા છે. છતાં આખી ભારતભૂમિ પર જો તે તે દિવસે વિહંગમ દૃષ્ટિ દોડાવી જઇએ તો આપણો મોટા ભાગનો સમાજ અધોમુખ થએલો નજરે ચડે.

આપણી હોળીને મળતો માઝા મૂકનારો એક અંગ્રેજી તહેવાર 'એપ્રિલ ફૂલ'નો છે. એપ્રિલ મહિનાની પહેલી તારીખે સામા માણસને છેતરીને તથા મૂર્ખો બનાવીને આનંદ લૂંટવાની તે દિવસે હરીફાઇ ચાલે છે. એક એપ્રિલ માસની સવારે ફીનિક્સમાં પણ મોટા વિદ્યાર્થીઓની ટોળીએ અડપલું કરી એક એક મોટું પુરાણ ઊભું કરી મૂકયું હતું, જે મહિનાઓ સુધી ચાલ્યાનું મારૂં સ્મરણ છે. બાપુજીની સંભાળમાં હોવા છતાં તે વેળા માણસાઇને ઠેબે ચડાવવામાં અમને ભારે રસ આવ્યો હતો.

મિ. વેસ્ટ જેઓ એકલા જ એ દિવસોમાં અમારી વસાહતમાંના અંગ્રેજ હતા તેમને બનાવવાનું મોટા છોકરાઓની એક ચોકડીએ ઠરાવ્યું. કોઇને એપ્રિલ મહિનો આવ્યાનો ખ્યાલ સરખો યે ન હતો. નિયમ પ્રમાણે સવારનો ઘંટ વાગતાં સૌ પાવડા લઇ જુદી જુદી ટોળીઓમાં વહેંચાઇ ખેતરોમાં પહોંચી ગયા હતા અને કામે ચડયા હતા. સવાએક કલાક કામ ચાલ્યું હશે ત્યાં એક ખેતરેથી તીણી ચીસ સંભળાઇ 'લગ્વાના! લગ્વાના!' તરત બીજા બેત્રણ જણાએ કારમો સાદ પુરાવ્યો 'લગ્વાના! લગ્વાના!'

ચારે તરફના માણસો હાથમાં પાવડા લઇ દોડતા ત્યાં પહોંચ્યા. હું પહોંચ્યો ત્યારે જોયું કે મિ. વેસ્ટનો ચહેરો ગુસ્સાથી એટલો લાલચોળ થઇ ગયો હતો કે જાણે હમણાં ગાલ ફાટી પડશે. પોતાના હાથમાંનો હંટર ધીમે ધીમે વીંઝતા ટોળા વચ્ચે એ ઊભા હતા. બીજાઓ મલકાતે મોઢે તેમને ટાઢા પાડવાનો પ્રયાસ કરતા હતા કે 'એપ્રિલ મહિનો આવી ગયો એ ભૂલી ગયા શું?' પણ જેમજેમ એમને ટાઢા પાડવાનો આ પ્રયાસ થતો જતો હતો તેમ તેમ મિ. વેસ્ટની ઉકળતી કડાઇમાં જાણે પાણી છંટાતું હતું. આખરે આખો મામલો બાપુજી પાસે પહોંચ્યો અને બાપુજીએ જેમતેમ કરી એમાંથી સૌને ઉગાર્યા.

'લગ્વાના' એટલે પાટલાઘો. ફીનિક્સમાં સરપ કરતાં યે પાટલાઘો ઝેરી મનાતી. સરપ તો ત્યાં હાલતાં ચાલતાં નજરે પડતા અને ઘો ભાગ્યે જ દેખા દેતી, તેથી એનો એટલો ભય લાગતો કે એનું નામ પડતાં જ ચોમેર નાસભાગ શરૂ થઇ જતી.

મિ. વેસ્ટ શિકારી ન હતા, પણ બીજાના રક્ષણ માટે દોડી જવાની વીરતા અને સૌજન્ય એમનામાં

પૂરેપૂરાં હતાં. બંદૂક કે એવું બીજું હથિયાર એમના હાથમાં જોયાનું મને યાદ નથી, પણ ગેંડાના ચામડાનો લાંબો હંટર તેઓ અચૂક વીંઝી જાણતા. એક વાર રાત્રે તેઓ અમારે ઘેર આવેલા. ઓસરીમાં ઊભા ઊભા મગનકાકા સાથે વાત કરતા હતા. ત્યાં દેડકાનું રૂદન સંભળાયું. સરપની શંકા ગઇ. જોયું તો એક મોટા દેડકાને કોઇ નીચે ખેંચી રહ્યું હતું અને બે પાટિયાની તડ વચ્ચે દેડકો ફસાઇ જવાથી નીચે જઇ શકતો નહોતો એટલે મોટેથી રોતો હતો. તુરત મગનકાકાએ ફાનસ ઉપાડયું અને મિ. વેસ્ટ પગથિયાં ઊતરી નીચે ગયા. ઓશરી નીચેની પોલાણમાં હાથ લંબાવી એમણે એવો તો સચોટ ફટકો માર્યો કે પહેલે જ ઘાએ સરપ મરી ગયો અને દેડકો છૂટો થઇ કૂદતો કૂદતો ભાગ્યો.

એવી કફોડી જગ્યાએ એક જ ઝપાટે મિ. વેસ્ટે હંટર કેવી રીતે તાક્યો અને ફટકાર્યો એની તો મને સમજ જ ન પડી. તેઓ સાપને તપાસી ઘેર ગયા. એ ઘાતના પ્રાયશ્ચિત્ત રૂપે બીજે દિવસે મગનકાકાએ પાણીભર ઉપવાસ કર્યો. અને મેં દેડકો, સાપ તથા મિ. વેસ્ટ ત્રણેની કરામત પર માથું ખંજવાળ્યા કર્યું.

આવી જ જાતની મદદ આપવા જુસ્સાભેર મિ. વેસ્ટ 'લગ્વાના'ની બૂમ સાંભળતાં પેલા છોકરાઓ પાસે દોડી ગએલા, પણ જ્યારે તેમણે જાણ્યું કે એ તો મશ્કરી હતી ત્યારે એમનો પિત્તો એટલો ઉછળ્યો કે તે કાબૂમાં ન રહી શક્યો. જો બાપુજીની એ સંસ્થા ન હોત તો ઘોને બદલે કોઈ છોકરાની પીઠ ઉપર જ એ હંટર વીંઝાઇ ચૂક્યો હોત.

સાંજની પ્રાર્થનામાં બાપુજીએ આવી મશ્કરી કરવા તથા જૂઠું બોલવા સારૂ વિદ્યાર્થીઓને ઠીકઠીક ખખડાવ્યા. પણ આવા સાર્વત્રિક તહેવારે પણ ડાહ્યાડમરા બની રહેવાની જરૂર અમને કંઇ જણાઇ નહિ. વળી આવી નાનકડી રમતને આવડું બધું રૂપ આપી અમને ઠપકો આપવો એ બાપુજી વધારાપડતું કરે છે એમ પણ અમને લાગ્યું.

બાપુજી છોકરાઓને પસ્તાવો ન કરાવી શક્યા અને મિ. વેસ્ટ પાસે ક્ષમા પણ ન અપાવી શક્યા. સ્વભાવે જ મિ. વેસ્ટ જરા અતડા હતા. અને આ બીના પછી વાતવાતમાં તેઓ છોકરાઓથી ઉશ્કેરાઇ જવા લાગ્યા. છોકરાઓએ પણ તેમનો પીછો પકડ્યો અને તેમને ચીડાવવાનું વધુ ને વધુ કારણ આપતા ગયા. છેવટે એ અવસર આવ્યો કે મિ. વેસ્ટના હાથ નીચે ખેતરમાં કામ કરવાને લાયક દેવદાસકાકા ને રામદાસકાકા જેવા એક બે છોકરા જ બાકી રહ્યા. બાકીનાઓને મિ. વેસ્ટથી છેટા રાખવાની સાવધાની બાપુજીને લેવી પડી. હું ભૂલતો ન હોઉં તો વિદ્યાર્થીઓ અંદરઅંદર મિ. વેસ્ટની નિંદા અને તેમની પીઠ પાછળ મશ્કરીઓ કરતા. મહિનાઓ બાદ જ્યારે તેઓ લાંબી છુટ્ટી પર ડરબન રહી આવ્યા ત્યાર પછી જ એ બધું બંધ પડયું.

બાપુજીની ટેવ એવી કે જેઓ પોતાની નજીકના હોય તેમ તેમને આઘા રાખે. એપ્રિલફૂલવાળા પ્રસંગ પછી દેવદાસકાકાને તેઓ અચૂક મિ. વેસ્ટની પાસે કામે મોકલતા અને પોતાની ટોળીમાંથી તેમને બાતલ રાખતા. આનું સહેજે પરિણામ એ આવ્યું કે બાપુજી પાસે બીજા છોકરાઓ જ્યારે રમતગમત અને ઉછાંછળાપણામાં સારી પેઠે સમય બગાડતા ત્યારે મિ. વેસ્ટ પાસે કામ કરતા દેવદાસકાકાને પીઢ માણસની પેઠે ડાહ્યાડમરા બની મૂગામૂગા કામ કરવું પડતું. પરિણામે તેઓ ખરેખર મોટું માણસ બનતા ગયા. પોતાનું મન દબાવી કામમાં ને કામમાં એકાગ્ર બનવાની અને કામ ચોકખું કરવાની તેમની ટેવ વધી.

આની સાથે સાથે 'લગ્વાના'નો એક બીજો કિસ્સો પણ યાદ આવ્યો છે તે અહીં જ કહેવો ઠીક પડશે. એપ્રિલફૂલવાળું પ્રકરણ હજુ ભૂલાયું ન હતું. એક બપોરે નિશાળમાં બેઠા અમે અમારા પાઠ કરી રહ્યા હતા. બાપુજી છાપખાનામાં હતા. અમારો સહપાઠી કુપ્પુસ્વામી ઓરડાની બહાર નીકળ્યો ત્યાં તેની નજરે 'પાટલાઘો' પડી. તેણે 'લગ્વાના! લગ્વાના!' બૂમ પાડી કે બધા છોકરાઓ બહાર નીકળી જ્યાં ઘો ભરાઇ હતી ત્યાં ઘેરાઇ વળ્યા. 'ઘો'ને પકડવાના નિષ્ફળ પ્રયત્નોમાં પંદર વીસેક મિનિટ ગઇ હશે ત્યાં બાપુજીની ત્રાડ સંભળાઇઃ 'શું છે ત્યાં?'

અમારી પાછળ આવીને ઊભા રહેલા બાપુજીનો કડક ચહેરો જોઇ અમે થીજી ગયા. એક જણ હિંમત કરીને બોલ્યોઃ 'પાટલાઘો હતી એટલે જોવા આવ્યા.'

'ઠીક છે; જાઓ બેસો તમારા વર્ગમાં. શું પાટલાઘો કદી જોઇ ન હતી?'

'પણ અમે એને પકડીને દૂર મૂકી આવવાનું કરતા હતા.'

'ના, નથી મૂકવી, જવા દો એને જ્યાં જવું હોય ત્યાં. તમારૂં ધ્યાન જ ભણવામાંથી નીકળીને બહાર કેમ ગયું? પાટલાઘો હોય કે એક મોટું લશ્કર જતું હોય પણ ભણનાર વિદ્યાર્થીની નજર પોતાની ચોપડીમાંથી ઊંચી થાય જ કેમ!'

'પણ બાપુજી! કુપ્પુએ બૂમ મારી એટલે અમે બહાર આવ્યા; નહિ તો અમે વાંચતા જ બેઠા હતા.'

'કુપ્પુ! તું કેમ બહાર નીકળ્યો હતો?'

'પાણી પીવા જતો હતો, બાપુજી!'

'એમ? ઠીક ચાલો, બેસી જાઓ પોતપોતાની જગ્યાએ.'

અમે બેસી ગયા એટલે હાથમાં ચોપડી લઇ વળી બાપુજીએ આગળ વઢવા માંડ્યુંઃ 'કુપ્પુ! મેં નથી કહ્યું કે પાણી બાણી જે કંઇ પીવું હોય તે પીને જ અહીં આવવું? પછી શા માટે તમારે પાણી પીવા ઊઠવું પડે છે? તમે એકવાર નિશાળે આવ્યા કે પછી બીજું બધું ભૂલી જાઓ અને એક જ બેઠકે બેસો એટલા માટે તો મેં ભણાવાનો એકી સાથે દોઢ જ કલાકનો વખત રાખ્યો છે. એ દોઢ કલાક તો તમારે સખણા બેસવું જ જોઇએ. દોઢ કલાકમાં જો તમારે પાણી પીવા જવું પડતું હોય ને પેશાબ કરવા ઊઠવું પડતું હોય તો તમે રોગી છો. અને એમ સાધારણ રીતે અરધોએક કલાક પણ હાજત રોકી ન શકાય કે?' આમ સારી પેઠે તેમણે અમને સંભળાવ્યું. અને આ ઉપદેશની અસર પણ થઇ. ત્યાર પછી ભણવાના દોઢ કલાકમાં પોતાની જગ્યાએથી ખસવાની બો ભૂલી ગયા.

ફીનિક્સમાં વાર તહેવારની છૂટી જેવું ભાગ્યે જ બાપુજીએ રહેવા દીધું હતું. જન્માષ્ટમી જેવા બેચાર દિવસો તહેવાર તરીકે પળાતા, પણ એમાં યે છુટ્ટી ન મળતી. એ દિવસે ઉપવાસ કે અલ્પાહાર ઉપરાંત બે કલાક પ્રાર્થના વધુ લંબાતી એટલું જ. અમારે માટે તહેવારમાં ઘણુંખરૂં રવિવાર, અથવા બાપુજીની ફીનિક્સમાંથી ગેરહાજરી હોય તે. રવિવારે વાંસભર સૂરજ ચડી જતાં સુધી પથારીમાંથી બહાર નીકળવું નહિ, આખો દિવસ રમતો રમ્યા કરવી, કંઇક ને કંઇક ઉધમ્છતું કે તોફાન કરવું અને સાંજ પડ્યે નિરુત્સાહ બની સૂઇ જવું એવો જ કાર્યક્રમ રહેતો.

અમારે પાપે બાપુજીને ફીનિક્સમાં સાત દિવસ અને ચૌદ દિવસના જે ઉપવાસો કરવા પડ્યા હતા એનાં મૂળ પણ આ છુટ્ટીના દિવસોમાં જ નંખાયાં હતાં એ હવે પછી આવતા પ્રકરણ પરથી જણાઇ આવશેઃ પણ આ પ્રકરણ પૂરૂં કરતાં એટલું તો કહું કે કોઇ પણ સમાજ કે સંસ્થાનો તાગ કાઢવો હોય તો વાર–તહેવારમાં એ કેટલે ઊતરે છે કે ચડે છે એ તપાસવું જોઇએ.

(ચાલુ) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**

એકશ્લોકી રામાયણ

મરાઠીમાં કહેવત છે કે 'ताका पूरते रामायण'— છાશજોગું રામાયણ.

એક બ્રાહ્મણને ત્યાં મોટી ભેંસ હતી. એટલે ઘરમાં ઘી, માખણ, દૂધ ઘણું રહેતું. છાશ ખૂબ થાય તે પડોશીઓને આપે. એક દિવસ એને થયું કે આપણે છાશ મફત આપીએ છીએ તે ઠીક નથી. બદલામાં કંઇક તો લેવું જ જોઇએ. પૈસા તો લેવાય જ નહિ; કેમકે શાસ્ત્રમાં લખ્યું છે કે ગોરસ વેચાય નહિ. ગોરસનાં દામ લે તે નરકે જાય. બીજે દિવસે એક પડોશી છાશ માગવા આવ્યો. એને અને આપણા બ્રાહ્મણને બનતું નહિ. બ્રાહ્મણે કહ્યુંઃ 'ભાઇ, છાશ આજથી મફત નહિ મળે. આખા રામાયણની વાત સંભળાવશો તો જ છાશ મળશે. મનમાં વિચાર એ કે લોટા છાશ માટે આખું રામાયણ કોણ સંભળાવવા બેઠું છે? પણ તર્કાર્થી માથાનો હતો! એણે કહ્યું, સાંભળોઃ

आदौ रामतपोवनाधिगमनं हत्वा मृगं कांचनम् ।
वैदेहीहरणं जटायुमरणं सुग्रीवसंभाषणम् ॥
वालीनिर्दलनं समुद्रतरणं लंकापुरीदाहनम् ।
पश्चाद्रावणकुम्भकर्णहननं एतद्धि रामायणम् ॥

'આ તે કેવું રામાયણ? આ નથી વાલ્મિકીનું કે નથી તુલસીનું. આનું નામ શું?' બ્રાહ્મણ બોલી ઊઠ્યો.

'આ તો છાશજોગું રામાયણ છે. લોટા છાશ માટે આવું જ રામાયણ મળે.' પડોશીએ પરખાવ્યું.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

દસ લાડુ અને ત્રણ જણ . . . પછી?

એક વખત ત્રણ મુસલમાન ભાઇબંધો એક ગામમાં ધર્મશાળામાં જઇ ઊતર્યા. તેઓએ નક્કી કર્યું કે, આજનો દિવસ અહીં રોકાવું અને આવતી કાલે ગાડીમાં બેસીને ચાલ્યા જવું.

બપોર થવા આવ્યા હતા. ચાપાણી પીને થોડી વાર તેઓએ ગપ્પાં લગાવ્યાં. પછી તેમાંના એકે કહ્યું:

'ભલા, બીજું બધું તો ઠીક; પણ હવે રાંધવા ખાવાનું કેમ કરવું છે?'

તેમાંના જુસબ નામના ભાઇબંધે કહ્યું: 'અલ્લારખાને પૂછોને, તે કહે તે બનાવીએ.'

અલ્લારખા: 'ભાઇ, આપણી મરજી તો ચુરમાના લાડુ ઉપર છે. પછી જેવી બધાની મરજી.'

ત્યાં તો પેલો મહમદ કહે, 'કબૂલ છે, ભાઇ, એના જેવું એકેય નહિ.'

મહમદ બજારમાં ગયો, અને સીધું સામાન લઇ આવ્યો. રસોઇ તૈયાર થવા લાગી. વાતોના ગપાટા ને ઠઠ્ઠામશ્કરીમાં લાડુ તૈયાર થતાં તો ચારેક વાગી ગયા. મજાના મોટા મોટા દસ લાડુ અલ્લારખાએ તૈયાર કર્યા.

લાડુ અને શાક તૈયાર થતાં બધા હાથ મોં ધોઇને બેઠા ત્યાં જુસબ બોલ્યો, 'કેટલા લાડુ બનાવ્યા?'

અલ્લારખા: 'દસ.'

મહમદ: 'તો જાણે ત્રણ ત્રણ એકેક જણને ભાગે આવશે. પછી એક વધે તેનું શું થાય?'

અલ્લારખા: 'એકના કટકા કરી નાખીએ.'

જુસબ: 'સબૂર! એમ ન થાય.'

મહમદ: 'તો શું કરવું?'

જુસબ: 'જુઓ, જાણે સાંજ તો પડવા આવી છે. આપણે મુસાફરી કરીને ખૂબ થાક્યા છીએ. બધાએ ઊંઘી જવું, અને સવાર પડ્યે જેને રાતે સારામાં સારૂં સપનું આવ્યું હોય, તે એક લાડુ વધારે ખાય.'

પેલા બંને કહે, 'કબૂલ.'

ત્રણેય જણે ઊંઘવાને લંબાવ્યું. થોડી વારમાં તો જુસબ અને મહમદ તો ઊંઘી ગયા, પણ અલ્લારખાને ઊંઘ આવી નહિ. તેને મનમાં થયું, 'અરે, અલ્લા! ક્યારે સવાર પડે ને શું થાય! ચાલને, ખવાય તેટલા ખાઇ લઉં ને બીજા વધશે તો કૂતરાંને નાખી દઇશ.'

આમ વિચાર કરીને તે અરધીક રાતે ઊઠ્યો. તેણે બારીકીથી જોયું તો મહમદ અને જુસબ ઘસઘસાટ ઊંઘતા હતા. તે હળવે હળવે લાડવાના વાસણ પાસે ગયો. ધીમેથી લાડવા કાઢ્યા. ખૂબ ભૂખ્યો હોઇ, છએક લાડવા તો ચટ કરી ગયો! બાકી રહ્યા ચાર. તેમાંથી યે બે ઉડાવી ગયો. બાકી બે વધ્યા. તે તેણે ધર્મશાળાને દરવાજે જઇને કૂતરાંને નાખી દીધા અને નિરાંતે પેટે હાથ ફેરવતો સૂતો, અને ઊંઘી ગયો.

સવાર પડ્યું. જુસબ અને મહમદ તો ઊઠ્યા, પણ અલ્લારખાભાઇ તો મજેનાં નસકોરાં બોલાવતા ઘોરતા પડ્યા હતા. પેલા બંને તો જલ્દી અલ્લારખાને ઢંઢોળીને ઉઠાડવા લાગ્યા.

'અરે, યાર! ઊઠ, ઊઠ. સવાર થઇ ગઇ.'

અલ્લારખો તો માંડમાંડ આંખો ચોળતો ઊઠ્યો. પેલા બંનેને તો પેટમાં ગલૂડિયાં બોલતાં હતાં! તેઓ તો જલ્દી સ્વપ્નાંની વાતો કરવાને ઉતાવળા થઈ રહ્યા હતા. બધા સરખા થઇને બેઠા પછી જુસબ બોલ્યો:

'પહેલું મારૂં સ્વપ્નું સાંભળો. હું જાણે રસ્તે ચાલ્યો જ જાઉં છું. ચાલતાં ચાલતાં સવાર પડવાને થોડી વાર રહી ત્યાં હું એક બંધ દરવાજા પાસે આવી પહોંચ્યો. થોડી વાર હું ત્યાં ઊભો રહ્યો ત્યાં ખડખડાટ કરતો એ જંગી દરવાજો ઉઘડ્યો અને ઉઘડતાં વેંત જ બે પોલિસો મને અદબથી સલામ ભરીને કહેવા લાગ્યા: "આપ આ દિલ્હી શહેરના આજથી બાદશાહ છો. દિવાનનો હુકમ છે, કે આજ સવારે જે આ દરવાજેથી પહેલું દાખલ થાય, તે આપણો બાદશાહ, કારણકે બે દિવસ થયાં અમારો બાદશાહ મરણ પામ્યો છે." આ પ્રમાણે હું દિલ્હી શહેરનો બાદશાહ થયો.'

મહમદે ખોંખારો ખાધો અને બોલ્યો, 'હવે મારૂં સ્વપ્નું સાંભળો. હું તો હજી સૂતો ત્યાં જ એક ઊડતા ઘોડા પર બેસીને એક પરી આવી, મને તેના દેશમાં ઉપાડી ગઇ. પરીઓનું રાજ્ય દુનિયાના રાજ્ય કરતાં ઘણું મોટું છે. તે મને પરણી, એટલે હું તો પરીઓના દેશનો રાજા થયો અને આનંદથી રહેવા લાગ્યો. આમ હું તો દિલ્હી શહેરના પાદશાહથી યે મોટો પરીઓના દેશનો પાદશાહ થયો. બોલો મારૂં સ્વપ્નું કેવું સરસ?'

રીંછાજીનું બચ્ચું

રીંછાજીનું બચ્ચું રોજે જાય નિશાળે ભણવા,
મધવાળાની દુકાન આગળ ઉભે ગાડવા ગણવા.


ઘણા ગાડવા ઘરમાં મૂક્યા, બીજા ઘણાય મેડે,
એક ગાડવો હશે પરંતુ મૂક્યો અહીં કાં છેડે?



કારણ એનું જોવા માટે હળવે પગલે પ્હોંચ્યું,
એક સપાટે જોર કરીને માથું મધમાં ઘોંચ્યું!

હાય! પરંતુ અક્કલહીણા કુંભારને શું કહેવું?
ઘડ્યો ગાડવો મુખે સાંકડો, હશે વેર કંઇ લેવું!

ઘણું કર્યું, એ ઘણું મથ્યું, પણ મુખ ન નીકળ્યું જ્યારે,
રીંછબાળ ગભરાયું, નાઠું, ઉભી બજારે ત્યારે.



દહીંની દોણી માથે મેલી જતી હતી મહિયારી,
પડખેથી ત્યાં ધક્કો લાગ્યો, ચમકી દઇ ચિચિયારી.

મટકી ભોંય પડી ચૂરા થઇ, દહીં રેલાયું વાટે,
રીંછ સૂણી એ બની હાવકું, ચાલ્યું પૂર ઝપાટે.

ખસી બાજુએ ઊભે લોકો, કૌતુક નવલું ન્યાળી,
આંખ વિના આ પ્રાણી દેખે! થંભ્યાં ઘોડા ગાડી!

પોલિસ ઊભો રસ્તા વચ્ચે લાંબા હાથ કરીને,
પૂંઠળથી ત્યાં માથું વાગ્યું પડ્યો ઉંધો ઉલળીને.



પોલિસપીઠ ઉપર થઇ બચ્ચું ગુલાંટ ખાતું પડિયું,
પછડાવાથી મટકી ફૂટી, મધ રેલે ઊતરિયું.

હુલ્લડ! હુલ્લડ! કરતો પોલિસ ઊઠ્યો આંખો ચોળી,
રીંછબાળ તો બેઠું ચાટે મધમાં જીભ ઝબોળી!



રમણલાલ સોની

ત્યાં તો અલ્લારખો બોલ્યો: 'ઊભો રે ભાઇ, ઊભો. હજી હું તો બાકી છું. હું તો સૂતો કે ઊંઘી ગયો. ઊંઘી ગયો કે તરતજ બે મોટા ચકચકતા ભાલા આવ્યા. એક આ બાજુથી આવ્યો, બીજો તે બાજુથી આવ્યો. મેં ઝીણી નજરે જોયું તો આ ભાલા લઇને એક પીરસાહેબ આવ્યા હતા. મને તેમણે ઉઠાડ્યો અને કહ્યું, "અરે, બેવકૂફ! મેં દુનિયામાં ખાવાને અનાજ પેદા કર્યું, અને તે અનાજનું અપમાન કરે છે? ઊઠ, જલદી ખાઇ લે, નહિ તો આ ભાલાથી તને હમણાં વીંધી નાખીશ."

હું તો બીતો બીતો ઝટપટ ઊઠ્યો અને જેટલા ખવાય તેટલા લાડવા ખાધા. પણ પછી જ્યાં હું તમને ઉઠાડવા જતો હતો, ત્યાં પીરસાહેબ બોલ્યા, "સબુર! એ લોકો કરતાં પેલાં કૂતરાંને નાખવામાં વધારે ભલું છે," એટલે મેં તો બાકીના લાડવા કૂતરાંને ખવરાવી દીધા. બોલો, કોનું સ્વપ્નું સૌથી સરસ?'

પેલા બંને તો અલ્લારખાનું સ્વપ્નું સાંભળી આભા બની ગયા અને બોલ્યા, 'આ તે સ્વપ્નું કે સાચી વાત?'

અલ્લારખા: 'તમે નક્કી કરો.'

પેલા બંને જણ જ્યાં લાડવા રાખ્યા હતા ત્યાં ગયા ને જોયું તો વાસણમાં હાથ મોં ધોયાનું પાણી પડ્યું હતું!

ગુલાબસિંહ બારહટ



મધુકરી


ધીર

• પૃથ્વી •

સહી કડક તાપ ભાનુ અતિ ક્રુદ્ધનો કેવડો
તપેલ વિધુ રે, ખરેખર હશે! છતાં યે જુઓ,
પ્રશાંત મુખ ધારી વિશ્વ ભણી હાસ્ય રેલ્યા કરે.
ન ધીર કદી દુઃખ અંતર તણું જણાવે ખરે.
—'અજ્ઞાત'

રસાયણનો જાદુગર હબશી ડૉકટર કાર્વર

એકલા વટાણામાંથી જ એણે જુદી જુદી ૨૦૦ બનાવટો ઉત્પન્ન કરી છે. પનીર, સાકર, તાત્કાલિક કૉફી, અથાણાં, તેલો, હજામતનાં લોશનો, રંગો, લાહીઓ, લાઇનોલિયમ, આટો, ખોરાકો, સાબુ, ફેસ પાઉડર, શૅમ્પૂ, છાપવાની શાહી, ગ્રીઝ, વગેરે! લાકડાંના ચીપોમાંથી એણે બનાવટી આરસ-પહાણ અને ગાયના છાણમાંથી રંગો બનાવ્યા છે. બટાટા-માંથી સ્ટાર્ચ, સરકો, બૂટપૉલિશ, શાહી, રંગો ને ગોળ વગેરે ૧૦૦ ઉપરાંત બનાવટો શોધી કાઢી છે.



રસાયણનો આ અજબ જાદુગર તે અમેરિકાની ટસ્કેજી વિદ્યાપીઠનો હબશી વિજ્ઞાની ડૉ. જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વર. પણ એ એકલો વિજ્ઞાની જ નથી; કલાકાર પણ છે. સારામાં સારાં ચિત્રો તે ચીતરી શકે છે ને ફૂલો ચીતરવાની તેની કાબેલિયત તો અજબ છે. વળી એ ચુનંદો ગવૈયો પણ છે. એક વખત તો તે કૉન્સર્ટ પિયાનિસ્ટ તરીકે મિડલ વેસ્ટ સુધી ફરી આવેલો.

ડાયમંડ ગ્રોવ નજીક મોઝીઝ કાર્વર નામના એક ગુલામ-ને ત્યાં એનો જન્મ થએલો એ છ મહિનાનો થયો ત્યાં તો લૂટારૂઓ એને અને એની માને ઉઠાવી ગયા. એમની તરફ બિલકુલ પશુ જેવું વર્તન ચલાવવામાં આવ્યું. ત્યાર બાદ મોઝીઝ કાર્વરે પૈસા મોકલાવતાં બાળકને તેમણે તેને હવાલે કર્યો. માને તો પહેલેથી જ એમણે વેચી દીધેલી. તેનું શું થયું તે કદી જાણવામાં જ નથી આવ્યું.

જ્યૉર્જ વૉશિંગ્ટન મોટો થયો કે તે રસોઇ કરવી, કપડાં ધોવાં વગેરે ઘરકામ કરવા માંડ્યો. પછી તેને ભણવા-ની મરજી થઇ. બાપ પાસે પૈસાની કશી જોગવાઇ ન હતી, પણ તેણે તેની પરવા ન કરી ને ખીસામાં એક પણ સૅંટ લીધા વિના તે ઘર છોડી આઠ માઇલ પર આવેલી એક શાળા માટે ઉપડ્યો. પહેલી રાતે એક તબેલામાં સૂઇ રહ્યો. બીજે દિવસે કામ શોધી કાઢ્યું ને શાળામાં દાખલ થઇ ગયો.

વીસની વય પહેલાં તેણે હાઇસ્કૂલનો કોર્સ પૂરો કર્યો ને કૉલેજમાં જોડાવા માટે આયોવાની એક કૉલેજ પર કાગળ લખ્યો. એ કૉલેજે અનુજ્ઞાપત્ર લખી મોકલ્યો, પણ જેવો ત્યાં પહોંચ્યો કે દાખલ થવા ના સુણાવી દીધી; કારણ કે તે હબશી હતો!

પણ જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વર આથી બિલકુલ નિરાશ ન થયો. ફરી નાના ધંધાઓમાં એ પરોવાયો અને થોડા પૈસા એકઠા થતાં એક લૉન્ડ્રી ખોલી.

બીજે વર્ષે તે ઇન્ડિઆનોલાની સિમ્પસન કૉલેજમાં દાખલ થયો. દાખલ ફી ભરી દીધી ત્યારે તેની પાસે માત્ર દસ સેન્ટ બચેલા. એક આખું અઠવાડિયું તેને અરધા ભૂખ્યા રહેવું પડ્યું.

ત્રણ વર્ષમાં તો તેણે પોતાનો માર્ગ કરી લીધો. પછી ૧૮૯૦માં તે આયોવા સ્ટેટ કૉલેજમાં દાખલ થયો ને ચાર વર્ષ રહી કૃષિશાસ્ત્રમાં ઉપાધિ મેળવી. તેની પ્રતિભાથી કૉલેજના સંચાલકો એટલા મુગ્ધ બન્યા કે તેને 'કૉલેજ ફૅકલ્ટી' તરીકે નીમી લીધો.

આ પદેથી જ બૂકર ટી. વૉશિંગ્ટને તેને ટસ્કેજી આવવાનું આમંત્રણ મોકલ્યું. એના સ્વીકારમાં પોતાના જાતભાઇઓની અમૂલ્ય સેવા કરવાની પણ એણે તક જોઇ. ત્યાં જઇને એણે જોયું તો કપાસ સાથે બીજું કશું વાવેતર ન થવાથી જમીનનો કસ ચૂસાતો જતો હતો ને ખેડૂતોની ગરીબાઇ વધતી જતી હતી.

આનો એણે એક ઉપાય સૂચવ્યો. પુષ્કળ અખતરા બાદ એણે જણાવ્યું કે એ જમીનમાં વટાણા ને બટાટા બહુ સારા ઊગી શકે. એણે બુલેટિનો ને ભાષણો દ્વારા પ્રચાર કર્યો.

એ પ્રચારની સારી જેવી અસર થઇ. પરંતુ થોડા વખત બાદ જ ડૉ. કાર્વરને પોતાની ભૂલ માલૂમ પડી આવી. એણે જેટલું ઉત્પન્ન વધાર્યું હતું એટલી માગ નહોતી વધારી. પરિણામે વટાણા ને બટાટાના ગંજના ગંજ સડવા લાગ્યા હતા ને ખેડૂતો પાછા બેહાલ થવા લાગ્યા હતા.

એના ઉપાય માટે આ હબશી વિજ્ઞાની તનતોડ પ્રયાસ પાછળ મંડી પડ્યો. રાતદિવસ એ સડતા વટાણા ને બટાટાના નવા ઉપયોગ શોધી કાઢવા તે અખતરા કરવા લાગ્યો.

અને પરિણામે એને રસાયણશાસ્ત્રના જાદુગર બનાવી દેનારી ઉપર્યુક્ત એક પછી એક શોધો તે નર્યા નિઃસ્વાર્થપણે જગત સમક્ષ રજૂ કરતો ગયો. એની એક માત્ર શરત હતી કે એ શોધોનો ઉપયોગ માનવહિતાર્થે થવો જોઇએ.

એની આ શોધોએ તેને કીર્તિના પૂર્ણપ્રકાશમાં આણ્યો. ટસ્કેજી બહાર તેને સારા સારા પગારની લાલચો આપવામાં આવી. એક સંસ્થા તો ૨૦,૦૦૦ પૌંડ પગાર આપવા તૈયાર થઇ, પણ તેણે ચોક્ખી ના પાડી દીધી. પૈસાની એને પરવા નથી. આજ પણ એને મળતો પગાર, લાયક વિદ્યાર્થીઓને મદદ કરવામાં તે વાપરી કાઢે છે. —અ.

ભીનાં લાકડાં

સવારનો ચાર વાગ્યાનો સમય અને શરદ ઋતુ. પણ ક્યાંની શરદ ઋતુ? દક્ષિણ ભારતની સોહામણી શરદ ઋતુ? નહિ, સાઈબીરિયાની, જ્યાંની મોત જેવી ઠંડીથી ઇન્સાનના અંગ ભાંગી જાય છે અને નાકનો અગ્રભાગ પણ ક્યારેક ગલિત બની તૂટી પડે છે. એવા સમયે સાઈબીરિયાના એક કેદખાનાનો આજન્મ દેશનિકાલ એક કેદી, મોકો જોઇ, નિરીક્ષકોની આંખોથી બચી કારાગારમાંથી નાસી છૂટ્યો.

શા માટે?

એટલા ખાતર કે એની નસોમાં ગરમ લોહી હતું, આત્મામાં બળ હતું અને હૃદયમા એક એવી આગ હતી જેને સાઇબીરિયાની વિકટ ઠંડી પણ શાંત ન કરી શકી. એના રોમેરોમમાંથી ક્રાન્તિની ચિનગારીઓ ફૂટી નીકળતી હતી. કંઇ કાર્ય કર્યા સિવાયનું જીવન તેને વેઠ જેવું લાગતું હતું. આજન્મ કેદમાં સબડી એને મરવાનું તો હતું જ. એટલા ખાતર એનું જીવવું હરામ બનતું જતું હતું, કારણ, 'વહી હૈ મૌત કિ જીના હરામ હો જાયે' અને કેદખાનાની

બહાર શું હતુ?

હિમ ઝંઝાવાતના આંધળા સૂસવાટ બોલી રહ્યા હતા. એ કારાગૃહની ચારે કોરે સેંકડો માઇલો સુધી બરફથી આચ્છાદિત મેદાન હતું. એ નિર્જન, શ્વેત અને શીતના સામ્રાજ્યને પક્ષી સુદ્ધાં પાર ન કરી શકતાં. હા, હિમની આંધી રૂપી યમ પોતાના અસંખ્ય કંપાયમાન શબ્દોથી રાતપાળી કરી રહ્યો હતો. કોઇ જીવનધારીની મજાલ ન હતી કે એનો મુકાબલો કરી શકે. બરફના રીંછ લપાઇ છુપાઈ લાંબી શીતનિદ્રા (hibernation)માં લીન થઇ ગયા હતા. વરુઓ ટોળીઓ બાંધી બાંધીને રોજીની તલાશમાં સેંકડો માઇલ દૂર પોતાની જીભ લપલપાવતા ઘૂમી રહ્યા હતા. એવે વખતે બસ એ કેદી જ એક હતો, જે જિંદગીની બાજી લગાવી બહાર નીકળી પડ્યો હતો. પણ એ

ગયો ક્યાં?

ક્યાં ગયો? હિમના ઝંઝાવાતમાં એ પ્રસન્ન વદને ચાલી નીકળ્યો. ત્યાંથી એક માઇલ દૂર એક પડાવ હતો જ્યાં લાકડાંનો ગંજ ખડકેલો રહેતો ને બતકોના શિકારીઓ ગરમીની મોસમમાં ત્યાં આવી લાગતા. લાકડાં ફાડવાનું એ ચિરાન હતું ત્યાં એ

કેમ પહોંચ્યો?

અટવાતો, લથડતો, પડતો, ઘૂંટણો સુધી બરફમાં ગચી કરાંજતો બહાર નીકળતો, આંખ ને માથા પરથી બરફના ટુકડા દૂર ફેંકતો, એ એ દિશામાં આગળ વધ્યો. આંધીની ચોટથી એ ગભરાતો નહોતો; ઊલટું કોઇ વિકટ ફિલસૂફની પેઠે એ સૂમસામ અંધકાર જોડે યે મુસ્કરાતો તે વાતો કરતો જતો હતો; કહેતો જતો હતો કે, 'જ્યાં સુધી રૂસનાં કલમબાજોની કલમમાં ઝેરીલા સાહિત્ય રૂપી કીડાઓ માટે વીંછીના ડંખ જેવો ચમચમાટ નહિ આવે, જ્યાં સુધી એના કાર્યકર્તા અંધકાર જેમ અનવરત રૂપથી કાર્ય નહિ આદરે, જ્યાં સુધી એ અસંતોષની જ્વાળાઓ નહિ જગાવે, અને

જ્યાં સુધી એમનું એકે એક વાક્ય મત્સરતા, પાખંડ અને વિલાસિતાની પીઠ પર કોરડાનું કામ નહિ કરે ત્યાં સુધી રૂસ સ્વતંત્ર નહિ થાય. મારી વાત ભલે બાજુએ રહી. એની શી ચિંતા? જીવનના આખર મુકામે તો પહોંચી ગયો છું. સ્વતંત્ર છું, સ્વચ્છંદ છું! આ અંધકારની સમાન એનામાં લીન–તન્મય–બની મારો આત્મા ગરીબો ને પીડિતોને આહ્વાન કરશે કે, "પ્યારા દેશવાસીઓ! અંધારની સમાન તમે પણ પ્રલયંકર બની જાઓ".

આ માદક ભાવનાની સહાયે તે એક માઇલ પર આવેલા નિર્દિષ્ટ સ્થાને પહોંચ્યો. ઠંડીના પ્રકોપથી એનું આખું શરીર લાકડું થઈ ગયું હતું. હૃદય ગરમ લોહીને બહાર ધકેલતું હતું. પરંતુ બહાર ઠંડીનું પ્રાબલ્ય હતું, એના આત્માની પ્રબળતાથી જ તે ત્યાં સુધી પહોંચી શક્યો હતો.

ત્યાં પહોંચી લાકડાંના ગંજને તેણે આગ લગાડી દીધી. ચટક ચટક કરતી થોડી વારમાં જ આગ જલી ઊઠી. ગરમીથી એના પ્રાણ પાછા વળતા લાગ્યા. અંધકાર પર રોષે ભરાતા કોયલા સવિશેષ ચપળતાથી ધખવા લાગ્યા. સળગતી આગમાંથી એક લાકડું લઈ મુક્ત કેદીએ પાસેનાં જ ભીનાં લાકડાંના એક ઢગલાને આગ લગાડવાનું કર્યું; પણ ફુસ્સ કરતું લાકડું બુઝાઇ ગયું તેણે સળગતા કોયલા ને બે ચાર કાઢી એ ઢગલામાં નાખી. પણ એથી યે આગ ન પેટી. હા, ધુમાડો ઊઠ્યો; ઉપરની છાલ પણ સળગી, પરંતુ પ્રબળ અગ્નિ ન પ્રકટી શક્યો.

એ દૃશ્ય દેખી કેદી મુસ્કેરાયો. ધખધખતી આગના કોયલા પણ ચટાક કરતા હસી ઊઠ્યા ને ભીનાં લાકડાંના ઢગલા તરફ સંકેત કરતા બોલ્યા, 'અમારામાંના ઘણાકે કોશિષ કરી કે તમે પણ સળગો, પણ તમે ન સળગ્યાં. અમારા સ્પર્શ–સત્સંગથી તમે માત્ર જાગૃત થઇ શક્યાં. તમને ક્યાંથી માલૂમ કે સળગી મરવામાં શી મઝા છે? હજુ તમે ભીનાં છો. અમારામાં યે એટલી શક્તિ નથી (કારણ અમે થોડાં જ છીએ) કે તમને જલદી જલદી સૂકવી નાખીએ યા ભીનાં ને ભીનાં જલાવી શકીએ. અમે તો બુઝાઇએ છીએ પણ અમારી સ્મૃતિ તમારા પર અંકિત કરી જઇએ છીએ. થોડા જ દિવસ બાદ તમે પણ સૂકાશો અને ત્યારે અગ્નિના સ્પર્શ માત્રથી ભભૂકી ઊઠશો! અમે બુઝાઇએ છીએ અને તમને સળગવા માટે છોડી જઇએ છીએ!'

આગ બુઝાઇ. મુક્ત કેદી પ્રસન્ન વદને ઊઠ્યો અને અંધકારે થોડી જ વારમાં એ શબ્દો ઉચ્ચારતો પોતાની ગોદમાં સુવાડી દીધો કે, 'તારી જીવનજ્યોત તો બુઝાઇ, પણ તારાં સળગાવેલાં હજુ બુઝાઇને પણ ઠંડાં નથી પડ્યાં.'

—શ્રીરામ શર્મા

ટાઈપ રાઈટર

ટાઇપ રાઇટરની શોધ થયા પહેલાં લોકોને એ વાત પર વિશ્વાસ જ નહોતો આવતો કે લોખંડના એક યંત્ર વડે આવા સુંદર અક્ષરો આટલી જલદીથી ઇચ્છાનુસાર લખી શકાશે. પરંતુ આજકાલ તો એ યંત્ર એટલું પ્રચલિત થયું છે કે ભાગ્યે જ કોઇ પેઢી તેથી વંચિત રહી હશે.

આ યંત્રની પહેલી શોધ ૧૮૨૯માં ડ્રેટ્રોઇટના વિલિયમ ઑસ્ટિન બર્ટે કરેલી. હૅન્ડ રોલરથી શાહી પીંતડાવાની કડાકૂટવાળું એ યંત્ર 'ટાઇપોગ્રાફર' નામથી ઓળખાતું. પરંતુ આજના ટાઇપરાઇટરની શોધ તો આજથી ત્રેસઠ વર્ષ પૂર્વે મિ. ક્રિસ્ટૉફર લૅથામ શોલેસે કરી હતી. એ પ્રાથમિક યંત્ર આખું લાકડાનું જ હતું. શોલેસે એડીસનને એ યંત્ર બતાવતાં તેણે કેટલીક સૂચનાઓ આપી એ યંત્ર લોઢાનું બનાવવાની સલાહ આપી. આથી તેણે એડીસનનો પણ તેમાં સાથ માગ્યો. એડીસને થોડાક દિવસ પરિશ્રમ તો કર્યો, પણ કંઇ કારી ફાવી નહિ એટલે શોલેસ કોઈ બીજી વ્યક્તિની શોધમાં પડ્યો.

એ વ્યક્તિ તેને મળી ગઇ, અને તે 'રૅમિંગ્ટન ઍન્ડ સન્સ'નો માલિક મિ. રેમિંગ્ટન. એને એ શૉખ જ હતો કે નવી વસ્તુઓ બનાવ્યાં કરવી. એ વખતે એ કોઇ નવી બંદૂકની બનાવટમાં પડ્યો હતો. મિ. શોલેસના કહેવાથી ૧૮૭૩માં તેણે ટાઇપરાઇટરનું કામ હાથ લીધું. અનેક વર્ષોના પરિશ્રમ બાદ તેણે એક ટાઇપરાઇટર તૈયાર કર્યું. એમાં ટાઇપના ૨૬ સળિયા હતા ને દરેક સળિયા પર એક અક્ષર હતો. એ અક્ષરો માત્ર કૅપિટલ જ ઊઠતા.

પછી વધુ પરિશ્રમ બાદ એક એક ટાઇપથી બબ્બે અક્ષરો છાપી શકવાની તેણે ગોઠવણ કરી, ને બજારમાં વેચવા મૂક્યું. ૧૮૯૪ સુધી કશા ફેરફાર વગર તે વેચાતું રહ્યું.

પણ ૧૮૯૪માં ફ્રાન્ઝ એક્સ વૅગ્નારે થોડીક વિશેષતાઓવાળું ટાઈપરાઈટર બનાવ્યું. તેમાં કાગળને ઉઠાવ્યા વિના જ છાપી શકાતું. વળી છપાઈ રહેતાં દરેક અક્ષર બહુ જલ્દી પાછો પોતાને ઠેકાણે ગોઠવાઇ જતો. મિ. અંડરવૂડે વૅગ્નાર પાસેથી આ શોધ ખરીદી લીધી, ને પોતાના પિતા સાથે ટાઇપરાઇટરની રિબન અને કાર્બનનું કારખાનું ઊભું કર્યું. એણે એ ટાઈપરાઇટરનું નામ જ 'અંડરવૂડ' રાખ્યું. એ શોધ કેટલી નસીબદાર નીવડી એ એટલા પરથી જણાશે કે ૧૯૨૪ સુધીમાં તેના યંત્રોના વેચાણનો આંકડો વીસ લાખ પર પહોંચી ગયો હતો! હવે તો એ માટે ત્રણ કારખાનાં ઊભાં કર્યાં છે, જેમાંનું સૌથી મોટું હાર્ટફોર્ડમાં છે. દુનિયાના ટાઇપરાઈટરો બનાવવાના કારખાનાઓમાં તે સૌથી મોટું ગણાય છે.

એ પછી તો ટાઇપરાઇટરમાં અનેક સુધારા વધારા થતા રહ્યા છે. એમાંનું એક તે વિજળીથી ચાલતું નૉઇઝલેસ (મૂગું) યંત્ર ને બીજું ઑટોમૅટિક (આપમેળે ચાલતું) યંત્ર. પહેલામાં ઉપયોગ વખતે બિલકુલ અવાજ જ થતો નથી, જ્યારે બીજામાં માત્ર અક્ષરો પર હાથ લગાડતાં જ જરાયે પરિશ્રમ વિના છાપવાનું છપાઇ જાય છે. ત્રીજા એક પ્રકારની શોધ

સિ. એલ. સી. સ્મિથ કારોનાએ કરી છે ને તે પોર્ટેબલ ટાઇપરાઇટરની. વજનમાં હલકા છતાં કીમતમાં સસ્તા એ પ્રકારની હાલ સૌથી વધુ માગ છે.

લંડનના સાઉથ કેન્સિંગ્ટન વિભાગમાં ટાઇપ રાઇટરોનું એક અમૂલ્ય સંગ્રહસ્થાન છે, જેમાં ટાઈપ રાઇટરની પ્રથમ શોધથી તેના અદ્યતન વિકાસ સુધીના સઘળા નમૂના આવી જાય છે. જોકે ટાઇપ રાઇટરનો જનક શોલેસ ગણાય છે, છતાં બ્રિટનમાં અપાએલ એક પેટંટ પરથી જણાય છે કે ઇ. ૧૭૧૪માં પહેલું ટાઇપ રાઇટર હેનરી મિલ નામના માણસે બનાવેલું. એ નમૂનો કેવો હતો ને એ પેટંટે કેટલી પ્રગતિ કરેલી તે જાણવાનું કશું સાધન હાલ ઉપલબ્ધ નથી.

હાલ દુનિયામાં ટાઇપરાઇટરનાં મોટામાં મોટાં કારખાનાં રેમિંગ્ટન, અંડરવૂડ અને ઇટલીમાંનું ઓલીવેટી છે. અંડરવૂડના કારખાનામાં દર ૩૨ સેકંડે એક ટાઇપરાઈટર બને છે ને તેની વેચાણની પદ્ધતિ એટલી તો સરસ છે કે એકે યંત્ર પડતર નથી રહેતું. —'કુમાર'

તમારી છત્રી

સૂરજની ગરમી સહેજ વધતાં કે આકાશમાં વાદળાં એકઠાં થતાં તરત તમે છત્રી ઉઘાડો છો ને બિલકુલ પરવા રાખ્યા વગર તમારે માર્ગે આગળ વધો છો; પણ પ્રાચીન કાળના પૂર્વના કેટલાક દેશોમાં તમે એવી ધૃષ્ટતા કરી હોય તો તેના બદલામાં તમારું માથું જ આપવું પડે. હા, માથું જ, કારણ એ કાળે છત્રી એ એક રાજચિહ્ન ગણાતું ને રાજા સિવાય કોઇ તેનો ઉપયોગ ન કરી શકતું.

આ છત્રીનો ઇતિહાસ કદાચ ખુદ ઇતિહાસ જેટલો જ જૂનો થવા જાય. બધી જ જાણીતી સંસ્કૃતિઓએ છત્રીનો ઉપયોગ કર્યો છે; પણ તડકા કે વરસાદ સામે નહિ. હિંદમાં પણ એનો ઉપયોગ રાજાઓ, મઠાધીશો કે ઠાકોરમૂર્તિઓ પર ધરાવવામાં જ થતો. રાજાને માટે સંસ્કૃતમાં વપરાતું 'છત્રપતિ'નું અભિધાન એને જ આભારી છે. પ્રાચીન ઇરાનીઓ, ગ્રીકો ને રોમનો વાઇસરૉય માટે જે 'સત્રપ' શબ્દ વાપરતા એનું મૂળ એ 'છત્રપતિ'માં જ રહેલું છે.

હજુ યે હિંદના રાજદરબારોએ એ પ્રથા નથી મૂકી. વારતહેવારે સવારીમાં નીકળતા રાજામહારાજાઓ પર હજી રેશમનું છત્ર ધરાવવામાં આવે છે. બધાં મંદિરો ને મઠોને પણ એવાં છત્રો હોય છે ને રાજ તરફથી ભોગવટો ભોગવતા છત્રધરો પણ હોય છે. આજે યે હિંદી મહેલો આગળ ખાનગી રાહદારીઓને છત્રીઓનો ઉપયોગ કરવા દેવામાં નથી આવતો.

પૂર્વના બીજા પ્રદેશોમાં પણ છત્રીઓ પહેલેથી જ રાજસંજ્ઞા તરીકે ગણાતી આવે છે, જો કે આજે તો એ સર્વસામાન્ય ઉપયોગની વસ્તુ બની ગઇ છે. બાલ્ફર લખે છે કે:

'મલય પ્રદેશમાં છત્રી માણસના દરજ્જાનું સૂચન કરે છે ને એ છત્રીની વિવિધતાઓ લોકોના દરજ્જાની ઉચ્ચનીચતા બતાવે છે. કોઈ મલયવાસી જાતે તો છત્રી ઉપાડતો જ નથી. સોનેરી છત્રી માત્ર રાજા જ વાપરે છે. જાવામાં ઓપતી નાગનો કુલીન વર્ગ બાવાત નામની ખાસ છત્રી વાપરે છે.

બ્રહ્મદેશમાં સફેદ છત્રી રાજચિહ્ન જ છે. રાજા અને બુદ્ધમૂર્તિઓ સિવાય બીજા કોઇ પર તે ધરાવાતી નથી. સફેદ છત્રી વગર રાજાથી બહાર જ નીકળાય નહિ એવી માન્યતા છે. ચીનમાં રાજ્યની છત્રી જેમને ભેટ મળેલી હોય તેઓ જ વાપરી શકે છે. બાકીના લોકો માત્ર કાગળની છત્રી વાપરે છે.'

આ વાતથી ઘણાને નવાઇ લાગશે કે એક કાળે અંગ્રેજો મૂશળધાર વરસાદમાં છચોક ચાલ્યા જતા પણ માથે છત્રી ન ઓઢતા. કારણ છત્રીના ઉપયોગને એ કાળે સ્ત્રૈણ (બાયલાપણું) ગણવામાં આવતો.

પણ એ સ્ત્રૈણ વસ્તુને પુરુષત્વનું સૂચક બનાવતો એક પુરુષ બ્રિટનમાં પછી પેદા થયો. તેનું નામ જોનાસ હૅનવે. લોકોના પૂર્વગ્રહો અપમાન અને ઠીકિયારીઓ વચ્ચે પણ ઇંગ્લંડમાં પહેલી જ પ્રથમ છત્રી એણે ઓઢી. હવા ગરમ હોય કે ભીની પણ સતત ત્રીસ વરસ સુધી છત્રી ઉપાડ્યા વગર કોઇ દિવસ એ બહાર નહોતો નીકળ્યો. ૧૭૮૬માં તેના મરણ પછી હળવે હળવે અંગ્રેજો એ સ્ત્રૈણ વસ્તુને ટેવાતા ગયા.

હંટર કૃત 'હિંદના ઇતિહાસ'માં એક કુતૂહલભરી બાબત નોંધવામાં આવી છે અને તે એ કે ઇસ્ટ ઈંડીઆ કંપનીએ પોતાના તરુણ નોકરવર્ગને એક વખત છત્રીના ઉપયોગ સામે મનાઇ કરેલી! એનું કારણ પણ એણે આપ્યું છે, કે કંપની અમિતાચાર, ભપકાદાર પોશાક, સોનેરી લેસના પરિધાન, જૂઠા સોગંદ, સવાર સાંજની પ્રાર્થનાઓની ગેરહાજરી, તરુણ વર્ગના છત્રીના ઉપયોગ અને કોઠીનો દરવાજો બંધ થઇ ગયા પછી મોડી રાતે આવવાથી ડરતી રહેતી.

તાડ

તાડનું ઝાડ મોટે ભાગે દરેક જણે જોએલું હોય છે. એ ઝાડ ઘણાં જ ઊંચાં થાય છે. ઘણાંખરાં તાડ તો ૧૦૦ ફૂટની ઊંચાઈનાં થાય છે. સોપારી તથા સુરમાડનાં ઝાડ પણ લગભગ તાડની જાતનાં જ કહેવાય છે. તે ગરમ દેશમાં ઊગે છે. ડુંગરાળ અને જંગલી પ્રદેશમાં તો તે આપોઆપ ઊગી નીકળે છે. અને ત્યારે તેમનું ઝુંડ દૂરથી રળિયામણું લાગે છે.

તાડનું ઝાડ લગભગ દસ વર્ષે ફળે છે. તે ઝાડમાંથી રસ કાઢી વેચવામાં આવે છે. એ તાડી કહેવાય છે ને હલકો વર્ગ માદક પીણા તરીકે ઘણી જ પીએ છે. એના ફળને 'તાડફળી' કે 'તાડગોળા' કહે છે. એ ગોળા પર પીળી છાલ હોય છે ને અંદરનો ગર્ભ સફેદ ને પોચો હોય છે. ઉચ્ચ વર્ગ એ ગોળા મોટે ભાગે ખાતા નથી. એ ફળ ઘણાં ઠંડાં હોય છે અને ગરમીના રોગ પર ખાવાથી ફાયદો થાય છે.

તાડનાં ફળ તાજાં હોય છે ત્યારે સ્વાદિષ્ટ લાગે છે; પણ એ પચવામાં ભારે છે. જૂનાં તાડફળ ખાવાથી અતિસાર

થાય છે. એ બળવર્ધક તથા પુષ્ટિકારક ગણાય છે; પણ એ ખાવાથી શરીરમાં કફ ઉત્પન્ન થાય છે. તાડફળ કેફી હોતાં નથી જ્યારે તાડી કેફી છે.

તાડનાં પાંદડાં ઘણાં જ મોટાં થાય છે. અણિયાળી પત્તીઓ ગોળાકારે મળીને એ પાંદડાં બનેલાં હોય છે. ગરીબો પોતાનાં ઝુંપડાંઓનાં છાપરાં છાવા માટે એ વાપરે છે. એને તાડછાં કહે છે. એ પાંદડાંમાંથી પંખા પણ બને છે.

તાડનું થડ અથવા સોટો પાણી જવાની પરનાળો બનાવવાના ઉપયોગમાં લેવામાં આવે છે. તાડને ફક્ત ગયાળે જ પાંદડાં તથા ફળો લાગતાં હોવાથી તે દૂરથી ઘણું મનોહર લાગે છે.

તાડપત્ર વૃક્ષ કરીને એક જાત સિંહલદ્વીપમાં થાય છે. એની ઊંચાઇ આશરે સવા સો હાથ જેટલી હોય છે. એનાં પાંદડાં એટલાં મોટાં અને લાંબાં હોય છે કે જો એની છત્રી બનાવી હોય તો બરાબર દોઢ બે ડઝન માણસ તેની તળે તડકાથી કે વરસાદથી પોતાનું રક્ષણ કરી શકે. આ તાડવૃક્ષ આશરે ૭૦ થી ૮૦ વર્ષ જીવે છે. એ ફક્ત એક જ વખત ફળે છે. એનાં ફળ લગભગ ગાગર જેવડાં મોટાં થાય છે. કાગળની શોધ પહેલાં એ વૃક્ષનાં પાંદડાંનો પુસ્તક લખવામાં ઉપયોગ થતો હતો. એવું કહેવાય છે કે એ પાંદડા પર લખતાં પહેલાં તેને દૂધ તથા પાણીમાં ઉકાળે છે ને પછી તેની ઉપર લોખંડના ખીલાથી લખવામાં આવે છે.

—રતિલાલ વિઠ્ઠલદાસ દલાલ

પાંખાળા ટપાલીઓ

ટેલીગ્રાફ કે ટેલીફોનની શોધ થઇ તે પહેલાં ઝડપથી દૂર સંદેશા પહોંચાડવા માટે માણસે અનેક ઉપાયો અજમાવેલ. એમાંનો સૌથી નોંધપાત્ર અખતરો આફ્રિકાના દેશીઓનો છે, જે આજ સુધી પણ ઢોલ કે એવાં વાજિંત્રો વડે દૂર દૂર સુધી સંદેશાઓ પહોંચાડતા રહ્યા છે.

પણ એથી વધુ મહત્ત્વનો સરળ રસ્તો તો કબૂતરો સાથે સંદેશો પહોંચાડવાનો છે. એ પ્રકારનો સંદેશો અગિયારમી સદીમાં નજદના સૅમ્યુએલ નામના એક યહૂદીએ પહેલવહેલો મોકલ્યો હોવાનો ઉલ્લેખ મળે છે. ત્યાર પછી સ્પેનિશ મુસાફર પીરો તાફુર પોતાના 'ટ્રાવેલ્સ ઍન્ડ ઍડવેન્ચર્સ' નામના ગ્રન્થમાં ઇ. ૧૪૩૫માં એવા અનેક સંદેશવાહક કબૂતરોનો ઉલ્લેખ કરે છે.

આ સંદેશો કબૂતરો શી રીતે પહોંચાડતા હશે? એ કેળવાએલાં હોય, રસ્તે એમને માટે ખાસ સંજ્ઞાચિન્હો યોજ્યાં હોય તો જુદી વાત છે, પણ ઘણી વાર તો જે રસ્તે કદી ઊડ્યા જ ન હોય એ રસ્તે દૂર દૂર સુધી પણ એ કબૂતરો સફળતાથી સંદેશા પહોંચાડે છે એ શાથી?

એનું કારણ એ છે કે દરેકે દરેક પક્ષીમાં સાહજિક જ દિશાજ્ઞાન (sense of direction) રહેલું છે. ઉત્તર ધ્રુવવાસી ટર્ન (tern) નામનાં પક્ષી શિયાળો ગાળવા ઠેઠ દક્ષિણધ્રુવ પર પહોંચે છે અને એ લાંબા ગાળાની સફર છતાં બન્ને ધ્રુવોમાં તેમનો નિવાસ પરાપૂર્વના નિર્ણિત સ્થાને જ હોય છે!

કબૂતરોની વધુમાં વધુ ઝડપ અઢી કલાકના ૭૨ માઇલ અને સાડા ચાર કલાકના ૧૮૦ માઇલ નોંધાઇ છે. ૧૮૭૦-૭૧ના પારીસના ઘેરા દરમ્યાન શહેરીઓનો બહારનો સંપર્ક માત્ર એ કબૂતરો મારફત જ રહેલો. ૧૯૧૪-૧૮માં પણ મહાયુદ્ધ દરમિયાન કબૂતરોનો ઉપયોગ સંદેશવાહકો તરીકે થએલો એ વાત જાણીતી છે. એક કબૂતરે એ મહાયુદ્ધમાં દુશ્મન મથકના ફોટોગ્રાફ પણ પાડેલા! એના પેટ પર એક નાજુક કૅમેરા બાંધી દેવામાં આવેલો અને એમાં એવી યાંત્રિક ગોઠવણ કરવામાં આવેલી કે થોડા થોડા સમયને અંતરે ફિલ્મ આપમેળે એક્સ્પોઝ થતી આવે.

જૂની ભાષાઓનો પુનરુદ્ધાર

આપણે આપણી ગીર્વાણ ગીરા 'સંસ્કૃત'ને એક મૃત ભાષા ગણી તેના પ્રત્યે દિનોદિન વધુ ને વધુ ઉદાસીન બનતા જઇએ છીએ, ત્યારે પાશ્ચાત્ય દેશો પોતાની જૂનામાં જૂની ભાષાઓના પુનરુદ્ધાર પાછળ કેટલી ખંતથી મંડી પડ્યા છે એ જાણીને આશ્ચર્ય જ થાય.

એ ભાષામાં સૌથી પહેલો નંબર, ઇ. પૂ. ૨૦માં થએલા રોમન વિજય પહેલાં સ્વિસ લોકોમાં બોલાતી લૅટિન અને હૅરિયન ભાષાઓના સંયોગથી બનેલી રોમાન્શ ભાષાનો આવે. આજથી સિત્તેર વર્ષ પહેલાં 'બ્રિટિશ ઍન્ડ ફોરેઈન બાઈબલ સોસાયટી'એ બાઇબલનું એ ભાષામાં સંસ્કરણ બહાર પાડ્યું ત્યારથી તો એ પ્રવૃત્તિ ખૂબ જોરશોરથી ઉપડી છે, ને સ્વિસ સરકાર પણ એને દફતરી ભાષા તરીકે સ્વીકારવાનો વિચાર કરી રહી છે. ૧૯૩૦ના વસતિપત્રકમાં સ્વિટ્ઝર્લૅંડમાં ૨૯,૨૪,૦૦૦ જર્મનભાષીઓ, ૮,૩૧,૦૦૦ ફ્રેંચભાષીઓ, ને ૨,૪૨,૦૦૦ ઇટાલિયનભાષીઓ હતા, પણ હવે એ બધું તત્ત્વ ધીમેધીમે નાબૂદ થઇ જશે, કારણ સ્વિટ્ઝર્લૅંડની શાળાઓમાં રોમાન્શને સ્થાન મળી ચૂક્યું છે.

ફ્રાન્સ પણ પોતાની જૂની ભાષા દ' ઓક અથવા પ્રૉવેન્સલ (Langue D'Oc or Provencal) તરફ વળ્યું છે. રોમના પતન પછી વિદ્વદ્વર્ગમાં મોટે ભાગે ઉપભોગ્ય રહેલી એ ભાષાનો તેને સંપૂર્ણ પુનરુદ્ધાર કરવો છે.

એવી જ રીતે ગેલિક, વેલ્શ ને આયર્લંડની જૂની એર્સ ભાષાને પણ પુનર્જીવિત બનાવવાના પ્રયાસો તે તે પ્રદેશોમાં થઇ રહ્યા છે; ત્યારે આપણે?

બીનસિલ્ક

રેશમની બનાવટમાં એક નવી સિદ્ધિ હાથ લાગી છે અને તે સોયાબીનમાંથી રેશમના તાર કાઢવાની. એ બનાવટને 'બીનસિલ્ક'નું નામ આપવામાં આવ્યું છે. એના શોધક છે જાપાનીઝ વિજ્ઞાની મિ. ઇનોન, જેને હાલમાં જ એ શોધ માટે જાપાન ફિઝીકલ ઍન્ડ કેમિકલ રીસર્ચ સોસાયટી તર-

ફથી પુરસ્કાર આપવામાં આવ્યો છે. આ રેશમમાં સામાન્ય રેશમ કરતાં વિશેષ ગુણવત્તા રહેલી છે. સોયાબીનમાં પ્રોટીનનો જથો સારા પ્રમાણમાં હોઇ તેનું કપડું ગરમ અને નરમ બને છે જેથી સહેલાઇથી રંગી શકાય છે એટલું નહિ પણ ઊન સાથે ભેળવી પણ શકાય છે. જાપાનની શોવા ઇન્ડસ્ટ્રી કંપનીએ તો ચાલુ સાલમાં જ આ નવા રેશમનું ત્રીસ ટન ઉત્પાદન કરવાનું નક્કી કર્યું છે.

ધાતુરંગો

ધાતુઓને હવે પ્રવાહી રૂપમાં ફેરવી નાખી જુદા જુદા રંગોની પેઠે તેમને પણ જુદા જુદા પદાર્થો પર લગાડવાના અખતરા સફળ નીવડયા છે ને એ મુજબ હાલ સીસું, તાંબું, ઍલ્યુમિનિયમ, ક્રૉમિયમ, જસત, કલઈ, પિત્તળ અને કાંસાને તો પ્રવાહી સ્વરૂપે બન્દરમાં મૂકી પણ શકાયા છે. રેણ અને વેલ્ડીંગમાં આ પ્રવાહીઓ અસરકારક માલૂમ પડયાં છે. ઉદ્યોગોમાં પણ આ ધાતુરંગો (metal paints) મહત્ત્વનાં જણાયાં છે, કારણ હાઇડ્રોક્લૉરિક ઍસિડથી જે ધાતુઓ ખવાતી જતી તેમને માત્ર સીસાના રંગનું પાતળું થર લગાવતાં એ અસરથી નિર્લેપ બનાવી શકાઈ છે. અને એ જ સીસાના રંગનાં ત્રણ થર ચડાવવામાં આવે તો તો એક્સ કિરણોથી પણ અભેદ્ય બની જાય છે. આ ધાતુરંગો સ્પ્રેથી છાંટી પણ શકાય છે.

હિંદમાં ખ્રિસ્તી ધર્મ

ખ્રિસ્તી ધર્મે હિંદુસ્તાનમાં કેટલો પગપેસારો કર્યો છે તે આટલા પરથી જણાશેઃ હિંદુસ્તાનમાં તેની મિશનો તરફથી ૨૪૩ દવાખાનાં, ૧૯૭ હૉસ્પિટલો, ૮૮ મહારોગો માટેની સંસ્થાઓ, ૮૨ ક્ષયરોગ માટેની સંસ્થાઓ, ૧૫ અપંગોની સંસ્થાઓ ને ૧૧૦ અનાથાશ્રમો તેણે ખોલેલાં છે, એ ઉપરાંત શાળાઓ ને દેવળો તો અસંખ્ય. છેલ્લાં વીસ જ વર્ષમાં હિંદુઓ કરતાં ખ્રિસ્તીઓની વસતિ સેંકડે વીસ ટકા વધી છે ને મુસલમાનોની ૩ ટકા; જ્યારે ૧૮૮૨થી આજ સુધીમાં હિંદુઓની વસતિ સેંકડે સત્તર ટકા ઘટી છે!

વિકસતું વિજ્ઞાન

ચારના આંકડા પાછળ ત્રેવીશ મીંડાં લગાડો. એટલા ટન કોલસો આપણને સૂર્યની ગરમીની બરાબરી કરવા જોઇએ. એ પ્રચંડ ગરમી માણસે હાથ કરવા આદરેલા પ્રયાસો નવા નથી. મહાન ગ્રીક વિજ્ઞાની આર્કિમીડિસે આયનાઓ વડે સૂર્યનો પ્રકાશ પરાવર્તિત કરીને રોમન વહાણોને આગ લગાડી ત્યારના તે ચાલ્યા આવે છે. આજે અમેરિકન વિજ્ઞાનીઓ સવા લાખ પૌંડની એનાયત થએલી મૂડી એ જ પ્રયોગો પાછળ વાપરવા મંડયા છે. સૂર્યનાં ગરમી અને પ્રકાશનું તેમને શક્તિમાં રૂપાંતર કરવું છે. લગભગ પચાસ વરસ સુધી નિરંતરાય પ્રયોગો કરી શકે એટલાં નાણાં એમને મળેલાં છે.

આજ સુધી જે પ્રદેશમાં કશી વૈજ્ઞાનિક શોધખોળ નથી થઇ એ બ્રહ્મદેશના ઇશાન ભાગમાં એક સાહસસફર યોજવા માટે અમેરિકન મ્યુઝિયમ ઑવ નૅચરલ હિસ્ટરીને વૉશિંગ્ટનના સ્ટેટ ડીપાર્ટમેન્ટ મારફત બ્રહ્મદેશની સરકારે મંજૂરી આપી છે. એ સફરનો હેતુ દુર્મિલ પશુઓ, પક્ષીઓ, માછલાં ને છોડવાનો સંગ્રહ કરવાનો છે. આજે જવલ્લે મળતું તાકિન પ્રાણી અને એથી યે નૂજ અને માત્ર કર્નલ વેસ્ટ એ એક જ વ્યક્તિની નજરે આજથી પંદર વર્ષ પર ચડેલું ભસતું કાળીઆર (Black Barking Deer) મેળવવાનો ખાસ પ્રયાસ કરવામાં આવશે. ભસતા કાળીઆરનું તો ચામડું કે હાડપિંજર દુનિયાના કોઈ મ્યુઝિયમમાં નથી. આવતા શિયાળામાં આ સફર ખેડાશે. સફર દરમિયાન મળેલો પ્રાણીસંગ્રહ એકલા અમેરિકન મ્યુઝિયમ ઑવ નૅચરલ હિસ્ટરીને જ સોંપાશે, જ્યારે વનસ્પતિસંગ્રહને ન્યૂયૉર્કની બોટેનિકલ ગાર્ડન્સ અને લંડનની ક્યૂ ગાર્ડન પોતપોતામાં વહેંચી લેશે.

એમ? કેમ

આપણે મોટા કેમ થઇએ છીએ ?

જેમ જેમ આપણી વય વધતી જાય છે તેમ તેમ આપણી ઊંચાઇ પહોળાઇ ને વજન પણ વધતાં જાય છે. આ વૃદ્ધિની પ્રેરક આપણી ખોપરીને તળિયે રહેલી એક ગ્રન્થિ છે, જેને દાક્તરો 'પિટ્યૂીટરી ગ્લૅન્ડ'ના નામે ઓળખે છે. ચણીબોરના કદની ને એવા જ રંગની એ ગ્રન્થિનું વજન ભાગ્યે પાંચથી દસ ગ્રેન થાય છે, પણ આપણી વૃદ્ધિમાં સૌથી અગત્યનો ફાળો એનો જ હોય છે. એમાંથી 'હોર્મોન' નામનો એક ઉત્તેજક પ્રવાહી નીકળ્યા જ કરે છે, જે લોહીમાં મળી આપણા અંગોનો વિકાસ સાધે છે. પચેલા ખોરાકમાંથી શરીરને મળતું પોષણ અને સ્વયંજન્ય કોષાણુઓની શરીરમાં વૃદ્ધિ પણ એ વિકાસમાં ભાગ ભજવે છે, પણ એના પર 'પિટ્યૂીટરી' અને બીજી ગ્રન્થિઓની હકુમત તો રહેલી જ છે.

ઘણી વાર ઉમરના પ્રમાણમાં જોઇએ તે કરતાં વધુ વૃદ્ધિ પામેલા માણસો પણ જોવામાં આવે છે. એનું કારણ વધારે પડતો 'હોર્મોન' છે. એ જ રીતે એની અછત હોય તો માણસની વૃદ્ધિ અટકી તે ઠીંગુજી બને છે. આપણા મસ્તકની વૃદ્ધિનું નિયંત્રણ વળી બીજી જ ગ્રન્થિના હાથમાં રહેલું છે, જે 'પીનિયલ ગ્લૅન્ડ' કહેવાય છે. આંખોની પાછળ સહેજ ઊંચે આપણા મગજની અંદર આ ગ્રન્થિ આવેલી છે.

આપણે આ ગ્રન્થિઓની કાર્યપદ્ધતિ જાણી લઇ એમને બિલકુલ નિરામય રાખી શકીએ તો આપણી વૃદ્ધિમાં આપણે જાગ્રત ફાળો આપી શકીએ. જો કે એ ગ્રન્થિઓની વિકૃતિ વાળાઓ માટે તેમના શરીરમાં વાંદરા, હાથી કે બીજાં પ્રાણીઓની ગ્રન્થિઓ દાખલ કરવાના અખતરા થઇ જ રહ્યા છે.

સેન્ટ હેલીના ટાપુમાં કેદી નેપોલિયનને એકજણ લોદીના યુદ્ધનો અહેવાલ વાંચી સંભળાવતો હતો. તેમાં એક ઠેકાણે આવ્યું: 'નેપોલિયન સૌથી પહેલો પૂલ ઓળંગી ગયો હતો ને તેની પાછળ સરદાર લેની હતો.' વચ્ચે જ તેને અટકાવી નેપોલિયન બોલ્યો, 'ના; એ ભૂલ છે. લેની તો મારી આગળ હતો, ને હું એની પાછળ હતો.'

અનેકાર્થી શબ્દ: **ચંગ**=સ્વચ્છ; મજેદાર; તંદુરસ્ત; પુષ્કળ; મોંથી પકડીને વગાડવાનું એક વાજું મોરચંગ; વગાડવાની પિત્તળની તકતી, તાળ; પતંગનું પૂછડું; ગંજીફાની એક રમત.

કહેવતોના અર્થ: 'ગજા પ્રમાણે ગાતર કરવાં'—માણસે પહેલાં પોતાની ગુંજાશ વિચારીને પછી જ કોઈ કામ આદરવું, જેથી ખત્તા ન ખાવા પડે. 'સોડ પ્રમાણે સાથરો કરવો,' 'ઘર પ્રમાણે બારસાખ,' 'ઘંટી પ્રમાણે ઓરણું ને ચૂલા પ્રમાણે ખોરણું' વગેરે એને મળતી કહેવતો છે.

ગણિત ગમ્મત

કોઇપણ રકમ ધારો. તેને પાંચ વડે ગુણી, આવેલી રકમમાં ત્રણ ઉમેરી, જે આવે તેને બે વડે ગુણી, ફરી આવેલી રકમમાં પાછા ત્રણ ઉમેરીને છેલ્લો આંકડો એટલે કે નવડો કાઢી નાખશો એટલે તમારી ધારેલી રકમ આવશે. (ત્રણ ઉમેરતાં જે રકમ આવશે તેનો છેલ્લો આંકડો નવડો કાયમ આવશે જ.

—કાન્તિલાલ મનસુખલાલ જોશી

ઍલ્યુમીનિયમનાં વાસણ સાફ કરવામાં રાખ કે સોડા કદિ ન વાપરતા. સાબુના પાણીથી ધોઇ, લૂછીને અંદરબહાર તેલનો આછો હાથ મારી દેજો.

સોડાવૉટરમાં સોડા હોતો જ નથી; માત્ર કાર્બોનિક ઍસિડ ગૅસ હોય છે.

ઓછામાં ઓછા શબ્દોમાં વધુમાં વધુ વિચારવહન કરનારી ભાષા ફ્રેન્ચ છે.



આ જબરો કરોળિયો જીવજંતુઓથી જ સંતોષ નથી માનતો. એ તો પક્ષીઓને ઝડપે છે ને સ્વાહા કરી જાય છે.

રબ્બરના કઠણ થઇ ગએલા પદાર્થો એક ભાગ ઍમોનિયા અને બે ભાગ પાણીના મિશ્રણમાં થોડો વખત રાખવાથી પાછા નરમ બની જાય છે.

ઈસુ ખ્રિસ્તનો જન્મ ઈ. સ. ૧માં નહિ, પણ તેથી ચાર વર્ષ પહેલાં થએલો.

ઠંડા કરતાં ગરમ પાણી જલદી ઠરી જતું હોઇ બરફ તેમાંથી બનાવાય છે!

જ્વાળામુખી પર્વતો અમેરિકામાં ૮૦, એશિયામાં ૨૪ અને આફ્રિકામાં ૨૦ છે.

આપણો સૂરજ દર સેકંડે ચાલીસ લાખ ટનની ઝડપે ઠરતો જાય છે.

વીજળીના દર જેટલો દર ગણીએ તો આપણને મળતા સૂર્યપ્રકાશના રોજના ૫૭,૩૪૪ અબજ પૌંડ ચૂકવવા પડે!

જમીનના ને દરિયાના માઇલમાં ફેર હોય છે. જમીન પર માઈલ ૫૨૮૦ ફૂટનો ગણાય છે, જ્યારે દરિયા પર ૬૦૮૦.૨૦ ફૂટનો.

મિસરના મર્હુમ સુલતાન ફુઆદને મન 'ફ' અક્ષરથી શરૂ થતાં નામ નસીબદાર હોવાથી પોતાનાં બધાં સંતાનોનાં નામ એ અક્ષર પર જ એણે પાડ્યાં છે: હાલના સુલતાન ફારૂક, અને એમની ચાર બહેનો ફૌઝિયા, ફૈઝા, ફૈકા, ફાતિયા.

૧ રૂપિયાની કીમતના લોઢાના સળિયામાંથી સોયો બનાવવામાં આવે તો ૭૦ રૂપિયા ઊપજે; ચપ્પુનાં પાનાં બનાવાય તો રૂ. ૬૫૦૦ અને એ જ લોઢામાંથી ઘડિયાળની કમાનો બનાવાય તો રૂ. ૫૦૦૦૦ ઊપજે!!

એકલા હિંદમાં વનસ્પતિની બધી મળી ૧૫૦૦૦ ઉપરાંત જાતો થાય છે; જ્યારે આખા યુરોપખંડમાં માત્ર ૧૦૦૦.

એકથી દસ સુધીમાંથી મોટે ભાગે લોકો ૭ નો અંક જ પસંદ કરે છે.


ઇંગ્લંડ આજ સુધી સેંકડે ૮૨ લડાઇઓમાં વિજયી નીવડ્યું છે.

વૉટર્લૂનું યુદ્ધ વૉટર્લૂ નજીક નહોતું લડાયું. જર્મનમાં એને બેલી એલાયન્સનું યુદ્ધ કહે છે; ફ્રેન્ચો એને મૉં સે જથાંનું યુદ્ધ કહે છે.

માણસની ખોપરી પર ચામડી વધુમાં વધુ જાડી હોય છે.

કાગળ ચીનમાં ઈ. ૧૦૫માં શોધાયો.

ઉનાળા કરતાં શિયાળામાં પાણીમાં પ્રાણવાયુનું પ્રમાણ વિશેષ હોય છે.



ઉત્તરધ્રુવ પ્રદેશમાં સૂર્ય ઊંચે ન ચડતાં ક્ષિતિજ ઉપર જ ફર્યા કરે છે એમ આપણે વાંચ્યું છે. એ દૃશ્ય કેવું હશે તેનો ખ્યાલ આપતા આ ચિત્રમાં દર વીસ મિનિટને આંતરે ક્ષિતિજ ઉપર ફરતા જતા સૂર્યબિમ્બના ફોટોગ્રાફ પાડેલા છે.

અજવાળી રાત



જે કાવ્યમય આહ્લાદ માનવજીવનમાં અજવાળી રાત આપે છે એવો જ આહ્લાદ એ નામના નવા બહાર પડેલા આ પુસ્તકમાંની સચિત્ર વાર્તાઓ આપશે;—નાનાં-મોટાં, સ્ત્રીજન-ગ્રામજન સૌને. કુમારનું કદ; દોઢસો પાનાં ભરીને પંદર વાર્તાઓ; ઊંચા કાગળ; ઉત્તમ રૂપરંગ; બેરંગી પાકું પૂઠું; નવ બેરંગી ચિત્રો . . કિ. રૂ. ૨ · પો.૦ાા



સરકારની જપ્તીમાંથી મુક્ત થએલો

કુમારનો ૧૦૦ મો અંક

૧૬૦ પાનાં ભરીને સિદ્ધહસ્ત લેખકોના ચુનંદા અને ચિત્રોથી ભરચક લેખો, વાર્તાઓ, કાવ્યો, નાટકો, ટુચકાઓ; તેર પૂર્ણરંગી અને અનેક સાદાં ચિત્રો અને ફોટોગ્રાફીની સભર સામગ્રીભર્યો દળદાર અંક જેને માટેના અનેક નિખાલસ અભિપ્રાયોમાંનો એક એવો હતો કે

'આ અંક તો યુગનું એક પાદચિહ્ન બની રહેશે.'

કીમત બે રૂપિયા · પોસ્ટેજ રજિ. સાથે ૦-૪-૦ · જૂજ નકલો છે

એક અને અદ્વિતીય



અજંતાની કળા હિંદમાં—બલ્કે જગતભરમાં 'एकमेवाद्वितीयम्' છે. એવું જ 'એક અને અદ્વિતીય' છે એ કળા ઉપરનું આ પ્રકાશન. એ 'એક' જ છે, કેમકે ગુજરાતી ભાષામાં આજ લગીમાં એ પહેલું પ્રકાશન છે; એ 'અદ્વિતીય છે', કેમકે વિગતમાં, વિવેચનમાં, વિવિધતામાં, વિપુલતામાં હિંદનાં પ્રકાશનોમાંથી કોઇ એની તોલે આવતું નથી. શ્રી રવિશંકર રાવળ જેવાને હાથે લખાએલા પરિચય-લેખવાળું આ પુસ્તક, ૯ ત્રિરંગી ચિત્રો, ૧૬ પાનાં ભરીને અસંખ્ય આલેખનો તથા ફોટોગ્રાફો, અને લખાણને પણ પાને પાને અજંતાનાં શોભનોનાં રેખાંકનોથી ભરપૂર છે. દોઢ રૂપિયાની કિંમતમાં આટલી પ્રચૂર સામગ્રી આજ લગી કોઇ પણ પ્રકાશને આપી નથી.

એ જ મુજબની એ જ કિંમતમાં હિંદી આવૃત્તિ પણ છે

કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ